WORLD BHARUCHI VAHORA FEDERATION
WBVF

MISSION EVEREST
We Can Do it...!
WBVF

# કારકિર્દી માર્ગદર્શનઃ

## તમારી સફળતાનો પાયો

“ભવિષ્ય તેમનું છે, જે પોતાના સપનાઓની સુંદરતામાં વિશ્વાસ રાખે છે અને તેને પૂર્ણ કરવાની હિંમત રાખે છે.”




આજના ઝડપથી બદલાતા અને કઠોર સ્પર્ધાત્મક વિશ્વમાં, જે લોકો આત્મવિશ્વાસ અને અવિરત મહેનત સાથે નવા ક્ષેત્રોમાં આગળ વધે છે, તેઓ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરે છે. જ્યારે બીજી તરફ, પરંપરાગત ક્ષેત્રોમાં જ સીમિત રહેનારા લોકો વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અસંખ્ય રોમાંચક તકોમાંથી મોટો હિસ્સો ગુમાવી દે છે.

**નાસીરહુસેન અહમદ લોટીયા**

# કારકિર્દી માર્ગદર્શન :

## તમારી સફળતાનો પાયો

**નાસીરહુસેન લોટીયા**

**કારકિર્દી માર્ગદર્શન : તમારી સફળતાનો પાયો**
વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓ માટે વ્યવહારુ માર્ગદર્શિકા

**© 2026 નાસીરહુસેન લોટીયા અને વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન**

**પ્રથમ આવૃત્તિ :** ૨૦૨૬
**પૃષ્ઠ :** ૧૨૮

**કિંમત :** વિનામૂલ્ય

**લેખન અને સંપાદન :** નાસીરહુસેન લોટીયા

**પ્રકાશક :** વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન
WBVF મુખ્ય કાર્યાલય
આરજુ સોસાયટી, જંબુસર બાયપાસ બ્રિજ,
સર્વિસ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧
ફોન નં. : +૯૧ ૮૭૫૮૦ ૩૮૬૨૩

**ટાઈપસેટિંગ અને કવરપેજ ડિઝાઈન :** નાસીરહુસેન લોટીયા

**ડિઝાઈન એન્ડ ફોર્મેટીંગ :** નિલેશ મેકવાન, ૯૮૨૫૯ ૬૯૮૯૯

**મુદ્રક :** આણંદ પ્રેસ, ગામડી-આણંદ
મો. : ૯૪૨૮૦ ૭૬૫૬૯, ઈ-મેઈલ : anandpress@gmail.com

# સૂચિ


પ્રસ્તાવના .............................................. ૦૫

૧. કારકિર્દી : આયોજન, સ્વ-મૂલ્યાંકન અને વિકલ્પોની શોધ (વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓ માટે) ................ ૦૯

૨. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન ........................... ૧૮

૨.૧ કારકિર્દીની પસંદગી : તમારા ભવિષ્યનો માર્ગ .......... ૧૮

૨.૨ ધોરણ ૧૦ અને ૧૨ પછી શું?. ...................... ૨૦

૨.૩ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ........................ ૩૭

૨.૪ સ્પર્ધાત્મક પરીક્ષાઓ : અભ્યાસક્રમ અને તૈયારી (UPSC, GPSC, SSC, NEET, JEE, CUET, GCAS, TET/TAT) ................................ ૪૪

૨.૫ વિદેશમાં અભ્યાસ : આંતરરાષ્ટ્રીય તકો ................ ૯૩

૩. રોજગાર શોધનારાઓ માટે માર્ગદર્શન.......................... ૯૭

૩.૧ CV અને LinkedIn પ્રોફાઈલ : તમારી ઓળખ બનાવો ... ૯૭

૩.૨ નોકરીની શોધ : તકો શોધવાની રીત ................ ૧૦૦

૩.૩ ઈન્ટરવ્યૂની તૈયારી : સફળતાનો પાયો............... ૧૦૪

૪. સફળતા માટેના આવશ્યક જીવન કૌશલ્યો .................. ૧૦૯

૫. વ્યવહારિક જીવનની તૈયારી (Real-Life Readiness) : અભ્યાસથી કારકિર્દી સુધીનો બ્રિજ ......................... ૧૧૪

૬. ઉપસંહાર : તમારી સફળતાની શરૂઆત .................... ૧૨૨

૭. MyTankaria.com વેબસાઈટના કારકિર્દી માર્ગદર્શન પેજનો QR કોડ ... ૧૨૪

## WBVF કારકિર્દી માર્ગદર્શન વિભાગના વડાનો સંદેશ

અમારા વિદ્યાર્થી મિત્રો અને યુવા પેઢી માટે આ Career Guidance પુસ્તક રજૂ કરતાં મને ખૂબ આનંદ અને ગર્વની લાગણી થાય છે. આ પુસ્તક માત્ર માહિતીનો સંગ્રહ નથી, પરંતુ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ અને સફળ ભવિષ્ય તરફ સાચી દિશા આપવા માટેનો એક નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ છે.

આજના ઝડપથી બદલાતા સમયમાં યોગ્ય કારકિર્દીની પસંદગી કરવી ઘણા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ અને ગૂંચવણભરી બની જાય છે. આ પુસ્તક દ્વારા અમારો હેતુ દરેક વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન, સ્પષ્ટતા અને પ્રેરણા આપવાનો છે, જેથી તેઓ પોતાના સપનાઓને આત્મવિશ્વાસ સાથે પૂર્ણ કરી શકે. અમને વિશ્વાસ છે કે યોગ્ય સમયે મળેલું માર્ગદર્શન વિદ્યાર્થીઓના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે.

આ મૂલ્યવાન પુસ્તક તૈયાર કરવા માટે અમારા ટીમ સભ્ય નાસીરહુસેન લોટીયાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને મહેનત બદલ હું દિલથી અભિનંદન અને આભાર વ્યક્ત કરું છું. તેમનું સમર્પણ અને દ્રષ્ટિકોણ અનેક વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે.

WBVF ના Career Guidance Project Head તરીકે હું ગર્વ અનુભવું છું કે અમે વિદ્યાર્થીઓના ભવિષ્યને વધુ સારું બનાવવા માટે શિક્ષણ અને માર્ગદર્શનના ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યા છીએ. મારી હાર્દિક શુભેચ્છા છે કે આ પુસ્તક દરેક વિદ્યાર્થી માટે સફળ કારકિર્દી તરફનું માર્ગદર્શન પૂરું પાડનાર એક વિશ્વસનીય સાથી બનશે. આ નાનું પગલું અનેક વિદ્યાર્થીઓના જીવનમાં સફળતાની નવી શરૂઆત સાબિત થાય તેવી શુભેચ્છાઓ.

શુભેચ્છાઓ સહ,

**ડૉ. મુહમ્મદ જલેબીયા**
Project Head - Career Guidance

# પ્રસ્તાવના

જીવન એ એક રોમાંચક સફર છે, જેમાં દરેક પગલું નવી તકો અને શક્યતાઓના દ્વાર ખોલે છે. આ સફરનું એક મોટું રહસ્ય એ છે કે તે ક્યારેય એકસરખી નથી રહેતી; ક્યારેક તે શાંત નદીની જેમ વહે છે, જે આરામ અને આત્મનિરીક્ષણની ક્ષણો આપે છે, તો ક્યારેક ઉબડખાબડ પહાડી રસ્તાઓની જેમ પડકારો લાવે છે, જે આપણને હિંમત અને સ્થિરતા શીખવે છે. આ રહસ્યોની સુંદરતા એ છે કે તે આપણને દરેક અનુભવમાંથી નિતનવું શીખવા પ્રેરે છે.

જીવનની સફરમાં, કારકિર્દીની પસંદગી એ એક નિર્ણાયક વળાંક છે, જે તમારા ભવિષ્યને નવો આકાર આપે છે. તમારા સ્વપ્નોને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા માટે, યોગ્ય માર્ગદર્શન અને અથાગ મહેનત અનિવાર્ય છે. દરેક નિર્ણય અને પ્રયાસ તમને તમારી જાતને ઊંડાણથી સમજવામાં અને જીવનમાં ઉજ્જવળ સફળતા હાંસલ કરવામાં મદદ કરે છે.

**'કારકિર્દી માર્ગદર્શન : તમારી સફળતાનો પાયો'** પુસ્તક તમારી અંદર છુપાયેલી ક્ષમતાઓને ઉજાગર કરવામાં અને તમારી રુચિઓ તથા મહત્વાકાંક્ષાઓને અનુરૂપ સાચી દિશા શોધવામાં તમારું સાથી બને એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક તમને તમારા શૈક્ષણિક અને વ્યાવસાયિક લક્ષ્યોને હાંસલ કરવા માટે સશક્ત બનાવે છે. તેમાં વિવિધ કારકિર્દી વિકલ્પો, ઉજ્જવળ તકો અને પ્રેરણાદાયી સફળતાની વાર્તાઓનો સમાવેશ છે, જે તમારા હૃદયમાં નવો જોશ ભરી દેશે. આ પુસ્તકના માધ્યમથી, તમે તમારી શક્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે વ્યૂહાત્મક પગલાં અને અસરકારક રણનીતિઓ શીખી શકશો, જેથી તમારા સપનાઓને નવી ઉડાન મળે અને તમે તમારી સફળતાની નવી ક્ષિતિજો સર કરી શકો!

આજના ઝડપથી બદલાતા વિશ્વમાં, સમયની સાથે કદમ મિલાવવા એ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ એક આવશ્યકતા છે. જે વ્યક્તિ કે સમાજ સમયની માંગ મુજબ પોતાની જાતમાં અને વિચારસરણીમાં ફેરફાર લાવતા નથી, તેઓ અનિવાર્યપણે પાછળ રહી જાય છે. સમય એક નદીની જેમ વહે છે, જે ક્યારેય રોકાતો નથી. દરેક યુગ, દરેક ક્ષણ નવી તકો અને પડકારો લઈને આવે છે. ટેકનોલોજી, સમાજ, અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિ સતત બદલાતા રહે છે. ઉદાહરણ તરીકે, ડિજિટલ

યુગના આગમનથી લોકોની જીવનશૈલી, કામ કરવાની રીત અને વિચારસરણીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જે લોકો આ બદલાવને સ્વીકારે છે, નવી કુશળતા શીખે છે અને પોતાની જાતને અનુકૂળ બનાવે છે, તેઓ આગળ વધે છે. જે લોકો નવું શીખવાનું ટાળે છે, તેમની કારકિર્દી અને વ્યક્તિગત વિકાસ મર્યાદિત થઈ જાય છે. આવા લોકો ઘણીવાર પોતાને અસંગત અને એકલા અનુભવે છે, કારણ કે તેમની આસપાસનું વિશ્વ ઝડપથી આગળ વધી રહ્યું હોય છે. સમયની સાથે કદમ મિલાવવા માટે ખુલ્લા મનની જરૂર છે. નવી કુશળતા શીખવી, નવા વિચારોને સ્વીકારવા અને જૂની માન્યતાઓને પડકારવી જરૂરી છે. આ ઉપરાંત, સતત શીખવાની અને અનુકૂલનની ભાવના રાખવી મહત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિ જે ડિજિટલ માર્કેટિંગ શીખે છે, તે આજના બજારમાં વધુ સફળ થઈ શકે છે, જ્યારે જે ફક્ત જૂની પ્રિન્ટ મીડિયા પદ્ધતિઓ પર જ અડગ રહે છે, તે પાછળ રહી જાય છે. સમયની સાથે બદલાવું એટલે પોતાની જાતને અને વિશ્વને નવી રીતે જોવાની તક મેળવવી. જે લોકો આ બદલાવને સ્વીકારે છે, તેઓ નવી ઊંચાઈઓ સ્પર્શે છે, જ્યારે જેઓ તેનો અસ્વીકાર કરે છે, તેઓ ઇતિહાસના પાનામાં ખોવાઈ જાય છે. જ્યારે નવયુવાનો નોકરી મળતી નથી એવી રજૂઆત કરે છે ત્યારે તેમની સાથેની વાતચીત દરમિયાન એવું લાગે છે કે આપણે આપણી જાતનું ઘણું નીચું મૂલ્યાંકન કરી આજે પણ જૂના જમાનાની પદ્ધતિઓને અનુસરી રહ્યા છીએ. આજના ઝડપથી બદલાતા સ્પર્ધાત્મક વિશ્વમાં, જેઓ આત્મવિશ્વાસ અને સખત મહેનત સાથે નવા ક્ષેત્રોમાં હિંમતભેર પ્રવેશ કરવાને બદલે, એક સમયે લોકપ્રિય હતા તેવા મર્યાદિત ક્ષેત્રો સુધી પોતાની જાતને મર્યાદિત રાખે છે, તેઓ વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ વિશાળ અને આકર્ષક તકોમાંની અનેક તકો જાતે જ ગુમાવી દે છે. વિદ્યાર્થીઓ અને નોકરી શોધનારા વ્યાવસાયિકો માટે સફળતા હાંસલ કરવા માટે ઉચ્ચ નૈતિકતા અને આત્મવિશ્વાસ (high moral and confidence) સાથે સુનિયોજિત આયોજન, સ્વ-મૂલ્યાંકન અને વિકલ્પોની શોધ માટેની આધુનિક પદ્ધતિઓને અપનાવવી અનિવાર્ય આવશ્યકતા છે. "વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન" એ તમારી શૈક્ષણિક યાત્રાને વધારે મજબૂત બનાવવા માટે સ્પષ્ટ માર્ગદર્શન આપશે. "રોજગાર શોધનારાઓ માટે માર્ગદર્શન" તમને આજના સ્પર્ધાત્મક અને ઝડપથી બદલાતા વિશ્વમાં આગળ વધવા માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરશે.

૨૦૦૭થી Tankaria wetpaint અને ૨૦૧૫થી My Tankaria વેબસાઈટના **"કારકિર્દી માર્ગદર્શન"** વિભાગમાં એક નમ્ર પ્રયાસ રૂપે વિવિધ વિષયો પર લેખમાળા શરૂ કરવામાં આવી હતી જે આજપર્યંત ચાલુ છે. સમયાંતરે વિદ્યાર્થીઓ, યુવાનો અને કારકિર્દી ઘડવા ઇચ્છુક વાચકોને માર્ગદર્શનરૂપ બનેલા આ લેખોને હવે જરૂરી સુધારા, વિસ્તરણ અને વ્યવસ્થિત સંપાદન સાથે આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા છે.

૨૦૦૭થી સતત ચાલતી કારકિર્દી માર્ગદર્શનની શ્રેણીને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવા સંપૂર્ણ નાણાકીય સહાય કરી સમાજને એક મૂલ્યવાન ભેટ અર્પણ કરવા બદલ World Bharuchi Vahora Federation (WBVF) દ્વારા કરવામાં આવેલી આ સેવા ખરેખર અભિનંદનને પાત્ર અને અત્યંત સરાહનીય છે. સમાજના યુવાનોના ભવિષ્ય નિર્માણ માટે સંસ્થાએ દાખવેલી આ દુરંદેશી અને સેવાભાવી ભાવનાની હું હૃદયપૂર્વક પ્રશંસા કરું છું તથા સમગ્ર WBVF ટીમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરી સંસ્થાની સતત પ્રગતિ અને ઉત્તમ સેવાકાર્યો માટે શુભેચ્છાઓ પાઠવું છું.

"બોલે તેના બોર વેચાય, શરમાય તેના બોર કરમાય" —જીવનમાં આત્મવિશ્વાસ, સંવાદકૌશલ્ય અને યોગ્ય રજૂઆતના મહત્વને ઉજાગર કરતો આ પ્રેરણાદાયી સંદેશ આ પુસ્તકનો આત્મા છે. આ પુસ્તક માત્ર માહિતીનો સંગ્રહ બની રહે તેવો તેનો હેતુ નથી, પરંતુ વિદ્યાર્થીઓ, યુવાનો તથા કારકિર્દીની નવી તકો શોધી રહેલા વ્યવસાયિકો માટે પ્રેરણા, માર્ગદર્શન અને આત્મવિશ્વાસનો જીવંત સ્રોત બને તેવો તેનો ઉદ્દેશ છે.

સરળ અને સહજ ભાષામાં પ્રસ્તુત સચોટ માહિતી, સમયાનુકૂળ માર્ગદર્શન તથા વ્યવહારુ અભિગમ દ્વારા આ પુસ્તક વાચકોને પોતાની ક્ષમતાઓ ઓળખવામાં, યોગ્ય દિશા પસંદ કરવામાં અને સફળ કારકિર્દી ઘડવામાં માર્ગદર્શક સાથી તરીકે ઉપયોગી સાબિત થશે એવી મને પૂર્ણ આશા અને અડગ વિશ્વાસ છે.

**નાસીરહુસેન લોટીયા**
ટંકારીઆ, તા. જિ. ભરૂચ

**આ પુસ્તકમાં આપેલ લિંક / QR Code નો જરૂરિયાત મુજબ ઉપયોગ કરો.**

Android અને iphone માટે QR Code Scanner એપ્સની વિશ્વસનીય ડાઉનલોડ લિંક્સ નીચે આપેલ છે:

**Android (Google Play Store)**

https://play.google.com/store/apps/details?id=com.gamma.scan&utm

**iPhone / iPad (Apple App Store)**

https://apps.apple.com/us/app/qr-code-reader/id1200318119

# ૧

## કારકિર્દી : આયોજન, સ્વ-મૂલ્યાંકન અને વિકલ્પોની શોધ

(વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓ માટે)

### આયોજન :

આયોજન શા માટે જરૂરી છે?

કારકિર્દીનું આયોજન એ વ્યક્તિના વ્યાવસાયિક જીવનનો પાયો છે, જે તેના ભવિષ્યને આકાર આપવામાં મદદ કરે છે. આજના ઝડપથી બદલાતા સ્પર્ધાત્મક વિશ્વમાં કારકિર્દીનું આયોજન વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓ બંને માટે અત્યંત જરૂરી છે. તેના મુખ્ય કારણો નીચે મુજબ છે :

પ્રથમ, કારકિર્દીનું આયોજન વ્યક્તિને તેની રુચિ, કૌશલ્યો અને મૂલ્યોની ઓળખ કરવામાં મદદ કરે છે. આનાથી વ્યક્તિ એવી કારકિર્દી પસંદ કરી શકે છે જે તેના માટે આનંદદાયક અને સંતોષકારક હોય. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિને ટેકનોલોજીમાં રુચિ હોય, તો તે આઈટી ક્ષેત્રે જઈ શકે, જ્યારે કલાત્મક વલણ ધરાવતી વ્યક્તિ ડિઝાઈન અથવા સર્જનાત્મક ક્ષેત્રો પસંદ કરી શકે.

બીજું, કારકિર્દીનું આયોજન લાંબા ગાળાના લક્ષ્યો નક્કી કરવામાં મદદ કરે છે. તેનાથી વ્યક્તિને તેના શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને અનુભવની દિશામાં સ્પષ્ટ માર્ગદર્શિકા મળે છે. ગુજરાત જેવા રાજ્યમાં ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ અને આઈટી જેવા ક્ષેત્રોમાં તકો ઉપલબ્ધ છે. આયોજન વગર યોગ્ય તકો શોધવી મુશ્કેલ બની શકે છે.

ત્રીજું, આયોજન સ્પર્ધાત્મક બજારમાં આગળ રહેવાની તક આપે છે. આજે નોકરીના બજારમાં ટેકનોલોજી અને ટ્રેન્ડ્સ ઝડપથી બદલાય છે. કારકિર્દીનું આયોજન વ્યક્તિને નવા કૌશલ્યો શીખવા અને અપડેટ રહેવા માટે પ્રોત્સાહિત કરે છે, જેમ કે ડેટા સાયન્સ કે ડિજિટલ માર્કેટિંગ જેવા ઉભરતા ક્ષેત્રોમાં તૈયારી.

ચોથું, આયોજન આર્થિક સ્થિરતા અને માનસિક સંતોષ પ્રદાન કરે છે. ગુજરાતમાં ઘણા યુવાનો સરકારી નોકરીઓ (GPSC, UPSC) કે ખાનગી ક્ષેત્રોમાં સફળતા

મેળવવા ઈચ્છે છે. આયોજનબદ્ધ અભિગમથી સમય, પૈસા અને શક્તિનો બગાડ ટળે છે અને સફળતાની શક્યતાઓ વધે છે.

છેલ્લે, કારકિર્દીનું આયોજન વ્યક્તિને પોતાના જીવનના ધ્યેયો સાથે કારકિર્દીને સંરેખિત કરવામાં મદદ કરે છે. આનાથી માત્ર વ્યાવસાયિક સફળતા જ નહીં, પરંતુ વ્યક્તિગત સંતોષ અને વર્ક-લાઈફ બેલેન્સ પણ પ્રાપ્ત થાય છે.

આમ, કારકિર્દીનું આયોજન એ એક રણનીતિ છે જે વ્યક્તિને તેની ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવા, પડકારોનો સામનો કરવા અને નોકરીના બજારમાં સફળતા મેળવવા માટે માર્ગદર્શન આપે છે. ગુજરાતના યુવાનો માટે, જ્યાં સ્થાનિક અને વૈશ્વિક તકોનો સમન્વય છે, આયોજન એ સફળતાની ચાવી છે.

## સ્વ-મૂલ્યાંકન :

સ્વ-મૂલ્યાંકન એ કારકિર્દી આયોજનનું પાયાનું પગલું છે, જે વ્યક્તિને પોતાની રુચિ, કૌશલ્યો, મૂલ્યો અને શક્તિઓની ઊંડી સમજ આપે છે. આ પ્રક્રિયા વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓ બંનેને એવી કારકિર્દી પસંદ કરવામાં મદદ કરે છે, જે તેમના વ્યક્તિત્વ, ધ્યેયો અને આકાંક્ષાઓ સાથે સંરેખિત હોય. ગુજરાતના સંદર્ભમાં, જ્યાં ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ, આઈટી અને સરકારી નોકરીઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં તકો ઉપલબ્ધ છે, સ્વ-મૂલ્યાંકન વધુ મહત્વનું બની જાય છે. નીચે સ્વ-મૂલ્યાંકનના મુખ્ય પાસાઓ અને પ્રક્રિયા વિષે માહિતી આપવામાં આવી છે :

### સ્વ-મૂલ્યાંકન શા માટે જરૂરી છે?

સ્વ-મૂલ્યાંકન વ્યક્તિને પોતાની અંદરની શક્તિઓ, નબળાઈઓ, જુસ્સો અને રુચિઓ ઓળખવામાં મદદ કરે છે. તેના કારણે એવી કારકિર્દી પસંદ કરી શકાય છે, જેમાં વ્યક્તિને સફળતા, સંતોષ અને આનંદ પણ મળે. ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થીને લોકો સાથે વાતચીત કરવી ગમતી હોય, તો તે માર્કેટિંગ, શિક્ષણ કે પબ્લિક રિલેશન્સ જેવા ક્ષેત્રો તરફ આકર્ષાઈ શકે. ગુજરાતમાં, જ્યાં સ્થાનિક ઉદ્યોગો અને ઉભરતાં ક્ષેત્રો જેવા કે આઈટી અને ડેટા સાયન્સમાં તકો વધી રહી છે, સ્વ-મૂલ્યાંકન યોગ્ય દિશા નક્કી કરવામાં મદદરૂપ થાય છે.

## સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા :

સ્વ-મૂલ્યાંકન કરવા માટે નીચેના પગલાં અનુસરી શકાય :

### (ક) રુચિઓની ઓળખ :

**પોતાને પ્રશ્નો પૂછો :** "મને કયું કામ કરવામાં આનંદ થાય છે?", "હું મારો ફ્રી ટાઈમ કેવી રીતે વિતાવું છું?", "કયા વિષયો કે પ્રવૃત્તિઓ મને ઉત્સાહિત કરે છે?"

**ઉદાહરણ :** જો તમને ટેકનોલોજી અને ગેજેટ્સ ગમે, તો સોફ્ટવેર ડેવલપમેન્ટ, આઈટી અને ડેટા એનાલિસિસ જેવા ક્ષેત્રો યોગ્ય હોઈ શકે. ગુજરાતમાં આઈટી હબ્સ જેવા કે GIFT સિટીમાં આવા ક્ષેત્રોમાં તકો ઉપલબ્ધ છે.

### (ખ) કૌશલ્યોનું મૂલ્યાંકન :

તમારા ટેકનિકલ કૌશલ્યો (જેમ કે, પ્રોગ્રામિંગ, ડિઝાઇન, ડેટા એનાલિસિસ) અને સોફ્ટ સ્કિલ્સ (જેમ કે, સંચાર, નેતૃત્વ, ટીમવર્ક)ની યાદી બનાવો.

ગુજરાતના બજારમાં માંગ હોય તેવા કૌશલ્યો પર ધ્યાન આપો, જેમ કે ટેક્સટાઇલ ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ રિસર્ચ કે ડિજિટલ માર્કેટિંગ.

**ઉદાહરણ :** જો તમે લેખનમાં નિપુણ છો, તો કન્ટેન્ટ રાઇટિંગ કે ડિજિટલ માર્કેટિંગ તમારા માટે યોગ્ય હોઈ શકે.

### (ગ) મૂલ્યો અને ધ્યેયો :

તમારા માટે શું મહત્વનું છે? નાણાકીય સ્થિરતા, સામાજિક અસર, કામની સ્વતંત્રતા કે વર્ક-લાઇફ બેલેન્સ?

**ઉદાહરણ :** જો તમે સમાજસેવા માટે પ્રેરિત છો, તો ગુજરાતમાં NGO, શિક્ષણ કે સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ કરવું યોગ્ય રહેશે.

### (ઘ) SWOT એનાલિસિસ :

**Strengths (શક્તિઓ) :** તમારી મજબૂતી શું છે? (દા.ત., ગણિતમાં નિપુણતા, સર્જનાત્મક વિચારસરણી).

**Weaknesses (નબળાઈઓ) :** કયા ક્ષેત્રોમાં સુધારાની જરૂર છે? (દા.ત., અંગ્રેજી, ટેકનિકલ જ્ઞાન).

**Opportunities (તકો) :** ગુજરાતમાં ઉપલબ્ધ તકો, જેમ કે GIDCમાં નાના ઉદ્યોગો, આઈટી પાર્ક્સ, કે સરકારી નોકરીઓ.

**Threats (જોખમો) :** સ્પર્ધા, ટેકનોલોજીના ઝડપી ફેરફારો, કે આર્થિક અનિશ્ચિતતા.

આ વિશ્લેષણ વ્યક્તિને સ્પષ્ટ દિશા આપે છે અને ગુજરાતના સ્થાનિક ઉદ્યોગો સાથે તેની ક્ષમતાઓને જોડવામાં મદદ કરે છે.

**સ્વ-મૂલ્યાંકનના સાધનો**

**(ક) વ્યક્તિત્વ અને કારકિર્દી પરીક્ષણો :**

ઓનલાઈન ટૂલ્સ જેવા કે Myers-Briggs Type Indicator (https://innerpersona.com/test/) અને Holland Code (https://insightfultraits.com/app/assessment/) વ્યક્તિત્વની ઓળખ કરવામાં મદદ કરે છે.

ગુજરાતી વિદ્યાર્થીઓ માટે, ભારતીય પ્લેટફોર્મ જેમ કે Swayam કે Mindler પર ઉપલબ્ધ ટેસ્ટ ઉપયોગી થઈ શકે.

**(ખ) મેન્ટર્સ અને સલાહકારો :**

શિક્ષકો, કારકિર્દી સલાહકારો કે પરિવારના અનુભવી સભ્યો સાથે વાત કરો. ગુજરાતમાં, સ્થાનિક કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રો (જેમ કે, ગુજરાત યુનિવર્સિટીના કાઉન્સેલિંગ સેન્ટર) મદદરૂપ થઈ શકે.

**(ગ) ઇન્ટર્નશિપ અને વોલન્ટિયરિંગ :**

વિવિધ ક્ષેત્રોમાં નાના અનુભવો લઈને તમારી રુચિ અને ક્ષમતાઓનું મૂલ્યાંકન કરો. **ઉદાહરણ :** ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ઇન્ટર્નશિપ લઈને તે ક્ષેત્રની યોગ્યતા તપાસી શકાય.

## ગુજરાતના સંદર્ભમાં સ્વ-મૂલ્યાંકન

ગુજરાતમાં ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ, આઈટી અને ઉદ્યમશીલતા જેવા ક્ષેત્રોમાં તકો વધુ છે. સ્વ-મૂલ્યાંકનથી તમે આ ક્ષેત્રોમાં તમારી યોગ્યતા ઓળખી શકો.

**ઉદાહરણ :** જો તમે સર્જનાત્મક છો, તો ગુજરાતના ડિજિટલ માર્કેટિંગ કે ગ્રાફિક ડિઝાઈન ક્ષેત્રે તકો શોધી શકો. જો તમે ગણિતમાં નિપુણ છો, તો ડેટા સાયન્સ કે એન્જિનિયરિંગ યોગ્ય હોઈ શકે.

સ્થાનિક સંસાધનો જેવા કે GIDC, MSME યોજનાઓ કે ગુજરાત સરકારની સ્કિલ ડેવલપમેન્ટ યોજનાઓનો લાભ લઈને તમારી ક્ષમતાઓને નિખારી શકાય.

## સ્વ-મૂલ્યાંકનના લાભો

**સ્પષ્ટ દિશા :** સ્વ-મૂલ્યાંકનથી તમે યોગ્ય શિક્ષણ અને કૌશલ્ય વિકાસની દિશામાં આગળ વધી શકો.

**આત્મવિશ્વાસ :** પોતાની શક્તિઓની ઓળખથી આત્મવિશ્વાસ વધે છે, જે ઇન્ટરવ્યૂ અને નોકરીની તૈયારીમાં મદદ કરે.

**સમય અને સંસાધનોની બચત :** ખોટા ક્ષેત્રમાં સમય અને પૈસા બગાડવાનું ટળે.

**સંતોષ :** તમારી રુચિ અને ક્ષમતાઓને અનુરૂપ કારકિર્દીથી વ્યાવસાયિક અને વ્યક્તિગત સંતોષ મળે.

**ટિપ્સ :** નિયમિતપણે સ્વ-મૂલ્યાંકન કરો, કારણ કે રુચિઓ અને કૌશલ્યો સમય સાથે બદલાઈ શકે.

ગુજરાતમાં ઉપલબ્ધ સ્થાનિક કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રો અને ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરો.

નાના પ્રોજેક્ટ્સ કે ઈન્ટર્નશિપ દ્વારા વિવિધ ક્ષેત્રોનો અનુભવ લો.

## વિકલ્પોની શોધ :

કારકિર્દી વિકલ્પોની શોધ એ કારકિર્દી આયોજનનું એક મહત્વપૂર્ણ પગલું છે, જે વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓને તેમની રુચિ, કૌશલ્યો અને બજારની માંગને અનુરૂપ યોગ્ય ક્ષેત્ર પસંદ કરવામાં મદદ કરે છે. આજના ઝડપથી બદલાતા વિશ્વમાં, ખાસ કરીને ગુજરાત જેવા ઔદ્યોગિક અને આર્થિક રીતે વિકસતા રાજ્યમાં, વિવિધ ક્ષેત્રોમાં તકોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. નીચે કારકિર્દી વિકલ્પોની શોધની પ્રક્રિયા અને કેટલાક મુખ્ય ક્ષેત્રોની માહિતી આપવામાં આવી છે.

### કારકિર્દી વિકલ્પોની શોધની જરૂરિયાત :

કારકિર્દી વિકલ્પોની શોધથી વ્યક્તિને ઉપલબ્ધ તકો, જરૂરી શિક્ષણ, કૌશલ્યો અને બજારની માંગની સમજ મળે છે. આ પ્રક્રિયા વ્યક્તિને સ્વ-મૂલ્યાંકનના આધારે યોગ્ય દિશા પસંદ કરવામાં મદદ કરે છે. ગુજરાતમાં, જ્યાં પરંપરાગત ઉદ્યોગો (જેમ કે ટેક્સટાઇલ) અને આધુનિક ક્ષેત્રો (જેમ કે આઈટી)નો સમન્વય છે, આ શોધ વધુ મહત્વની બની જાય છે. યોગ્ય માહિતી વિના, વ્યક્તિ ખોટા ક્ષેત્રમાં પ્રવેશી શકે છે, જે સમય અને સંસાધનોનો બગાડ કરી શકે છે.

### કારકિર્દી વિકલ્પોની શોધની પ્રક્રિયા :

### (ક) બજારનું સંશોધન :

વિવિધ ક્ષેત્રોની માંગ, રોજગારની તકો અને વેતનનું સ્તર સમજો. ગુજરાતમાં https://giftgujarat.in/ GIFT સિટી, ટેક્સટાઇલ હબ (સુરત, અમદાવાદ), અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ (વડોદરા, અંકલેશ્વર) જેવા ક્ષેત્રોની માહિતી એકઠી કરો.

ઓનલાઈન પ્લેટફોર્મ જેમ કે LinkedIn, Naukri અને Indeed પર તેમજ સરકારી નોકરીની જાહેરાતોનું અવલોકન કરો.

### (ખ) વ્યાવસાયિકો સાથે વાતચીત :

સરકારી અધિકારીઓ/કર્મચારીઓ, ઉદ્યોગના નિષ્ણાતો, મેન્ટર્સ કે સ્થાનિક વ્યાવસાયિકો સાથે ચર્ચા કરો.

ગુજરાતમાં ટેક્સટાઈલ ચેમ્બર્સ કે CII (Confederation of Indian Industry) https://www.cii.in/ જેવી સંસ્થાઓના ઈવેન્ટ્સમાં ભાગ લો.

**(ગ) ઇન્ટર્નશિપ અને વોલન્ટિયરિંગ :**

ઈન્ટર્નશિપ અને વોલન્ટિયરિંગ એ કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં આપણને વિવિધ ક્ષેત્રોની વાસ્તવિકતા અનુભવવાની અને તેમાંથી પોતાની યોગ્યતા તપાસવાની અનોખી તક આપે છે, જેમ કે ગુજરાતના MSME અને GIDC યોજનાઓ હેઠળ નાના ઉદ્યોગોમાં કામ કરીને ઉદ્યોગિક વાતાવરણની સમજ મેળવી શકાય. આ અનુભવો ન માત્ર તકનીકી કુશળતા વિકસાવે છે, પરંતુ ટીમ વર્ક, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને ક્ષેત્રીય પડકારોને સમજવામાં પણ મદદ કરે છે, જે આખરે આપણને વધુ સચોટ કારકિર્દી પસંદગી કરવામાં માર્ગદર્શન આપે છે. આવી નાની શરૂઆતથી જ આપણે પોતાના જુસ્સાને ચકાસી શકીએ છીએ અને ભવિષ્યના મોટા સ્વપ્નોને મજબૂત આધાર આપી શકીએ છીએ.

**(ઘ) ઓનલાઈન સંસાધનો :**

Swayam, Coursera, કે Mindler જેવા પ્લેટફોર્મ પર કારકિર્દી માર્ગદર્શન કોર્સ લો. ગુજરાત સરકારની સ્કિલ ડેવલપમેન્ટ યોજનાઓની માહિતી મેળવો.

**મુખ્ય કારકિર્દી વિકલ્પો**

**(ક) સરકારી નોકરીઓ :**

**UPSC અને GPSC :**

વર્ગ ૧ અને ૨ની નોકરીઓ જેમ કે કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, ડીવાયએસપી, વહીવટી અધિકારી વગેરે.

UPSC અને GPSCની પરીક્ષા વહીવટી અધિકારીઓ માટે પ્રવેશદ્વાર છે.

**સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) :**

SSC, CGL, CHSL, અને MTS જેવી પરીક્ષાઓ દ્વારા આવકવેરા વિભાગ, રેલવે અને અન્ય કેન્દ્રીય સરકારી નોકરીઓ.

**શિક્ષણ અને પોલીસખાતું :**

ગુજરાતમાં TET, TAT અને પોલીસ ભરતી પરીક્ષાઓ શિક્ષકો અને પોલીસ કોન્સ્ટેબલ/સબ-ઇન્સ્પેક્ટરની નોકરીઓ માટે યોગ્ય છે.

**અન્ય :**

રેલવે, પોસ્ટ ઓફિસ અને ગુજરાતના ગ્રામ પંચાયત/નગરપાલિકા સ્તરે નોકરીઓ.

**(ખ) પરંપરાગત ક્ષેત્રો :**

**ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ :** સુરત ભારતનું ટેક્સટાઈલ હબ છે, જ્યાં ડિઝાઈન, પ્રોડક્શન અને એક્સપોર્ટમાં તકો છે.

**ફાર્માસ્યુટિકલ :** વડોદરા અને અંકલેશ્વરમાં ફાર્મા ઉદ્યોગમાં રિસર્ચ, પ્રોડક્શન અને માર્કેટિંગની તકો.

**ખેતી અને એગ્રો-ઈન્ડસ્ટ્રી :** ગુજરાતના ખેતી આધારિત ઉદ્યોગોમાં એગ્રી-બિઝનેસ, ફૂડ પ્રોસેસિંગ અને એક્સપોર્ટની તકો.

**(ગ) આધુનિક ક્ષેત્રો :**

**આઈટી અને ટેકનોલોજી :** GIFT સિટી અને અમદાવાદમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડેટા સાયન્સ અને સાયબર સિક્યુરિટીમાં તકો.

**ડિજિટલ માર્કેટિંગ :** ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ સાથે, SEO, કન્ટેન્ટ રાઈટિંગ અને ડિજિટલ એડવર્ટાઈઝિંગમાં તકો.

**રિન્યુએબલ એનર્જી :** ગુજરાતના સોલાર અને વિન્ડ એનર્જી પ્રોજેક્ટ્સમાં એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની તકો.

**(ઘ) ઉદ્યમશીલતા :**

https://msme.gov.in/ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને MSME યોજનાઓ અંગે માહિતી મેળવો. **ઉદાહરણ :** સુરતમાં ટેક્સટાઈલ-આધારિત સ્ટાર્ટઅપ કે અમદાવાદમાં ટેક સ્ટાર્ટઅપ.

## કારકિર્દી વિકલ્પોની શોધના ફાયદા

**યોગ્ય પસંદગી :** તમારી રુચિ અને કૌશલ્યો સાથે મેળ ખાતું ક્ષેત્ર પસંદ કરવામાં મદદ મળે.

**બજારની સમજ :** ગુજરાત અને ભારતમાં ઉભરતા ક્ષેત્રો (જેમ કે AI, રિન્યુએબલ એનર્જી)ની માહિતી મળે.

**આત્મવિશ્વાસ :** વિવિધ વિકલ્પોની જાણકારીથી નિર્ણય લેવાની ક્ષમતા વધે.

**સંસાધનોનો ઉપયોગ :** શિક્ષણ અને કૌશલ્ય વિકાસની દિશામાં યોગ્ય પગલાં લઈ શકાય.

## ટિપ્સ

**સ્થાનિક તકો :** સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમાં ઉદ્યોગોની માહિતી એકઠી કરો.

**ઈવેન્ટ્સ અને સેમિનાર :** ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, વાઈબ્રન્ટ ગુજરાત જેવા ઈવેન્ટ્સમાં ભાગ લો.

**ઓનલાઈન પ્લેટફોર્મ :** ગુજરાત સરકારની વેબસાઈટ્સ, GIDC, અને MSME પોર્ટલ્સ પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરો.

**નવા ટ્રેન્ડ્સ :** AI, ડેટા સાયન્સ, અને ગ્રીન ટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોની શોધ કરો, જે ગુજરાતમાં ઝડપથી વિકસી રહ્યા છે.

**ઉદાહરણ :**

જો તમે ટેકનોલોજીમાં રુચિ ધરાવો છો, તો GIFT સિટીમાં આઈટી કંપનીઓમાં ઇન્ટર્નશિપ શોધી શકો. જો તમને ઉદ્યમશીલતા ગમે, તો સુરતમાં ટેક્સટાઇલ-આધારિત સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે વિચારી શકો.

કારકિર્દી વિકલ્પોની શોધથી વ્યક્તિને સ્પષ્ટ દિશા મળે છે અને ગુજરાતના વિવિધ ઉદ્યોગોમાં ઉપલબ્ધ તકોનો મહત્તમ લાભ લઈ શકાય છે.

# ૨

# વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન

આજના ઝડપથી બદલાતા વિશ્વમાં શિક્ષણ એ વિદ્યાર્થીઓના ભવિષ્યને આકાર આપવાનું મુખ્ય સાધન છે. શૈક્ષણિક સફળતા મેળવવા માટે વિદ્યાર્થીઓએ નિયમિત અભ્યાસ, સમય વ્યવસ્થાપન અને સ્વ-શિસ્તનું પાલન કરવું જરૂરી છે. સ્પષ્ટ અને પ્રાપ્ય લક્ષ્યો નક્કી કરવાથી ધ્યાન કેન્દ્રિત રહે છે અને પ્રેરણા મળે છે. દરરોજનું અભ્યાસ સમયપત્રક બનાવવાથી અભ્યાસ, આરામ અને મનોરંજન માટે સમયનું યોગ્ય આયોજન થાય છે, જે તણાવ ઘટાડે છે.

નોંધ લેવી, પ્રશ્નો પૂછવા અને ચર્ચામાં ભાગ લેવાથી સમજણ ગાઢ બને છે. પૌષ્ટિક આહાર, પૂરતી ઊંઘ અને નિયમિત વ્યાયામ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવે છે, જે શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરે છે. નિષ્ફળતાને શીખવાની તક તરીકે સ્વીકારી, આત્મવિશ્વાસ અને સતત પ્રયાસથી વિદ્યાર્થીઓ પોતાના લક્ષ્યો હાંસલ કરી શકે છે. શિક્ષણ એ એક સફર છે, જેમાં દરેક પગલું તમને તમારા સપનાઓની નજીક લઈ જાય છે. આ સફરમાં સહયોગ અને મિત્રતા પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એકબીજાની મદદથી, વિદ્યાર્થીઓ એકબીજા સાથે જ્ઞાન અને અનુભવ વહેંચી શકે છે, જેના પરિણામે એક સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ રચાય છે.

## ૨.૧

## કારકિર્દીની પસંદગી : તમારા ભવિષ્યનો માર્ગ

વિદ્યાર્થી જીવનમાં કારકિર્દીની પસંદગીનો નિર્ણય ખૂબ મહત્વનો હોય છે. જો વિદ્યાર્થી પોતાની કારકિર્દીની પસંદગીનો નિર્ણય પોતાની રુચિ અને કુશળતાને ધ્યાનમાં રાખીને કરે તો તેની સફળતાની શક્યતાઓ વધી જાય છે, જ્યારે તેનાથી વિપરીત જો તે તેના પરિવાર, મિત્રો અથવા સમાજના દબાણમાં આવીને આવો કોઈ નિર્ણય કરે છે તો તેમાં નિષ્ફળતાની શક્યતાઓ વધારે હોય છે.

આજના સતત બદલાતા હરીફાઈના યુગમાં જ્યાં દરેક ક્ષેત્રમાં નવી તકો ઊભી થઈ છે ત્યાં હરીફોની સંખ્યા પણ વધી છે. સખત સ્પર્ધાના આ યુગમાં સફળતા

મેળવવા માટે યોગ્ય આયોજન, તૈયારી અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જરૂરી છે.

**છેવટનો નિર્ણય લેતાં પહેલાં તમારી રુચિ ઓળખો :**

સ્વ-મૂલ્યાંકન ક્વિઝ દા.ત., Career Explorer

https://www.careerexplorer.com/ અને
My Next Move https://www.mynextmove.org/
નો ઉપયોગ કરો.

**ઉદાહરણ :** ફાતિમાએ ૧૦મા ધોરણ પછી સ્વ-મૂલ્યાંકન ક્વિઝનો ઉપયોગ કરી બાયોલોજી વિષયની પસંદગી કરી, સારા ગુણ સાથે ૧૨મા ધોરણની પરીક્ષા પાસ કરી, સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવી MBBSની પદવી મેળવી, અને હવે તે ભરૂચની સરકારી હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સેવા આપે છે.

**માર્કેટની હાલની માંગના કેટલાક ઉદાહરણ :**

**STEM :** ડેટા સાયન્સ, AI (નજીકના ભવિષ્યમાં ભારતમાં અનેક નોકરીઓનો અવકાશ).

**નોન-STEM :** CA, લો, મેનેજમેન્ટ (ભરૂચમાં CAની માંગ વધી).

**ઉદાહરણ :** ૨૦૨૪માં ટંકારીઆ હાઈસ્કૂલના CA સેમિનારમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો; ટંકારીઆના ૦૫ વિદ્યાર્થીઓએ CA ફાઉન્ડેશન પાસ કર્યું.

**કેસ સ્ટડી :** રઈશ નામના વિદ્યાર્થીએ ઇન્ફોર્મેશન ટેકનોલોજી (IT) શાખા પસંદ કરી અને હવે ગુજરાતની IT કંપનીમાં ડેવલપર તરીકે કાર્યરત છે.

**ટિપ્સ :**

સ્થાનિક કારકિર્દી કાઉન્સેલરની મુલાકાત લો, શહેરોના કાઉન્સેલિંગ સેન્ટર્સની મુલાકાત લો, અને કારકિર્દી માર્ગદર્શન સેમીનારમાં અવશ્ય હાજરી આપો. LinkedIn પર કારકિર્દી તજજ્ઞો અને ઇન્ડસ્ટ્રી લીડર્સને ફોલો કરો. LinkedIn અને અન્ય જોબ પોર્ટલ્સ પર કયા ક્ષેત્રમાં રોજગારીની તકો વધારે છે એ અંગે જાણકારી મેળવો. 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' અને એના જેવા અન્ય

પુસ્તકોનો અભ્યાસ કરી તમારી રુચિ અને કુશળતાને ધ્યાનમાં રાખીને શાંત ચિત્તે કારકિર્દી અંગે છેવટનો નિર્ણય લો.

**ચેકલિસ્ટ :**

[ ] શું તમે સ્વ-મૂલ્યાંકન ક્વિઝ લીધી છે?

[ ] શું તમે STEM / નોન-STEM ક્ષેત્રોનું સંશોધન કર્યું છે?

[ ] શું તમે કાઉન્સેલર સાથે વાત કરી છે?

## ૨.૨

## ધોરણ ૧૦ અને ૧૨ પછી શું?

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૬**

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૨૬ ડાઉનલોડ કરવા ઉપર આપેલી લિંક / QR Code નો ઉપયોગ કરો.

બોર્ડના પરિણામ પછી વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટેની મહત્વની વેબસાઇટની યાદી આ પુસ્તકમાં આપેલી છે. જરૂરી માર્ગદર્શન મેળવ્યા પછી, જરૂરી સલાહ મશવરા પછી જ, ખૂબ જ ધ્યાનથી, ઉતાવળ કર્યા વગર પ્રવેશ માટેની આગળની કાર્યવાહી કરવી.

આ પ્રકરણમાં આપવામાં આવેલ ભૂતકાળના કેટલાક વર્ષોની માહિતી, જે-તે વર્ષે કઈ કોલેજમાં કયા કોર્સમાં કટ-ઓફ માર્ક્સ કેટલા હતા, તે અને તેના જેવી અન્ય ઉપયોગી માહિતી રેફરન્સ માટે ઉપયોગમાં લઈ શકાય એ હેતુ પૂરતી આપેલી છે. દર વર્ષે માહિતી અપડેટ થતી હોવાથી જે-તે વર્ષની પ્રવેશ માહિતી પુસ્તિકા અને કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકની માહિતી ધ્યાનમાં રાખી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી કરવી.

અગાઉના વર્ષોના (૨૦૨૦ થી ૨૦૨૫) ના કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ડાઉનલોડ કરવા નીચે આપેલી લિંક / QR Code નો ઉપયોગ કરો.

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૫**

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૪**

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૩**

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૨**

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૧**

**ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૦**

## ગુજરાતમાં ધો.૧૦ અને ધો.૧૨ પછીના અભ્યાસક્રમો માટે પ્રવેશ માર્ગદર્શન

ધોરણ ૧૦ અને ૧૨ પછીની શૈક્ષણિક સફર એક રોમાંચક તબક્કો છે, જેમાં યોગ્ય માર્ગદર્શન અને માહિતી તમારા સપનાઓને સાકાર કરવામાં મદદરૂપ બની શકે છે. નીચે ગુજરાતમાં વિવિધ અભ્યાસક્રમો માટેની પ્રવેશ પ્રક્રિયા અને સંબંધિત વેબસાઈટ્સની વિગતો આપેલી છે, જે તમને તમારી કારકિર્દીનું આયોજન કરવામાં સહાય કરશે.

### ૧. ધો.૧૨ સાયન્સ પછીના ડિગ્રી / અનુસ્નાતક કોર્સ

જો તમે ધો.૧૨ સાયન્સ પૂર્ણ કર્યું હોય અને એન્જિનિયરિંગ, ફાર્મસી, આર્કિટેક્ચર અને મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં રસ ધરાવતા હો, તો નીચેની વેબસાઈટ તમામ પ્રવેશ પ્રક્રિયાઓ માટેનું એકમાત્ર સ્થાન છે :

**Website :** http://acpc.gujarat.gov.in

**કોર્સનો સમાવેશ :**

B.E./B.Tech., M.E./M.Tech.

ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી, M.Pharm.

B.Arch., M.Arch., B.Plan.

B.I.D. (ઇન્ટિરિયર ડિઝાઇન), B.C.T.

MBA (વર્કિંગ પ્રોફેશનલ્સ માટે પણ), MCA

ડિપ્લોમા ટુ ડિગ્રી (ફાર્મસી અને એન્જિનિયરિંગ)

J&K પ્રવેશ

હોટેલ અને ટુરિઝમ મેનેજમેન્ટ

**૨. ડિપ્લોમા એન્જિનિયરિંગ**

ડિપ્લોમા એન્જિનિયરિંગના અભ્યાસક્રમો ટેકનિકલ કુશળતા વિકસાવવા માટે ઉત્તમ વિકલ્પ છે. આ માટે નીચેની વેબસાઇટ્સનો ઉપયોગ કરો :

**માહિતી માટે :** http://acpdc.gujarat.gov.in

**રજિસ્ટ્રેશન માટે :** https://gujdiploma.admissions.nic.in

**૩. મેડિકલ અને પેરામેડિકલ કોર્સ**

મેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે નીચેની વેબસાઇટ પરથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરો :

**Website :** https://www.medadmgujarat.org/ug/home.aspx

**કોર્સનો સમાવેશ :**

MBBS, BDS

BHMS, BAMS

નર્સિંગ, ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી

**૪. ગુજરાત કોમન એડમિશન સર્વિસ** (GCAS)

ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓ, ૨૭૧૫ કોલેજો અને ૪૧૭ અભ્યાસક્રમો માટે એકીકૃત પ્રવેશ પ્રક્રિયા : **Website :** https://gcas.gujgov.edu.in

**કોર્સનો સમાવેશ :** B.A., B.Com., B.Sc., BBA, BCA, અને અન્ય

**હેલ્પલાઈન :** ૦૭૯-૨૨૮૮૦૦૮૦ (સામાન્ય), ૦૭૯-૨૨૮૮૦૦૮૧ (ટેકનિકલ)

**૫. કૃષિ યુનિવર્સિટીઓ : ડિગ્રી કોર્સ**

કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે :

**Website :** http://gsauca.in

**૬. કૃષિ યુનિવર્સિટીઓ : ડિપ્લોમા કોર્સ**

**Website :** http://gsauca.in

અથવા http://poly.gsauca.in

**૭. ચાર્ટર્ડ એકાઉન્ટન્સી** (CA)

ધો.૧૨ પછી ફાઈનાન્સ અને એકાઉન્ટિંગમાં કારકિર્દી બનાવવા માટે : **Website :** http://icai.org

**૮. કોસ્ટ એકાઉન્ટન્સી** (CMA)

ધો.૧૨ કોમર્સ પછી કોસ્ટ અને મેનેજમેન્ટ એકાઉન્ટિંગમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે : **Website :** http://icmai.in

**૯. કોમન લો એડમિશન ટેસ્ટ** (CLAT)

કાયદાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે :

**Website :** http://consortiumofnlus.ac.in

**૧૦. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી** (NFSU)

ફોરેન્સિક સાયન્સ અને સંબંધિત ક્ષેત્રોમાં અભ્યાસ માટે :

**Website :** http://nfsu.ac.in/admission

## ૧૧. Aviation Courses

https://www.mytankaria.com/wp-content/uploads/2026/05/Aviation-Courses.pdf

## મેડિકલ અને પેરામેડિકલ અંગે વધુ વિગતવાર માહિતી

MBBSમાં પ્રવેશ માટેની પ્રાથમિક માહિતી https://www.mytankaria.com/basic-information-about-mbbs-admission-process-in-gujarat

List of Medical Colleges in India

List of Medical Colleges in 2025 for Gujarat

Best MBBS Colleges in Gujarat – 2025 Fees, Admissions, NEET Cutoffs ફક્ત માહિતી માટે

https://www.medadmgujarat.org/

ગુજરાતની ટોપ સરકારી આયુર્વેદીક કોલેજોની સંપૂર્ણ માહિતી - ૨૦૨૫

Gujarat & All India Medical Paramedical Ready Reckoner 2025 by MDO Ahmedabad

ACPUGMEC ની BAMS અને BHMS પ્રવેશ પ્રક્રિયા માટે આવશ્યક પ્રમાણપત્રોની યાદી

https://www.mytankaria.com/wp-content/uploads/2025/07/List-of-Documents-Required-for-AYURVED_-HOMOEOPATHY-Admission-Process-of-ACPUGMEC.pdf

## નીટની પરીક્ષા
(**NEET :** NATIONAL ELIGIBILITY CUM ENTRANCE TEST)

NEET (સત્તાવાર વેબસાઈટ)

https://www.neetugguidance.in/index.php
NEET UG માર્ગદર્શન

NEET Video No. 01 : (All about NEET)

NEET Video No. 02 (How to crack NEET)

NEET Video No. 03 (Motivation)

NEET Video No. 04

NEET Video No. 05 (Coaching Centre Reality)

વિદ્યાર્થીઓએ Tankaria High School ના NEET 2025 Crash Courseનો લાભ લીધો હતો.

## એન્જિનિયરિંગ :

એન્જિનિયરિંગ અંગે વધુ વિગતવાર માહિતી માટે

https://dte.gujarat.gov.in/ ઓફિસીયલ વેબસાઈટ

Government Degree Engineering Colleges

Best Engineering Colleges in Gujarat : Ranking, Fees, Admission 2025, Courses, Placements માહિતી માટે

Engineering Colleges in Gujarat માહિતી માટે

Top BTech Colleges in Gujarat 2025 માહિતી માટે

બેચલર ઓફ એન્જિનિયરિંગ પ્રવેશ ૨૦૨૫-૨૬ માટેની સંસ્થાઓની કામચલાઉ યાદી Provisional-list-of-institutes-for Bachelor of Engineering-2025

Provisional List of Institutes for Bachelor of Engineering Admission Year 2023-24 બેચલર ઓફ એન્જિનિયરિંગ પ્રવેશ ૨૦૨૩-૨૪ માટેની સંસ્થાઓની કામચલાઉ યાદી માટે આ QR Code નો ઉપયોગ કરો.

## એન્જિનિયરિંગમાં કોર્સની પસંદગી :

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની શક્યતાઓ અને જોખમો પર હાલમાં સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. વિશ્વના અગ્રણી ટેક નિષ્ણાતોનું માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)માં થઈ રહેલી પ્રગતિના કારણે આગામી થોડા વર્ષોમાં જ ઘણા બધા ક્ષેત્રો પર એની વ્યાપક અસર થશે. AI ના વિકાસથી ભવિષ્યમાં ઘણા ક્ષેત્રના વ્યાવસાયિકો માટે નોકરી સંબંધિત જોખમો અંગે પણ વિચારવાની જરૂર છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ આજકાલ ખૂબ ચર્ચામાં છે. દરેક ક્ષેત્રના લોકો AI વિષે જ વાત કરી રહ્યા હોય તેમ લાગે છે. 'AI' એ એક વ્યાપક શબ્દ છે; સામાન્ય રીતે માનવ બુદ્ધિથી જેવા કાર્યો થાય તેના જેવા કાર્યો કોમ્પ્યુટર અથવા કોમ્પ્યુટર સંચાલિત મશીનથી થાય એવી એક નવી જ શક્યતા ઊભી થઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને કારણે ઘણા ઈજનેરી વ્યવસાયોમાં ભવિષ્યમાં રોજગાર સંબંધિત તકલીફો ઊભી થઈ શકે છે. આ અંગે ચર્ચા વિચારણા પછી કોઈ છેવટનો નિર્ણય લેવો. AI ના ઉદભવ અને ઝડપી વિકાસના કારણે આઈટી એન્જિનિયર્સની ડિમાન્ડ ભવિષ્યમાં વધશે કે ઘટશે એ પણ આજકાલ ચર્ચાનો વિષય છે.

૮૦ના દાયકાના મધ્યમાં ગુજરાત રાજયમાં પ્લાસ્ટિક એન્જિનિયર્સની માંગ ઓચિંતી ખૂબ જ વધી ગઈ હતી અને તેની ખૂબ ચર્ચા થતી હતી, જેને ધ્યાનમાં રાખીને ઘણા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક એન્જિનિયરિંગનો વિકલ્પ પસંદ

કર્યો હતો. કમનસીબે આ ટેલેન્ટેડ વિદ્યાર્થીઓએ જ્યારે અભ્યાસ પૂરો કર્યો ત્યારે plastic engineers ની માંગ બિલકુલ ન હતી, જેથી આવા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓએ વિકલ્પના અભાવે અન્ય નોકરી સ્વીકારવી પડેલી. આથી ખૂબ સમજી વિચારીને કોર્સની પસંદગી કરવી જોઈએ.

**ધોરણ૧૦ અને ૧૨ પછીના કેટલાક અગત્યના કોર્સ અંગે વિગતવાર માહિતી (ફક્ત માહિતી માટે)**

ધોરણ ૧૨ સામાન્ય A ગ્રુપમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે એન્જિનિયરિંગ કોર્ષની માહિતી

ધોર ૧૨ સાયન્સ A અને B ગ્રુપમાંથી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે એન્જિનિયરિંગ સિવાયના કોર્સની માહિતી

ધોરણ ૧૨ સાયન્સમાં B ગ્રુપમાં પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે કોર્ષની માહિતી (૨૦૨૨)

**જુદી જુદી વિદ્યાશાખાઓ અંગે વધુ વિગતવાર માહિતી :**

Medical, Paramedical, Agriculture, Pharmacy, B.Sc. Gujarat and All India Admission, Ready Reckoner 2025

**Website :** Admission Committee for Professional Courses (ACPC), Gujarat

**Website :** Admission Committee for Professional Diploma Courses (ACPDC), Gujarat

Guidelines for Universities and Colleges 9.5.2024 : Use/click this link.

ACPC દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ત્રણ તબક્કામાં વહેંચાયેલ છે. વર્ષ ૨૦૨૧

ADMISSION COMMITTEE FOR PROFESSIONAL DIPLOMA COURSES (ACPDC) – 2022-23 FINAL_REPORT_2022-23

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (2025-2026)

ગુજરાતી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની માહિતી

કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ, નવસારી કૃષિ યુનિવર્સિટી

VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

કામધેનુ યુનિવર્સિટી KU Course Details

B. Tech (Dairy Technology) Booklet 2025-26

Bachelor of Fisheries Science. Booklet_2025-26

All Courses ફક્ત માહિતી માટે

**ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) જાગૃતિ કાર્યક્રમ :**

PMET SURAT અને ટંકારીઆ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે ટંકારીઆ હાઈસ્કૂલમાં ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ યોજાયેલ કાર્યક્રમનો વીડિયો જોવા નીચે આપેલી લિંક / QR Code નો ઉપયોગ કરો.

The Tankaria High School, Tankaria : C. A. Awareness Program by PMET and Tankaria High School. Date : 29/11/2024

શૈક્ષણિક જાગૃતિ અભિયાન (PMET SURAT અને ટંકારીઆ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે તારીખ ૦૧/૦૬/૨૦૨૪ ને શનિવારના રોજ યોજાયેલ કાર્યક્રમ)

ટંકારીઆ હાઈસ્કૂલમાં યોજાયેલ કાર્યક્રમનો વીડિયો જોવા માટે ઉપર આપેલી લિંક / QR Code નો ઉપયોગ કરો.

## આઈ.ટી.આઈ.

આઈ. ટી. આઈ. પ્રવેશ માહિતી પુસ્તિકા ડાઉનલોડ કરવા આ લિંક / QR Code નો ઉપયોગ કરો.

આઈ.ટી.આઈ. પ્રવેશ માહિતી પુસ્તિકા - ૨૦૨૬ I.T.I. Admission Information Booklet – 2026

આઈ.ટી.આઈ. પ્રવેશ માહિતી પુસ્તિકા - ૨૦૨૫ I.T.I. Admission Information Booklet – 2025

આઈ. ટી. આઈ. પ્રવેશ માહિતી પુસ્તિકા ૨૦૨૪ I.T.I. Admission Information Booklet – 2024

Primary Information આઈ.ટી.આઈ. અંગે પ્રાથમિક માહિતી

'આઈ.ટી.આઈ. ના પ્રખ્યાત અભ્યાસક્રમોનું પૃથક્કરણ' પુસ્તિકા ડાઉનલોડ કરવા નીચે આપેલી લિંક / QR Code નો ઉપયોગ કરો.

https://www.mytankaria.com/news/2025/06/64995

ગુજરાત રાજ્ય ઉત્પાદન, ઓટોમોટિવ, કાપડ અને માહિતી ટેકનોલોજી જેવા ઉદ્યોગોનું કેન્દ્ર છે; અહીં કુશળ કારીગરોની માંગ અત્યંત ઊંચી છે. ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ ખાતા દ્વારા સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) અને ખાનગી ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ITC) ITIના અભ્યાસક્રમો ચલાવે છે. આ કાર્યક્રમો કારીગર તાલીમ યોજના સાથે સંકળાયેલા છે, જે નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) અને સ્ટેટ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (SCVT) પ્રમાણપત્રો હેઠળ એન્જિનિયરિંગ અને નોન-એન્જિનિયરિંગ બંને ટ્રેડ પ્રદાન કરે છે. ગુજરાતમાં લોકપ્રિય ITI ટ્રેડની યાદી નીચે દર્શાવવામાં આવી છે. આ યાદી ઔદ્યોગિક માંગ, રોજગારની તકો, ટેકનોલોજીકલ સુસંગતતા, ટ્રેડની લોકપ્રિયતા, નોંધણી વલણો અને વર્ષ ૨૦૨૪ માટે વિવિધ ટ્રેડમાં પ્રવેશ માટેના કટ ઓફ માર્ક્સ અંગેના ઉપલબ્ધ ડેટાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ યાદી વિષે વ્યક્તિઓના વિભિન્ન દૃષ્ટિકોણ શક્ય છે.

**સલાહ :**

(૧) વિદ્યાર્થીઓએ પોતાની રુચિ, કૌશલ્ય, ગુજરાતના ઔદ્યોગિક ટ્રેન્ડ્સ (જેમ કે ઉત્પાદન/મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઈલ, બાંધકામ અને આઈ.ટી.), રોજગારની સંભાવનાઓ, પોતાની યોગ્યતા અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટ્રેડ પસંદ કરવો જોઈએ.

(૨) ઘણા યુવાન-યુવતીઓની પ્રથમ પસંદગી વ્હાઇટ કોલર જોબ હોય છે જેનાથી વિપરીત પોતાના કુટુંબના જીવન નિર્વાહની જવાબદારી જેમની પ્રાથમિકતા હોય છે એવા લોકો માટે વ્હાઇટ કોલર જોબ કે બ્લૂ કોલર જોબ એ ગૌણ બાબત બની જતી હોય છે. અહીં નીચે આપેલી લોકપ્રિય ટ્રેડ્સની માહિતી બે-ત્રણ વખત વાંચી, વિચારી, શાંત ચિત્તે, સલાહ મશવેરા પછી છેવટનો નિર્ણય લેવો.

જો, કોઈપણ કારણોસર, તમે આ લોકપ્રિય વ્યવસાયોમાં પ્રવેશ મેળવી શકતા નથી, તો નિરાશ થશો નહીં. ITI ની ૨૦૨૫ની પ્રવેશ માહિતી પુસ્તિકાના પાના ૧૯ થી ૨૧ પર, તમને NCVT હેઠળ ૭૭ વ્યવસાયોની સૂચિ મળશે, જેમાં ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક, ડ્રાફ્ટ્સમેન (સિવિલ), ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ), મેન્ટેનન્સ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ), લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ), ફેશન ડિઝાઈન અને ટેકનોલોજી, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ, સોલાર ટેકનિશિયન (ઇલેક્ટ્રિકલ), ડેસ્કટોપ પબ્લિશિંગ ઓપરેટર અને ડ્રેસ મેકિંગનો સમાવેશ થાય છે. જરૂરી સલાહ અને પરામર્શ મેળવ્યા પછી, તમારી કારકિર્દી બનાવવા માટે આમાંથી કોઈપણ વ્યવસાય પસંદ કરવાનું વિચારો. વધુ વિગતો માટે, કૃપા કરીને MyTankaria વેબસાઇટની મુલાકાત લેવા માટે આ લેખના અંતે આપેલ QR Code સ્કેન કરો.

## ઈલેક્ટ્રિશિયન (Electrician)

**લોકપ્રિયતાનું કારણ :** રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક સેટિંગ્સમાં ઈલેક્ટ્રિશિયનની સુપરવાઇઝરી ભૂમિકાઓ, ઔદ્યોગિક અને ઘરેલુ વિદ્યુત સાધનોની જાળવણી, ઇન્સ્ટોલેશન અને રિપેરની ઊંચી માંગ. આ ટ્રેડ અત્યંત લોકપ્રિય છે કારણ કે ઈલેક્ટ્રિકલ ઉદ્યોગો/પાવર સપ્લાય કંપનીઓ, બાંધકામ અને ઘરેલુ સેવાઓમાં ઈલેક્ટ્રિશિયનની માંગ સતત રહે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૮૦-૯૦% (જનરલ કેટેગરી માટે).

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** ઔદ્યોગિક એકમો, પાવર પ્લાન્ટ, પાવર સપ્લાય કંપનીઓ, ખાનગી કોન્ટ્રાક્ટર્સ, બાંધકામ, ઘરેલુ સેવાઓ અને સરકારી નોકરીઓ.

**ફિટર** (Fitter)

**લોકપ્રિયતાનું કારણ :** મશીનોની એસેમ્બલી, સંભાળ અને રિપેર માટે ઉચ્ચ માંગ, ખાસ કરીને ઉત્પાદન/મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઇલ અને હેવી મશીનરી ઉદ્યોગોમાં ફિટરની જરૂરિયાતોને કારણે આ ટ્રેડ ખૂબ માંગમાં છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૭૫-૮૫%.

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** ઉત્પાદન ઉદ્યોગ, એન્જિનિયરિંગ કંપનીઓ, મેન્ટેનન્સ વિભાગ, શિપયાર્ડ, ઓટોમોબાઇલ કંપનીઓ.

**એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ)** Attendant Operator (Chemical Plant) (AOCP)

આ ટ્રેડ અંગે ઘણા વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવતા હોવાથી વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. AOCP ટ્રેડ રાસાયણિક ઉદ્યોગોમાં વપરાતા સાધનોના સંચાલન, જાળવણી અને રાસાયણિક પ્રક્રિયાઓના નિરીક્ષણ માટેની તાલીમ પૂરી પાડે છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓ રાસાયણિક પ્લાન્ટની કામગીરી, જેમ કે ડિસ્ટિલેશન, ફિલ્ટરેશન, હીટ ટ્રાન્સફર અને માસ ટ્રાન્સફર, તેમજ સલામતીના ધોરણો શીખે છે. જો સમગ્ર ગુજરાતની વાત કરીએ તો આ ટ્રેડ લોકપ્રિયતાની દ્રષ્ટિએ ગુજરાતમાં પ્રથમ પાંચ ટ્રેડના લિસ્ટમાં આવતો નથી. હા, આ ટ્રેડની ગુજરાતના રાસાયણિક હબ, જેમ કે ભરૂચ, અંકલેશ્વર અને વડોદરામાં ખૂબ માંગ છે, જ્યાં ફાર્માસ્યુટિકલ, રિફાઇનરી અને કેમિકલ પ્લાન્ટનો વધુ વિકાસ થઈ રહ્યો છે. Reliance Industries, GACL અને GNFC જેવી મોટી કંપનીઓ AOCP ઉમેદવારોની ભરતી કરે છે, જે આ ટ્રેડ માટે આકર્ષણનું એક કારણ છે.

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૧૦ પાસ (વિજ્ઞાન અને ગણિત સાથે, ઓછામાં ઓછા ૩૫% ગુણ).

કેટલીક સંસ્થાઓમાં ધોરણ ૧૨ (સાયન્સ) પસંદગીનું ધોરણ હોઈ શકે છે.

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૦-૭૦% (જનરલ કેટેગરી), ITI સંસ્થા અને બેઠકોની ઉપલબ્ધતા પર આધાર રાખે છે.

રાસાયણિક હબ વિસ્તારો (જેમ કે ભરૂચ, અંકલેશ્વર)માં કટ-ઓફ ઊંચું હોય શકે છે.

**રોજગારની તકો :**

**ઔદ્યોગિક રોજગાર :** રાસાયણિક પ્લાન્ટ ઓપરેટર, શિફ્ટ ઓપરેશન ટેકનિશિયન, વોટર ટ્રીટમેન્ટ ઓપરેટર.

**ઉદ્યોગો :** ફાર્માસ્યુટિકલ, રિફાઇનરી, ફર્ટિલાઇઝર અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો.

**આકર્ષણ :** ONGC, GACL અને GNFC જેવી મોટી કંપનીઓમાં ટેકનિશિયન પદો.

**સ્વરોજગાર :** રાસાયણિક ઉદ્યોગો માટે કન્સલ્ટન્સી અથવા કોન્ટ્રાક્ટર તરીકે કામ.

## કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (COPA)

**લોકપ્રિયતાનું કારણ :** IT સેક્ટર અને ઓફિસ ઓટોમેશનમાં કોમ્પ્યુટર કૌશલ્યની વધતી માંગ.

ગુજરાતમાં આઈટી અને ડિજિટલાઇઝેશનનો ઉદય COPA ને એક લોકપ્રિય કોર્સ બનાવે છે. તે વિદ્યાર્થીઓને આઈટી કંપનીઓ, સરકારી કચેરીઓ અને ડેટા મેનેજમેન્ટમાં ભૂમિકાઓ માટે તૈયાર કરે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૭૦-૮૦%.

**કોર્સનો સમયગાળો :** ૧ વર્ષ.

**રોજગારની તકો :** IT કંપનીઓ, ઓફિસ એડમિનિસ્ટ્રેશન, ડેટા મેનેજમેન્ટ.

### મિકેનિક ડીઝલ (Mechanic Diesel)

**લોકપ્રિયતાનું કારણ :** ઓટોમોબાઈલ અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં ડીઝલ એન્જિનની જાળવણી અને રિપેર માટે કારીગરોની વધારે માંગ છે.

ઓટોમોબાઈલ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં ડીઝલ વાહનોની જાળવણી અને રિપેરિંગ માટે આ ટ્રેડ પસંદગીનો છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૭૦-૮૦%.

**કોર્સનો સમયગાળો :** ૧ વર્ષ.

**રોજગારની તકો :** ઓટોમોબાઈલ વર્કશોપ, ટ્રાન્સપોર્ટ કંપનીઓ, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC), રેલવે.

### મિકેનિક મોટર વ્હીકલ (Mechanic Motor Vehicle)

આ ટ્રેડમાં વિદ્યાર્થીઓને મોટર વાહનો (જેમ કે કાર, ટ્રક અને બસ) ની જાળવણી, રિપેર અને ડાયગ્નોસ્ટિક તકનીકો શીખવવામાં આવે છે. આમાં એન્જિન, ટ્રાન્સમિશન અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમ્સનું જ્ઞાન આવરી લેવામાં આવે છે. ઓટોમોબાઈલ ઉદ્યોગની વધતી માંગ અને વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાથી રોજગારીની તકો સારી છે. ઓટોમોટિવ ઉદ્યોગમાં, જેમાં ટાટા મોટર્સ અને ફોર્ડ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે, આ કોર્સની ખૂબ માંગ છે. તે ઉદ્યોગના વલણો સાથે સુસંગત ઈલેક્ટ્રિક વાહનો સહિત આધુનિક વાહન ટેકનોલોજીને આવરી લે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૫-૭૫% (જનરલ કેટેગરી).

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** ઓટોમોબાઈલ વર્કશોપ, સર્વિસ સેન્ટર્સ, ટાટા મોટર્સ, ફોર્ડ જેવા ઓટોમોબાઈલ ઉત્પાદન એકમો, ટ્રાન્સપોર્ટ કંપનીઓ અને GSRTC.

### ટર્નર (Turner)

**લોકપ્રિયતાનું કારણ :** લેથ મશીનો પર ચોકસાઈવાળા ધાતુના ઘટકો બનાવવાની માંગ ઉત્પાદન ઉદ્યોગમાં ખૂબ વધારે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૫-૭૫%.

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** ઉત્પાદન ઉદ્યોગ, ઓટોમોબાઈલ, એરોસ્પેસ અને મશીન શોપ.

**મશીનિસ્ટ** (Machinist)

**લોકપ્રિયતાનું કારણ :** CNC મશીનો પર ચોકસાઈવાળા ધાતુના ઘટકો બનાવવાની માંગ ઉત્પાદન ઉદ્યોગમાં વધવાથી.

આ ટ્રેડમાં વિદ્યાર્થીઓ લેથ, મિલિંગ, ગ્રાઈન્ડીંગ અને CNC મશીનોનો ઉપયોગ કરીને ધાતુના ભાગો બનાવવાનું શીખે છે. ચોકસાઈવાળા ટૂલ્સ અને બ્લુપ્રિન્ટ વાંચન પણ શીખવવામાં આવે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૦-૭૦%.

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** ઓટોમોબાઈલ, ઉત્પાદન ઉદ્યોગો, મશીન શોપ, ઓજારો અને ડાઈ બનાવવા, એન્જિનિયરિંગ વર્કશોપ.

**ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક** (Instrument Mechanic)

**લોકપ્રિયતાનું કારણ :** ઔદ્યોગિક ઓટોમેશન અને નિયંત્રણ સાધનોની જાળવણી માટે માંગ.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૦-૭૦%.

**કોર્સનો સમયગાળો :** ૨ વર્ષ.

**રોજગારની તકો :** રાસાયણિક ઉદ્યોગ, ઓટોમેશન યુનિટ્સ, ફાર્માસ્યુટિકલ.

**રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનિંગ ટેકનીશીયન (Refrigeration and Air Conditioning Technician) :**

ઘરેલુ અને વ્યાપારી ઉપયોગમાં રેફ્રિજરેશન અને એસી સિસ્ટમની વધતી જતી જરૂરિયાતોને કારણે આ ટ્રેડ લોકપ્રિય છે. ખાસ કરીને સ્વરોજગારીની તકો વધુ

હોવાથી રોજીરોટી કમાવવા માટે હાલના સમયે આ ટ્રેડ સારો છે. કંપનીમાં પણ નોકરીની તકો રહેલી છે.

**વેલ્ડર** (Welder)

**લોકપ્રિયતાનું કારણ :** ઉત્પાદન અને બાંધકામ માટે જરૂરી વેલ્ડર્સની ગુજરાતના ઔદ્યોગિક કેન્દ્રો જેમ કે અમદાવાદ અને સુરતમાં માંગ છે. શિપ બિલ્ડિંગ ઉદ્યોગમાં વેલ્ડિંગ કૌશલ્યની માંગ.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૫-૭૫%.

**કોર્સનો સમયગાળો :** ૧ વર્ષ.

**રોજગારની તકો :** બાંધકામ, શિપયાર્ડ, ઉત્પાદન એકમો.

**પ્લમ્બર** (Plumber)

આ ટ્રેડમાં પાણી, ગેસ અને ડ્રેનેજ સિસ્ટમના પાઈપોનું ઈન્સ્ટોલેશન, જાળવણી અને રિપેર શીખવવામાં આવે છે. સેનિટરી ફિટિંગ્સ અને પ્લમ્બિંગ ટૂલ્સનો ઉપયોગ પણ શીખવવામાં આવે છે. બાંધકામ અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં સતત માંગ રહે છે.

**કટ-ઓફ માર્ક્સ (અંદાજે) :** ૬૦-૭૦%.

**કોર્સનો સમયગાળો :** ૧ વર્ષ.

**રોજગારની તકો :** બાંધકામ ઉદ્યોગ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ખાનગી પ્લમ્બિંગ કોન્ટ્રાક્ટર્સ અને સ્વ-રોજગાર.

**કટ-ઓફ માર્ક્સ :** દરેક કોર્સ માટેના કટ-ઓફ માર્ક્સ દર વર્ષે ITI સંસ્થા, બેઠકોની સંખ્યા અને અરજીઓની સંખ્યાના આધારે બદલાય છે. ચોક્કસ મેરિટ લિસ્ટ અને કટ-ઓફ માટે https://itiadmission.gujarat.gov.in પરથી માહિતી મેળવી શકાય છે.

**લોકપ્રિયતાનો આધાર :** આ ટ્રેડ્સની પસંદગી ગુજરાતના ઔદ્યોગિક વિકાસ, રોજગારની તકો અને વિદ્યાર્થીઓની રુચિ પર આધારિત છે. ઈલેક્ટ્રિશિયન

અને ફિટર ટ્રેડ્સ સૌથી વધુ માંગવાળા છે, કારણ કે તે બહુમુખી કૌશલ્યો અને વ્યાપક રોજગારની તકો પૂરી પાડે છે.

**આઈ.ટી.આઈ. અંગે વધુ માહિતી મેળવવા નીચે આપેલ વેબસાઈટની મુલાકાત લો.**

https://www.ncvtmis.gov.in ભારત દેશમાં આવેલી બધી આઈ.ટી.આઈ. ની માહિતી માટે.

https://www.ncvtonline.com

ફ્રી ઓનલાઈન અભ્યાસ, આઈ.ટી.આઈ. ના જુદા જુદા ટ્રેડના થીયરી/પ્રેક્ટિકલના પુસ્તકો અંગ્રેજી/હિન્દીમાં ફ્રી ડાઉનલોડ કરવા જેવી ઉપયોગી માહિતી માટે.

આઈ.ટી.આઈ.ના વિવિધ ટ્રેડના Trade Theory, Workshop Calculation & Science, Engineering Drawing, Employability Skills જેવા વિષયોના પુસ્તકો ફ્રી ડાઉનલોડ કરવા માટેની લિંક.

https://itiadmission.gujarat.gov.in

આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટેનું ફોર્મ ભરવા ઉપર આપેલી લિંકનો ઉપયોગ કરો. ટંકારીઆ આઈ.ટી.આઈ. સહિતની બધી જ આઈ.ટી.આઈ. (સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ આઈ.ટી.આઈ. અને સ્વનિર્ભર સંસ્થાઓ)ના જુદા જુદા ટ્રેડમાં કેન્દ્રિયકૃત એડમિશન પદ્ધતિ દ્વારા એડમિશનની કાર્યવાહી થતી હોવાથી, ઉમેદવારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી ભરવાનું રહેશે. પ્રવેશ સંબંધિત માર્ગદર્શન માટે નજીકની આઈ.ટી.આઈ.નો સંપર્ક કરવો. પ્રવેશથી લઈને પરીક્ષા સુધીની બધી જ કાર્યવાહી ઓનલાઈન થતી હોવાથી, મોબાઈલ નંબર અને ઈમેલની વિગતો ખૂબ જ કાળજીપૂર્વક ભરવી.

Mustafabad Industrial Training Institute Tankaria (M.I.T.I.)

મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆની માહિતી માટે આ લિંક / QR Code નો ઉપયોગ કરો.

**શું તમે કેટલાક ખાસ અભ્યાસ પછી ૦૧ થી ૦૪ લાખ રૂપિયાના માસિક પગાર સાથેની નોકરી મેળવવા માંગો છો?**

ભારત અને વિદેશમાં ઊંચા પગારની નોકરી મેળવવા નીચે દર્શાવેલ ક્ષેત્ર પસંદ કરો.

(૧) Certified Welding Inspector (American Welding Society)

(૨) ASNT NDT Level II (American Society for Nondestructive Testing)

અહીં ઉપર આપેલી લિંક (૧) અને (૨) / QR Code નો ઉપયોગ કરો.

Certified Welding Inspector અને ASNT Level II અંગેની વધુ માહિતી મેળવવા ઉપરાંત ASNT Level II ના મેં સંપાદિત કરેલ Magnetic Particle Testing (MT), Liquid Penetrant Testing (PT), Radiographic Testing (RT), Ultrasonic Testing (UT) ના ચાર પુસ્તકોનો સેટ, બીજા ઉપયોગી પુસ્તકો અને અન્ય સામગ્રી મફતમાં મેળવવા મારો (નાશીરહુસેન લોટીયાનો) સંપર્ક કરી શકો છો.

## ૨.૩
## શિક્ષણ અને કૌશલ્ય વિકાસ

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ એ કારકિર્દીના આયોજનનો મુખ્ય ભાગ છે, જે વિદ્યાર્થીઓ અને રોજગાર શોધનારાઓને સ્પર્ધાત્મક બજારમાં આગળ વધવા માટે સશક્ત બનાવે છે. આજના ઝડપથી બદલાતા વિશ્વમાં, ખાસ કરીને ગુજરાત જેવા ઔદ્યોગિક અને આર્થિક રીતે ગતિશીલ રાજ્યમાં, યોગ્ય શિક્ષણ અને કૌશલ્યો વિના સફળતા હાંસલ કરવી પડકારજનક છે. શિક્ષણ જ્ઞાનનો પાયો પૂરો પાડે છે, જ્યારે કૌશલ્ય વિકાસ તે જ્ઞાનને વ્યવહારમાં લાગુ કરવાની ક્ષમતા આપે છે. ૨૧મી સદીમાં, વૈશ્વિક સ્પર્ધામાં આગળ રહેવા અને તમારા સંબંધિત ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરવા માટે વિવિધ કૌશલ્યોનું હસ્તગત કરવું અનિવાર્ય

બની ગયું છે. આજના ઝડપથી બદલાતા યુગમાં, ટેકનોલોજી, સંદેશાવ્યવહાર અને સમસ્યા નિરાકરણ જેવી ક્ષમતાઓ એક સફળ કારકિર્દીનો પાયો બની રહી છે. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ એ યુવાનો માટે સફળ કારકિર્દીની ચાવી છે, જે તેમને સ્થાનિક અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવે છે.

### શિક્ષણનું મહત્વ

શિક્ષણ એ કારકિર્દીનો પાયો છે, જે વ્યક્તિને ચોક્કસ ક્ષેત્રમાં જરૂરી જ્ઞાન અને લાયકાત પૂરી પાડે છે. ગુજરાતમાં શિક્ષણની વિશાળ તકો ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા માટે તૈયાર કરે છે. આજનું શિક્ષણ ફક્ત પરંપરાગત જ્ઞાન આપવા પૂરતું મર્યાદિત નથી. ૨૧મી સદીનું શિક્ષણ એક ગતિશીલ અને સતત વિકસતી પ્રક્રિયા છે, જેમાં ટેકનોલોજી, નવીનતા અને સર્જનાત્મકતા મુખ્ય ભૂમિકા ભજવે છે. આજના વિદ્યાર્થીઓએ ફક્ત પુસ્તકીય જ્ઞાન જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં ઉપયોગી એવા કૌશલ્યો પણ વિકસાવવા જરૂરી છે. આમાં ડિજિટલ લર્નિંગ, ઈ-લર્નિંગ, STEM (Science, Technology, Engineering, and Mathematics) શિક્ષણ, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ અને સહયોગી શિક્ષણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પરંતુ વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનમાં સફળતા માટે જરૂરી કૌશલ્યો વિકસાવવામાં મદદ કરે છે.

**શૈક્ષણિક સંસ્થાઓ :** ઉદાહરણ તરીકે, ગુજરાતમાં IIT Gandhinagar, IIM Ahmedabad, Gujarat University અને Nirma University જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ આપે છે.

**વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો :** ગુજરાતની પોલિટેકનિક કોલેજો અને ITI (Industrial Training Institutes) ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ અને મેન્યુફેક્ચરિંગ જેવા ઉદ્યોગો માટે વ્યવહારુ શિક્ષણ પૂરું પાડે છે.

**સરકારી યોજનાઓ :** ગુજરાત સરકારની 'શિક્ષણ સેતુ' અને 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' જેવી યોજનાઓ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે નાણાકીય અને અન્ય સહાય પૂરી પાડે છે.

## કૌશલ્ય વિકાસની જરૂરિયાત

શિક્ષણ જ્ઞાન આપે છે, પરંતુ કૌશલ્ય વિકાસ તે જ્ઞાનને નોકરીના બજારમાં લાગુ કરવાની ક્ષમતા આપે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રિન્યુએબલ એનર્જી અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવા ક્ષેત્રોમાં નવા કૌશલ્યોની માંગ વધી રહી છે. આજે નોકરીદાતાઓ ટેકનિકલ અને સોફ્ટ સ્કિલ્સ બંનેની અપેક્ષા રાખે છે. આ સંજોગોમાં, શૈક્ષણિક સંસ્થાઓએ પણ પોતાના પાઠ્યક્રમોમાં આ નવા કૌશલ્યોને સમાવિષ્ટ કરવાની જરૂરિયાત અનુભવવાનું શરૂ કર્યું છે. આ રીતે, વિદ્યાર્થીઓને સમકાલિન બજારમાં સ્પર્ધાત્મક રહેવા તૈયાર કરવામાં આવે છે.

૨૧મી સદીની કારકિર્દી માટે બે પ્રકારના કૌશલ્યો આવશ્યક છે : ટેકનિકલ સ્કિલ્સ અને સોફ્ટ સ્કિલ્સ.

### (ક) ટેકનિકલ સ્કિલ્સ :

ગુજરાતના બજારમાં માંગ હોય તેવા કૌશલ્યો જેમ કે પ્રોગ્રામિંગ (Python, Java), ડેટા એનાલિસિસ, CAD ડિઝાઇન (ટેક્સટાઇલ અને એન્જિનિયરિંગ માટે), અને ડિજિટલ માર્કેટિંગ.

ઉદાહરણ : GIFT સિટીમાં આઈટી કંપનીઓમાં ડેટા સાયન્સ અને સાયબર સિક્યુરિટીની માંગ વધી રહી છે.

### (ખ) સોફ્ટ સ્કિલ્સ :

સંચાર, ટીમવર્ક, નેતૃત્વ અને સમય વ્યવસ્થાપન જેવા કૌશલ્યો દરેક ક્ષેત્રમાં મહત્વના છે.

ગુજરાતના વ્યવસાયિક વાતાવરણમાં, અંગ્રેજી અને ગુજરાતીમાં અસરકારક સંચાર કૌશલ્યો નોકરી અને ઉદ્યમશીલતામાં ફાયદાકારક છે.

## શિક્ષણ અને કૌશલ્ય વિકાસની તકો

### (ક) ઓનલાઈન શિક્ષણ :

Swayam, Coursera, Udemy, and LinkedIn Learning જેવા પ્લેટફોર્મ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન કોર્સ ઓફર કરે છે, જેમાં ડેટા સાયન્સ, ડિજિટલ માર્કેટિંગ અને બિઝનેસ મેનેજમેન્ટ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકારનું 'Digital Gujarat' પોર્ટલ ઓનલાઈન સ્કિલ ડેવલપમેન્ટ કોર્સની માહિતી આપે છે.

**(ખ) ઈન્ટર્નશિપ અને વર્કશોપ :**

ગુજરાતના ટેક્સટાઈલ, ફાર્મા, અને આઈટી ઉદ્યોગોમાં ઈન્ટર્નશિપની તકો ઉપલબ્ધ છે, જે વ્યવહારુ અનુભવ આપે છે.

GIDC અને MSME યોજનાઓ નાના ઉદ્યોગોમાં ટ્રેનિંગ અને ઈન્ટર્નશિપની સુવિધા આપે છે.

**(ગ) સર્ટિફિકેશન કોર્સ :**

Google Analytics, CWI (AWS), CSWIP (TWI), Microsoft Azure, અને Tally જેવા સર્ટિફિકેશન કોર્સ નોકરીની તકો વધારે છે.

ગુજરાતની ITI અને પોલિટેકનિક સંસ્થાઓ ટેકનિકલ સર્ટિફિકેશન ઓફર કરે છે.

**(ઘ) સરકારી પહેલ :**

ગુજરાત સરકારની 'Kaushalya - The Skill University' અને 'Skill India' યોજનાઓ યુવાનોને ટેકનિકલ અને વ્યવસાયિક કૌશલ્યો શીખવવા માટે તાલીમ આપે છે.

**શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ફાયદા**

**રોજગારની તકો :** યોગ્ય શિક્ષણ અને કૌશલ્યો ગુજરાતના ઉદ્યોગો (જેમ કે GIFT સિટી, ટેક્સટાઈલ હબ)માં નોકરી મેળવવાની શક્યતા વધારે છે.

**કારકિર્દીનો વિકાસ :** સતત શીખવાથી ઉચ્ચ હોદ્દા અને વેતનની તકો મળે.

**આત્મવિશ્વાસ :** વ્યવહારુ કૌશલ્યો ઈન્ટરવ્યૂ અને નોકરીમાં આત્મવિશ્વાસ વધારે.

**ઉદ્યમશીલતા :** શિક્ષણ અને કૌશલ્યો ગુજરાતમાં સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે જરૂરી જ્ઞાન અને આત્મવિશ્વાસ આપે.

**ટેકનિકલ સ્કિલ્સનું વિગતવાર વર્ણન**

નીચે કેટલીક મુખ્ય ટેકનિકલ સ્કિલ્સની ચર્ચા કરવામાં આવી છે, જે ૨૧મી સદીની કારકિર્દી માટે અત્યંત મહત્વપૂર્ણ છે :

**કોડિંગ :** પ્રોગ્રામિંગ ભાષાઓ જેવી કે Python અને Java આજે ખૂબ માંગમાં છે. Python એક બહુમુખી ભાષા છે, જે ડેટા સાયન્સ, વેબ ડેવલપમેન્ટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે વપરાય છે. Courseraનો "Python for Everybody" કોર્સ શરૂઆત કરનારાઓ માટે એક આદર્શ વિકલ્પ છે, જે પ્રોગ્રામિંગની મૂળભૂત બાબતો શીખવે છે. Java નો ઉપયોગ મોટાભાગે એન્ટરપ્રાઈઝ-લેવલ એપ્લિકેશન્સ અને એન્ડ્રોઈડ ડેવલપમેન્ટ માટે થાય છે.

**ડેટા એનાલિસિસ :** ડેટા એનાલિસિસ એ આજના ડેટા-આધારિત યુગમાં એક મહત્વપૂર્ણ કૌશલ્ય છે. Excel, Tableau, અને Power BI જેવા ટૂલ્સનો ઉપયોગ ડેટાનું વિશ્લેષણ કરવા અને રિપોર્ટ્સ બનાવવા માટે થાય છે. ૨૦૨૫માં ડેટા એનાલિસ્ટની માંગમાં ૩૦%નો વધારો થયો છે, જે દર્શાવે છે કે આ કૌશલ્ય કેટલું મહત્વપૂર્ણ છે. Tableau નો ઉપયોગ ડેટા વિઝ્યુઅલાઈઝેશન માટે થાય છે, જે વ્યવસાયિક નિર્ણયો લેવામાં મદદ કરે છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ :** AI અને ML આજના ટેક ઉદ્યોગમાં ઝડપથી વિકસી રહ્યા છે. આ કૌશલ્યો શીખવા માટે Coursera અને Udemy પર અનેક કોર્સિસ ઉપલબ્ધ છે, જેમાં નવા શીખનારાઓ માટે પણ સરળ સ્તરના કોર્સનો સમાવેશ થાય છે.

**સંસાધનો :**

**Coursera :** વિવિધ ફ્રી અને પેઈડ કોર્સિસ માટે મુલાકાત લો : https://www.coursera.org

**Udemy :** બજેટ-ફ્રેન્ડલી કોર્સિસ માટે મુલાકાત લો : https://www.udemy.com

**LinkedIn Learning :** સોફ્ટ સ્કિલ્સ અને ટેકનિકલ સ્કિલ્સ માટે વ્યાવસાયિક કોર્સિસ.

**YouTube :** ઘણા નિષ્ણાતો ફ્રી ટ્યુટોરિયલ્સ ઓફર કરે છે, ખાસ કરીને કોડિંગ અને ડેટા એનાલિસિસ માટે.

### શિક્ષણ માટે ટિપ્સ

**સ્થાનિક સંસાધનોનો ઉપયોગ :** ગુજરાતની યુનિવર્સિટીઓ, ITI, અને સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનો લાભ લો.

**ઓનલાઈન શીખો :** ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ઘરે બેઠા નવા કૌશલ્યો શીખો.

**ઈન્ટર્નશિપ :** ભરૂચ, સુરત, અમદાવાદ અને વડોદરાના ઉદ્યોગોમાં ઈન્ટર્નશિપ દ્વારા વ્યવહારુ અનુભવ મેળવો.

### કૌશલ્ય વિકાસ માટે ટિપ્સ

કૌશલ્ય વિકાસ માટે નીચેની ટિપ્સ અનુસરો :

**સમયનું આયોજન :** દર અઠવાડિયે ૨-૫ કલાક ઓનલાઈન લર્નિંગ માટે ફાળવો. નિયમિત અભ્યાસથી તમે તમારા કૌશલ્યોને ઝડપથી વિકસાવી શકો છો.

**સ્થાનિક ઉદ્યોગો પર ધ્યાન :** ટેક્સટાઈલ, ફાર્મા, અને આઈટી જેવા ગુજરાતના મુખ્ય ઉદ્યોગો માટે જરૂરી કૌશલ્યો વિકસાવો.

**વર્કશોપ્સમાં ભાગ લો :** સ્થાનિક અથવા ઓનલાઈન વર્કશોપ્સમાં નિયમિત ભાગ લો. આનાથી તમે વ્યવહારુ અનુભવ મેળવી શકો છો અને નેટવર્કિંગની તકો મેળવી શકો છો.

**પોર્ટફોલિયો બનાવો :** તમે શીખેલા કૌશલ્યોનો ઉપયોગ કરીને નાના પ્રોજેક્ટ્સ બનાવો અને તેને તમારા પોર્ટફોલિયોમાં સામેલ કરો. આ તમને નોકરીની તકો મેળવવામાં મદદ કરશે.

**નવીનતમ વલણો વિષે માહિતગાર રહો :** ટેકનોલોજી અને શિક્ષણના ક્ષેત્રમાં નવીનતમ વિકાસ વિષે જાણકારી મેળવવા માટે LinkedIn, બ્લોગ્સ અને ઈન્ડસ્ટ્રી ન્યૂઝનો ઉપયોગ કરો.

### કેસ સ્ટડી : મુસ્તાકની સફળતા

ભરૂચના મુસ્તાકની સફળતા એક પ્રેરણાદાયી ઉદાહરણ છે. મુસ્તાકે Udemy પર "Python for Data Science" કોર્સ પૂરો કર્યો અને તેના આધારે તેણે એક

પોર્ટફોલિયો બનાવ્યો, જેમાં ડેટા એનાલિસિસના નાના પ્રોજેક્ટ્સનો સમાવેશ હતો. આ પોર્ટફોલિયોની મદદથી તેને અમદાવાદની એક અગ્રણી IT ફર્મમાં ડેટા એનાલિસ્ટ તરીકે નોકરી મળી. મુસ્તાકની સફળતા દર્શાવે છે કે ઓનલાઈન શિક્ષણ, વ્યવહારુ પ્રોજેક્ટ્સ અને સતત પ્રયાસો દ્વારા કેવી રીતે તમારી કારકિર્દીને આગળ લઈ જઈ શકાય છે.

**ચેકલિસ્ટ**

કૌશલ્ય વિકાસની શરૂઆત કરવા માટે નીચેની ચેકલિસ્ટનો ઉપયોગ કરો :

[ ] શું તમે Coursera અથવા Udemy પર કોઈ કોર્સમાં નોંધણી કરી છે?

[ ] શું તમે દર અઠવાડિયે ૪-૫ કલાક ઓનલાઈન લર્નિંગ માટે ફાળવ્યા છે?

[ ] શું તમે સ્થાનિક અથવા ઓનલાઈન વર્કશોપ્સમાં ભાગ લેવાનું આયોજન કર્યું છે?

[ ] શું તમે તમારા કૌશલ્યો દર્શાવતો પોર્ટફોલિયો બનાવવાનું શરૂ કર્યું છે?

**ઉપસંહાર :**

૨૧મી સદીનું શિક્ષણ એક ગતિશીલ અને વ્યવહારુ પ્રક્રિયા છે, જે વિદ્યાર્થીઓને ફક્ત જ્ઞાન જ નહીં, પરંતુ જીવનમાં સફળતા માટે જરૂરી કૌશલ્યો પણ પૂરા પાડે છે. સોફ્ટ સ્કિલ્સ અને ટેકનિકલ સ્કિલ્સનું સંતુલન, ઓનલાઈન શિક્ષણ, વર્કશોપ્સ અને પ્રોજેક્ટ આધારિત અભ્યાસ દ્વારા તમે તમારી કારકિર્દીને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકો છો. મુસ્તાકની જેમ, તમે પણ ઓનલાઈન પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરીને તમારા સપનાઓને વાસ્તવિકતામાં બદલી શકો છો. આજથી જ શરૂઆત કરો, નવું શીખો, અને તમારી કારકિર્દીને આગળ લઈ જાઓ!

## ૨.૪

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ : અભ્યાસક્રમ અને તૈયારી

**(UPSC, GPSC, SSC, NEET, JEE, CUET, GCAS, TET/TAT)**

આજના સતત બદલાતા યુગમાં UPSC, GPSC અને SSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લઈને નોંધપાત્ર ચર્ચા થતી રહે છે. કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓના થોડા પ્રયાસો છતાં આ બાબતે ખાસ પ્રગતિ થઈ નથી. UPSC, GPSC અને SSC ના વધતા મહત્વને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓમાં પ્રેરણા, જાગૃતિ અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના શુભ આશયથી આ પુસ્તકમાં આ પરીક્ષાઓ સંબંધિત પ્રાથમિક તથા ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આશા છે કે ભવિષ્યમાં આ ક્ષેત્રના અનુભવી નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ વધુ નક્કર અને મૂલ્યવાન યોગદાન આપશે, જે નવયુવાનોને તેમના સપના સાકાર કરવામાં મદદ કરશે.

**UPSC અને GPSC જેવી પરીક્ષાઓનું મહત્વ :** UPSC અને GPSC જેવી પરીક્ષાઓ માત્ર કારકિર્દીનો માર્ગ નથી, પરંતુ તે દેશની વહીવટી વ્યવસ્થાને મજબૂત બનાવવાનું માધ્યમ છે. તેના દ્વારા તમે રાષ્ટ્રીય સ્તરે નીતિ-નિર્માણમાં યોગદાન આપી શકો છો, સમાજની સેવા કરી શકો છો અને સ્થિર, પ્રતિષ્ઠિત કારકિર્દી બનાવી શકો છો. તાજેતરના આંકડા મુજબ, આ પરીક્ષાઓ પાસ કરનારા અધિકારીઓએ દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં ઘણી મહત્વની ભૂમિકા ભજવી છે.

### UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન (CSE) એ ભારતની સૌથી પ્રતિષ્ઠિત અને પડકારજનક પરીક્ષાઓમાંની એક છે. તે IAS, IPS, IFS જેવી ઉચ્ચ સ્તરની સેવાઓમાં પ્રવેશ માટેનું દ્વાર છે, જે તમને દેશની સેવા કરવાની અનન્ય તક આપે છે. તેનો અભ્યાસક્રમ અને અભ્યાસ સામગ્રી નીચે મુજબ છે :

**UPSCનો અભ્યાસક્રમ (Syllabus) :**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન (CSE) ત્રણ તબક્કામાં યોજાય છે : પ્રિલિમિનરી (Prelims), મેઈન્સ (Mains), અને ઈન્ટરવ્યૂ (Personality Test).

## UPSC પ્રિલિમ્સ અને મેઈન્સનો અભ્યાસક્રમ અને અભ્યાસ સામગ્રી (૨૦૨૬ની હાલની અપડેટેડ માહિતી)

UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન (CSE) માટેનો અભ્યાસક્રમ સત્તાવાર નોટિફિકેશન (૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬) અનુસાર છે. ૨૦૨૬માં અભ્યાસક્રમમાં કોઈ મોટો ફેરફાર નથી – તે ૨૦૧૩થી જ સ્થિર છે. પ્રિલિમ્સ ૦૭ જૂન ૨૦૨૬ના રોજ થશે. સત્તાવાર માહિતી માટેની PDF, https://upsc.gov.in પરથી ડાઉનલોડ કરો.

**પરીક્ષા પેટર્ન (સંક્ષિપ્ત) :**

- **પ્રિલિમ્સ :** ૨ પેપર (GS-1 + CSAT), કુલ ૪૦૦ માર્ક્સ, ઓબ્જેક્ટિવ (MCQ), નેગેટિવ માર્કિંગ (૧/૩). (ક્વોલિફાઇંગ-તેના માર્ક્સ ફાઇનલ મેરિટમાં ગણાશે નહીં).
- **મેઈન્સ :** ૯ પેપર જેમાં ૨ ક્વોલિફાઇંગ પેપર **+** ૭ મેરિટ પેપર જેના દરેકના ૨૫૦ માર્ક્સ મળી કુલ ૧૭૫૦ માર્ક્સ, ડિસ્ક્રિપ્ટિવ.
- **ઈન્ટરવ્યુ :** ૨૭૫ માર્ક્સ.

મેઈન્સના ૧૭૫૦ માર્ક્સ + ઈન્ટરવ્યુના ૨૭૫ માર્ક્સ મળી કુલ ૨૦૨૫ માર્ક્સમાંથી ફાઈનલ મેરિટ તૈયાર થાય છે.

### UPSC પ્રિલિમ્સ અભ્યાસક્રમ (વિગતવાર – ૨૦૨૬ અનુસાર)

**પેપર-૧ : જનરલ સ્ટડીઝ (GS-1) – ૨૦૦ માર્ક્સ, ૨ કલાક**

- વર્તમાન ઘટનાઓ (મહત્વની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ)
- ભારતનો ઈતિહાસ અને ભારતીય સ્વાતંત્ર્ય આંદોલન
- ભારત અને વિશ્વની ભૂગોળ – ભૌતિક, સામાજિક, આર્થિક ભૂગોળ
- ભારતીય રાજ્યવ્યવસ્થા અને શાસન – બંધારણ, રાજકીય વ્યવસ્થા, પંચાયતી રાજ, જાહેર નીતિ, અધિકાર મુદ્દાઓ વગેરે
- આર્થિક અને સામાજિક વિકાસ – ટકાઉ વિકાસ, ગરીબી, સમાવેશ, વસ્તી વિજ્ઞાન, સામાજિક ક્ષેત્રની યોજનાઓ વગેરે

- પર્યાવરણ, ઈકોલોજી, જીવવિવિધતા અને આબોહવા પરિવર્તનના સામાન્ય મુદ્દાઓ (વિષય વિશેષ જ્ઞાન વિના)
- સામાન્ય વિજ્ઞાન

**પેપર-૨ : સિવિલ સર્વિસીસ એપ્ટિટ્યુડ ટેસ્ટ (CSAT) – ૨૦૦ માર્ક્સ, ૨ કલાક (ક્વોલિફાઈંગ ૩૩% જરૂરી)**

- Comprehension
- વ્યક્તિ વચ્ચેની કુશળતા અને સંપર્ક કુશળતા
- તાર્કિક તર્ક અને વિશ્લેષણાત્મક ક્ષમતા
- નિર્ણય લેવાની અને સમસ્યા હલ કરવાની ક્ષમતા
- સામાન્ય માનસિક ક્ષમતા
- મૂળભૂત અંકગણિત (ક્લાસ-૧૦ સ્તર), ડેટા વ્યાખ્યા (ચાર્ટ, ગ્રાફ, ટેબલ, ડેટા સફિશિયન્સી)
- અંગ્રેજી સમજ (ક્લાસ-૧૦ સ્તર)

**નોંધ :** નેગેટિવ માર્કિંગ ૧/૩. બંને પેપરમાં હાજર રહેવું ફરજિયાત છે.

**UPSC પ્રિલિમ્સ માટે અભ્યાસ સામગ્રી (સ્ટાન્ડર્ડ + અપડેટેડ ૨૦૨૬)**

- **બેઝિક્સ :** NCERT પુસ્તકો (ક્લાસ ૬થી ૧૨) – ઈતિહાસ, ભૂગોળ, પોલિટી, અર્થતંત્ર, વિજ્ઞાન
- **GS-1 :**
  - **ઈતિહાસ :** A Brief History of Modern India - Rajiv Ahir (Spectrum Book) અને History of Modern India by Bipan Chandra
  - **ભૂગોળ :** NCERT + Certificate Physical & Human Geography (G.C. Leong), Majid Husain
  - **પોલિટી :** Indian Polity by M. Laxmikant
  - **અર્થતંત્ર :** Indian Economy by Ramesh Singh / Sanjiv Verma

- ◦ **પર્યાવરણ :** Shankar IAS Environment Book
- ◦ **વર્તમાન :** The Hindu / Indian Express + PT 365 (Vision IAS)

- **CSAT :** RS Aggarwal (Quantitative Aptitude), Analytical Reasoning by MK Pandey, Previous Year Papers
- **ઓલ-ઈન-વન :** Vajiram & Ravi / Drishti IAS / Vision IAS Prelims Notes (અપડેટેડ ૨૦૨૬)
- **પ્રેક્ટિસ :** છેલ્લા ૧૦ વર્ષના UPSC પેપર્સ + મોક ટેસ્ટ (Vision, Forum IAS)

**સલાહ :** ૬-૮ મહિના NCERT પર ફોકસ, પછી સ્ટાન્ડર્ડ બુક્સ. દરરોજ અખબાર + મેપ્સ/ચાર્ટ.

**UPSC મેઈન્સ અભ્યાસક્રમ (વિગતવાર – ૨૦૨૬ અનુસાર)**

**ક્વોલિફાઈંગ પેપર્સ (મેરિટમાં ગણાતા નથી) :**

- **પેપર-A :** ભારતીય ભાષા (ગુજરાતી સહિત ૮મી અનુસૂચિમાંથી) – Comprehension, પ્રેસિસ, વ્યાકરણ, અનુવાદ (૩૦૦ માર્ક્સ)
- **પેપર-B :** અંગ્રેજી – Comprehension, પ્રેસિસ, વ્યાકરણ, અનુવાદ (૩૦૦ માર્ક્સ)

**મેરિટ પેપર્સ (૨૫૦ માર્ક્સના ૭ પેપર - કુલ ૧૭૫૦ માર્ક્સ) :**

- **પેપર-૧ :** નિબંધ (Essay) – ૨૫૦ માર્ક્સ (વર્તમાન/સામાજિક/ રાજકીય મુદ્દાઓ પર)
- **પેપર-૨ :** GS-1 (ઇન્ડિયન હેરિટેજ, ઇતિહાસ, ભૂગોળ) – ૨૫૦ માર્ક્સ
- **પેપર-૩ :** GS-2 (પોલિટી, ગવર્નન્સ, સામાજિક ન્યાય, આંતરરાષ્ટ્રીય સંબંધો) – ૨૫૦ માર્ક્સ
- **પેપર-૪ :** GS-3 (અર્થતંત્ર, વિજ્ઞાન-ટેક, પર્યાવરણ, સુરક્ષા) – ૨૫૦ માર્ક્સ
- **પેપર-૫ :** GS-4 (એથિક્સ, ઇન્ટેગ્રિટી, એપ્ટિટ્યુડ) – ૨૫૦ માર્ક્સ

- **પેપર-૬ & ૭ :** ઑપ્શનલ સબ્જેક્ટ (પેપર-૧ અને ૨) – ૫૦૦ માર્ક્સ (ગુજરાતી, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર વગેરેમાંથી ૧ વિષય પસંદ કરો)

**UPSC મેઈન્સ માટે અભ્યાસ સામગ્રી**

- **નિબંધ :** Yojana, Kurukshetra, Vision Essay Notes
- **GS-1 :** Spectrum (ઈતિહાસ), Nitin Singhania (કલ્ચર), NCERT + GC Leong (ભૂગોળ)
- **GS-2 :** Laxmikant (polity), Subhash Kashyap (constitution), 2nd ARC Reports
- **GS-3 :** Ramesh Singh (economy), Shankar – IAS (environment), Science Reporter
- **GS-4 :** Lexicon (Ethics), Subba Rao, Case Studies (Vision/Drishti)
- **ઑપ્શનલ :** વિષય અનુસાર સ્ટાન્ડર્ડ બુક્સ (ઉદા. ગુજરાતી માટે GPSC/UPSC ગુજરાતી લિટરેચર)
- **General :** India Year Book, Economic Survey, ARC Reports, PIB/Yojana
- **ગુજરાતી માધ્યમ :** Drishti IAS / Liberty / Navdeep નોટ્સ (ગુજરાતીમાં ઉપલબ્ધ)

**સલાહ :** મેઈન્સમાં લેખન પ્રેક્ટિસ મહત્વની છે. પ્રિલિમ્સ પાસ થયા પછી ૫-૬ મહિના મેઈન્સ પર ફોકસ કરો. છેલ્લા વર્ષના પેપર્સ હલ કરો.

**મહત્વની લિંક :** upsc.gov.in → Syllabus અથવા Notification PDF.

**UPSC સિવિલ સર્વિસીસ ઈન્ટરવ્યૂ (Personality Test) – ૨૭૫ માર્ક્સ માટે વિગતવાર માહિતી અને તૈયારી માટે માર્ગદર્શન (૨૦૨૬ અપડેટેડ)**

UPSC CSEના અંતિમ તબક્કામાં Personality Test (ઈન્ટરવ્યૂ) ૨૭૫ માર્ક્સનો છે. આ તબક્કો માત્ર જ્ઞાનની નહીં, પરંતુ તમારું વ્યક્તિત્વ, વ્યવહારિક વિવેક,

નેતૃત્વ ક્ષમતા, નૈતિક અખંડિતતા અને સરકારી અધિકારી તરીકેની યોગ્યતાનું મૂલ્યાંકન કરે છે. ૨૦૨૬માં પણ પેટર્ન અને માર્ક્સ સ્થિર છે – કુલ ફાઈનલ મેરિટ ૨૦૨૫ માર્ક્સ (Mains ૧૭૫૦ + Interview ૨૭૫)માંથી બને છે.

## ૧. ઈન્ટરવ્યૂની મુખ્ય વિગતો (સત્તાવાર)

- **માર્ક્સ** : ૨૭૫ (ફાઈનલ રેન્કિંગમાં મહત્વની ભૂમિકા – ૪૦-૫૦ માર્ક્સનો ફેરફાર સર્વિસ અથવા રેન્ક બદલી શકે છે).
- **સમય** : ૨૦-૩૫ મિનિટ (સામાન્ય રીતે ૨૫-૩૦ મિનિટ).
- **પેનલ** : ૫ સભ્યો (૧ ચેરપર્સન + ૪ સભ્યો) – અનુભવી બ્યુરોક્રેટ્સ, અકાદેમિક્સ અને વિષય વિશેષજ્ઞો.
- **સ્થળ** : UPSC, ધોલપુર હાઉસ, નવી દિલ્હી.
- **ઉદ્દેશ્ય** : તમારી માનસિક સતર્કતા (mental alertness), તર્ક અને વિશ્લેષણ ક્ષમતા, નિર્ણયની સંતુલિતતા, સામાજિક કુશળતા, નેતૃત્વ અને નૈતિક અખંડિતતાનું મૂલ્યાંકન.

**સ્કોર રેન્જ (સામાન્ય અનુભવ)** :

- **સરેરાશ :** ૧૪૦-૧૮૦.
- **સારું :** ૧૯૦-૨૧૦+.
- **ઉત્તમ :** ૨૦૦+ (કેટલાક ટોપર્સે ૨૦૪-૨૨૫ માર્ક્સ મેળવ્યા છે). ન્યૂનતમ સ્કોર ૮૫-૧૨૦ સુધી પણ જઈ શકે છે, તેથી ૨૭૫ માર્ક્સમાં સારું પ્રદર્શન રેન્કમાં મોટો તફાવત લાવે છે.

## ૨. પ્રશ્નોના મુખ્ય પ્રકાર

૯૦%+ પ્રશ્નો **DAF (Detailed Application Form)** પર આધારિત હોય છે. DAF તમારું "ઈન્ટરવ્યૂ સિલેબસ" છે.

- **DAF-આધારિત** : ઘર, જન્મસ્થળ, શિક્ષણ, હોબી, વર્ક એક્સપિરિયન્સ, ઓપ્શનલ સબ્જેક્ટ, અચીવમેન્ટ્સ

- **કરન્ટ અફેર્સ** : રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ (તમારા વિસ્તાર/રાજ્ય સાથે જોડીને)
- **સ્થિતિ-આધારિત/એથિકલ** : "આવી સ્થિતિમાં તમે શું કરશો?" (પ્રોટેસ્ટ, અધિકારી તરીકેના નિર્ણય વગેરે)
- **ઓપિનિયન-બેઝ્ડ** : સરકારી યોજના, સમસ્યા પર તમારો મત
- **પર્સનલ** : તમારી તાકાત-કમજોરી, સિવિલ સર્વિસમાં જોડાવાનું કારણ

**૩. ઈન્ટરવ્યૂના ૨૭૫ માર્ક્સ માટે તૈયારીની સ્ટ્રેટેજી (સ્ટેપ-બાય-સ્ટેપ)**

**સમય** : Mains પાસ થયા પછી તરત શરૂ કરો (૩૦-૬૦ દિવસ તીવ્ર તૈયારી).

**સ્ટેપ-૧ : DAFને પૂર્ણપણે માસ્ટર કરો (સૌથી મહત્વનું)**

- DAFની દરેક લાઈન વાંચીને ૫-૧૦ સંભવિત પ્રશ્નો તૈયાર કરો.
- હોબી પર ઊંડા પ્રશ્નો તૈયાર રાખો (ફક્ત નામ નહીં, તેનાથી તમારા વ્યક્તિત્વનું પ્રતિબિંબ દેખાવું જોઈએ).
- જન્મસ્થળ/રાજ્યની સમસ્યાઓ, વિકાસ, યોજનાઓ અને સ્થાનિક મુદ્દાઓ જાણો.
- શિક્ષણ અને અનુભવને સિવિલ સર્વિસ સાથે જોડો.

**સ્ટેપ-૨ : મોક ઈન્ટરવ્યુ (સૌથી અસરકારક)**

- અઠવાડિયામાં ૨-૩ મોક ઈન્ટરવ્યુ આપો (Vision IAS, Vajiram & Ravi, Drishti, ALS, Sankalp વગેરે).
- દિલ્હી જાઓ અથવા ઓનલાઈન મોક લો.
- વિડિયો રેકોર્ડિંગ જુઓ અને સુધારો કરો (બોલવાની ગતિ, સ્પષ્ટતા, બોડી લેંગ્વેજ).
- ટોપર્સના મોક ઈન્ટરવ્યુ (YouTube પર) જુઓ.

### સ્ટેપ-૩ : કરન્ટ અફેર્સ અને એથિક્સ

- દરરોજ The Hindu / Indian Express + PIB વાંચો.
- Yojana, Kurukshetra, and 2nd ARC Reports વાંચો.
- એથિક્સ કેસ સ્ટડી પ્રેક્ટિસ કરો (Lexicon અથવા Subba Rao).

### સ્ટેપ-૪ : વ્યક્તિત્વ અને કોમ્યુનિકેશન

- સ્પષ્ટ, સંતુલિત અને વિનમ્ર જવાબ આપો (હા/ના નહીં, તર્ક અને ઉદાહરણ સાથે).
- **બોડી લેંગ્વેજ :** આંખનો સંપર્ક, સીધું બેસવું, હાથનું હલનચલન નિયંત્રિત રાખો.
- ગુજરાતી માધ્યમના ઉમેદવારો માટે અંગ્રેજીમાં આત્મવિશ્વાસ વધારો (પરંતુ ગુજરાતીમાં પણ પ્રેક્ટિસ કરો).

### સ્ટેપ-૫ : ૩૦ દિવસની તીવ્ર તૈયારી રૂટિન

- **સવારે :** DAF પ્રશ્નો **+** સ્વ-પ્રેક્ટિસ
- **બપોરે :** કરન્ટ અફેર્સ **+** સ્થાનિક/રાજ્ય મુદ્દાઓ
- **સાંજે :** ૧ મોક અથવા એથિક્સ કેસ
- **રાત્રે :** રિવિઝન અને બોડી લેંગ્વેજ પ્રેક્ટિસ

### ૪. અભ્યાસ સામગ્રી અને સહાયક સ્રોત

- **મુખ્ય** : તમારું DAF + કરન્ટ અફેર્સ નોટ્સ
- **Books :** Lexicon for Ethics, 2nd ARC Reports, India Year Book
- **મોક** : Vajiram, Vision IAS, Drishti, Sankalp, PrepAiro
- **ગુજરાતી/સ્થાનિક** : Liberty/Navdeep/Drishti IAS ગુજરાતી બ્રાન્ચ (અમદાવાદ/સુરતમાં મોક ઉપલબ્ધ)
- **યુટ્યુબ** : ટોપર ઈન્ટરવ્યુ (Anuj Agnihotri, Shakti Dubey વગેરે), Vision IAS Interview Series

### ૫. મહત્વની સલાહ (ટોપર્સ અનુસાર)

- પ્રામાણિક અને સ્વાભાવિક રહો – બોર્ડ તમારી અસલિયત અને વ્યવહારિક વિવેક જુએ છે.
- જવાબમાં ડેટા/ઉદાહરણ સાથે સપોર્ટ કરો.
- ભૂલ થાય તો સ્વીકારો અને આગળ વધો.
- સકારાત્મક અને આત્મવિશ્વાસપૂર્ણ રહો, પરંતુ અહંકારી ન બનો.

**અંતિમ ટિપ :** ૨૭૫ માર્ક્સમાં ૧૯૦**+** સ્કોર તમારી રેન્ક માટે સારા ગણી શકાય. તૈયારીમાં DAF અને મોકને પ્રાથમિકતા આપો.

## GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ)

**અભ્યાસક્રમ :**

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC), ગુજરાતમાં રાજ્ય સરકારની વિવિધ જગ્યાઓ માટે ભરતી પરીક્ષાઓનું આયોજન કરે છે.

https://gpsc.gujarat.gov.in/

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) ની સિવિલ સર્વિસીસ પરીક્ષા, ખાસ કરીને ક્લાસ ૧ અને ૨ (જેમ કે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ગુજરાત સિવિલ સર્વિસ) માટેની પરીક્ષા, ત્રણ તબક્કામાં યોજાય છે : પ્રિલિમિનરી (Prelims), મેઈન્સ (Mains), અને ઇન્ટરવ્યૂ (Personality Test). નીચે દરેક તબક્કાના પેપરો અને તેમના માર્ક્સની વિગતો આપેલ છે, જે GPSC ક્લાસ ૧ અને ૨ પરીક્ષાના સામાન્ય ફોર્મેટ પર આધારિત છે.

### GPSC પ્રિલિમ્સ અને મેઈન્સ અભ્યાસક્રમ + અભ્યાસ સામગ્રી (૨૦૨૬ની હાલની અપડેટેડ માહિતી)

GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ) દ્વારા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (Class-1) અને ગુજરાત સિવિલ સર્વિસ (Class-1 & Class-2) માટેનો અભ્યાસક્રમ સત્તાવાર PDF (Syllabus-of-Gujarat-Administrative-Service-Class-1-and-

Gujarat-Civil-Services-Class-1-and-Class-2.pdf) અનુસાર છે. આ PDF ૨૦૨૬માં પણ અપડેટેડ અને લાગુ છે (કોઈ મોટા ફેરફારની જાહેરાત નથી). ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ના નવા સામાન્ય અભ્યાસક્રમ (INGSS-18-01-2025) તમામ પ્રિલિમ્સ માટે સમાન બનાવવામાં આવ્યો છે, પરંતુ GAS/GCS માટે GS-1 અને GS-2નું વિભાજન જળવાઈ રહ્યું છે.

**પરીક્ષા પેટર્ન (સંક્ષિપ્ત) :**

- **પ્રિલિમ્સ :** ૨ પેપર (GS-1 + GS-2), કુલ ૪૦૦ માર્ક્સ, ઓબ્જેક્ટિવ (MCQ), નેગેટિવ માર્કિંગ (૧/૩), માધ્યમ : ગુજરાતી/અંગ્રેજી. (ક્વોલિફાઈંગ)
- **મેઈન્સ :** ૬ પેપર, કુલ ૯૦૦ માર્ક્સ, ડિસ્ક્રિપ્ટિવ
- **ઈન્ટરવ્યુ :** ૧૦૦ માર્ક્સ. સત્તાવાર PDF ડાઉનલોડ કરવા : gpsc.gujarat.gov.in → Syllabus વિભાગ

**GPSC પ્રિલિમ્સ અભ્યાસક્રમ (વિગતવાર – ૨૦૨૬ અનુસાર)**

**GS-1 (૨૦૦ માર્ક્સ, ૨૦૦ પ્રશ્નો, ૧૨૦ મિનિટ)**

**(ક) ઈતિહાસ**

૧. સિંધુખીણની સભ્યતા (વિશેષતાઓ, સ્થળો, સમાજ, કલા, ધર્મ, ગુજરાત સાથે સંબંધ)

૨. વૈદિક યુગ, જૈન અને બૌદ્ધ ધર્મ

૩. વિદેશી આક્રમણો અને તેમની અસર

૪. મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય (વહીવટ, સમાજ, ધર્મ, અર્થતંત્ર, કલા, સ્થાપત્ય, સાહિત્ય, વિજ્ઞાન)

૫. કનિષ્ક, હર્ષ અને દક્ષિણ ભારતના રાજવંશો

૬. દિલ્હી સલ્તનત, વિજયનગર અને મુઘલ સામ્રાજ્ય

૭. ભક્તિ આંદોલન અને સુફીવાદ

૮. ગુજરાતના ચાવડા, સોલંકી, વાઘેલા રાજવંશો

૯. ગુજરાત સલ્તનત (અહમદશાહ, મહમૂદ બેગડા, બહાદુરશાહ)

૧૦. મુઘલ-મરાઠા કાળમાં ગુજરાત, ગાયકવાડ શાસન

૧૧. યુરોપિયન કંપનીઓનો સંઘર્ષ

૧૨. ગવર્નર-જનરલ અને વાઈસરોય

૧૩. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ (ગુજરાત સંદર્ભ)

૧૪. ૧૯મી સદીના ધાર્મિક-સામાજિક સુધારા (ભારત અને ગુજરાત)

૧૫. સ્વાતંત્ર્ય ચળવળ અને ક્રાંતિકારીઓ

૧૬. સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતના રાજ્યોના સુધારા (સયાજીરાવ ગાયકવાડ, વગેરે)

૧૭. મહાત્મા ગાંધી (વિચાર, સત્યાગ્રહ – ખેડા, બોરસદ, બારડોલી વગેરે)

૧૮. સરદાર પટેલની ભૂમિકા

૧૯. ડૉ. આંબેડકર અને બંધારણ

૨૦. આઝાદી પછીનું ભારત (રાજ્ય પુનર્ગઠન, મહાગુજરાત આંદોલન)

**(ખ) સાંસ્કૃતિક વારસો**

૧. ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો (કલા, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય)

૨. સંત પરંપરા અને લોકમાનસ પર અસર

૩. ભારતીય જીવનશૈલી, મેળા, ઉત્સવો, ખાણી-પીણી, પોશાક

૪. ગુજરાતી સંગીત, નાટક, થિયેટર

૫. ગુજરાતના સંગ્રહાલયો, પુસ્તકાલયો, તીર્થસ્થળો

૬. આદિવાસી જીવન, લોકસાહિત્ય, ભાષા-બોલીઓ

**(ગ) બંધારણ, રાજ્યવ્યવસ્થા, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો**

૧. ભારતીય બંધારણ (ઉત્ક્રાંતિ, વિશેષતાઓ, મૂળભૂત અધિકાર, કર્તવ્ય, DPSP, સુધારા)

૨. કેન્દ્ર-રાજ્ય વ્યવસ્થા, સંસદ-વિધાનસભા

૩. પંચાયતી રાજ, સ્થાનિક સ્વરાજ્ય

૪. બંધારણીય અધિકારીઓ, RTI, જાહેર નીતિ

૫. માનવ અધિકાર, મહિલા/બાળ/SC-ST અધિકાર

૬. ભારતની વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો

**(ઘ) સામાન્ય માનસિક ક્ષમતા :** તાર્કિક ક્ષમતા, સંખ્યા શ્રેણી, કોડિંગ-ડિકોડિંગ, વેન ડાયાગ્રામ, ડેટા ઈન્ટરપ્રિટેશન, ગણિતીય ક્ષમતા (પ્રતિશત, વ્યાજ, સમય-કાર્ય, વગેરે).

**GS-2 (૨૦૦ માર્ક્સ, ૨૦૦ પ્રશ્નો, ૧૨૦ મિનિટ)**

**(ક) ભારતીય અર્થતંત્ર અને આયોજન : (વિગતવાર :** સ્વતંત્રતા પહેલાંનું અર્થતંત્ર, NITI આયોગ, કૃષિ, ઉદ્યોગ, SEZ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગરીબી-બેરોજગારી, જાહેર નાણાં, GST, વિદેશી વેપાર, ગુજરાત અર્થતંત્ર).

**(ખ) ભૂગોળ**

૧. સામાન્ય ભૂગોળ (પૃથ્વી, વાતાવરણ, મહાસાગરો)

૨. ભૌતિક ભૂગોળ (વિશ્વ, ભારત, ગુજરાત)

૩. સામાજિક ભૂગોળ (વસ્તી, સ્થળાંતર, શહેરીકરણ)

૪. આર્થિક ભૂગોળ (કૃષિ, ઉદ્યોગ, વેપાર)

**(ગ) વિજ્ઞાન અને ટેકનોલોજી**

૧. વિજ્ઞાન-ટેકનોલોજીનું મહત્વ, રાષ્ટ્રીય નીતિ

૨. ICT, સાયબર સિક્યોરિટી, E-Governance

૩. અવકાશ (ISRO), ડિફેન્સ (DRDO)

૪. ઊર્જા નીતિ, ન્યુક્લિયર પોલિસી

૫. પર્યાવરણ, બાયોટેકનોલોજી, જીનેટિક એન્જિનિયરિંગ

**(ઘ) પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વર્તમાન ઘટનાઓ.**

**GPSC પ્રિલિમ્સ માટે અભ્યાસ સામગ્રી (સ્ટાન્ડર્ડ + ગુજરાતી માધ્યમ)**

- **ઈતિહાસ + કલ્ચર :** NCERT (૬-૧૨), સ્પેક્ટ્રમ/બિપન ચંદ્ર, નીતિન સિંહાનિયા (કલ્ચર), ગુજરાત ઈતિહાસ (નવદીપ/યુનિક)
- **પોલિટી :** લક્ષ્મીકાંત (ગુજરાતી), બંધારણના મૂળભૂત (અર્જુન અગ્રવાલ)
- **માનસિક ક્ષમતા :** આર.એસ. અગ્રવાલ, પ્રાયોરિટી સ્ટેટમેન્ટ (ગુજરાતી)
- **અર્થતંત્ર :** રમેશ સિંહ (ગુજરાતી), Economic Survey, India Year Book
- **ભૂગોળ :** NCERT + મજીદ હુસેન, ગુજરાત ભૂગોળ (લોકલ બુક)
- **સાયન્સ & ટેક :** NCERT (૬-૧૦), લ્યુસન્ટ, ISRO/DRDO વર્તમાન
- **વર્તમાન ઘટનાઓ :** ગુજરાત સમાચાર/દિવ્ય ભાસ્કર, The Hindu, Yojana, PIB, GPSC માસિક વર્તમાન (લિબર્ટી/નવદીપ)
- **ગુજરાત સ્પેસિફિક :** GPSC ગુજરાત વિશેષ (નવદીપ), Gujarat at a Glance
- **પ્રેક્ટિસ :** છેલ્લા ૧૦ વર્ષના GPSC પેપર્સ + મોક ટેસ્ટ (Vision/ALS/Liberty)

**સલાહ :** ૬-૮ મહિના GS-1 પર ફોકસ, પછી GS-2. દરરોજ અખબાર + મેપ્સ/ચાર્ટ વાંચો.

**GPSC મેઈન્સ અભ્યાસક્રમ (વિગતવાર – ૨૦૨૬ અનુસાર)**

**પેપર-૧ : ગુજરાતી (૧૫૦ માર્ક્સ, ૩ કલાક) :** નિબંધ, સારાંશ, પત્રલેખન, વ્યાકરણ, અનુવાદ (અંગ્રેજી→ગુજરાતી), મુહાવરા-કહેવતો

**પેપર-૨ : English (૧૫૦ માર્ક્સ, ૩ કલાક) :** Essay, Precis, Letter, Comprehension, Translation (ગુજરાતી→અંગ્રેજી), Grammar

**પેપર-૩ : નિબંધ (૧૫૦ માર્ક્સ, ૩ કલાક) :** વર્તમાન મુદ્દાઓ, સામાજિક-આર્થિક-રાજકીય વિષયો (૩ નિબંધ)

**પેપર-૪ : GS-1 (૧૫૦ માર્ક્સ) :** ઇતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભૂગોળ (ભારત + ગુજરાત)

**પેપર-૫ : GS-2 (૧૫૦ માર્ક્સ) :** ભારતીય બંધારણ-રાજ્યવ્યવસ્થા, સામાજિક ન્યાય, પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ઇથિક્સ, આંતરરાષ્ટ્રીય સંબંધો

**પેપર-૬ : GS-3 (૧૫૦ માર્ક્સ) :** અર્થતંત્ર, વિજ્ઞાન-ટેકનોલોજી, પર્યાવરણ, કૃષિ, આયોજન, આપત્તિ વ્યવસ્થાપન

**GPSC મેઈન્સ માટે અભ્યાસ સામગ્રી**

- **ગુજરાતી/અંગ્રેજી :** પોતાની લેખન પ્રેક્ટિસ + પ્રેસિસ બુક્સ (નવદીપ)
- **નિબંધ :** Yojana, Kurukshetra, વર્તમાન મુદ્દાઓની નોટ્સ
- **GS-1 :** Spectrum (ઇતિહાસ), Nitin Singhania (કલ્ચર), NCERT Geography + Gujarat specific
- **GS-2 :** Laxmikant (Polity), + 2nd ARC Reports, Subba Rao (Ethics), and Gujarati books
- **GS-3 :** Ramesh Singh (Economy), Lucent + Science Reporter, Shankar IAS (Environment)
- **સામાન્ય :** India Year Book, Economic Survey, Gujarat Economic Review, ARC Reports, PIB/Yojana
- **ગુજરાતી માધ્યમ :** Liberty, Navdeep, Unique Publishersની મેઈન્સ નોટ્સ

**સલાહ :** મેઈન્સમાં લેખન કુશળતા વિકસાવો. પ્રિલિમ્સ પાસ થયા પછી ૫-૬ મહિના મેઈન્સ પર ફોકસ. છેલ્લા વર્ષના પેપર્સ હલ કરો.

**મહત્વની લિંક :** gpsc.gujarat.gov.in (સત્તાવાર સિલેબસ PDF ડાઉનલોડ કરો).

## GPSC ઈન્ટરવ્યૂ (Personality Test) – ૧૦૦ માર્ક્સ માટે વિગતવાર માહિતી અને તૈયારી માટે માર્ગદર્શન (૨૦૨૬ અપડેટેડ)

GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ) ના ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (Class-1) અને ગુજરાત સિવિલ સર્વિસ (Class-1 & Class-2) માટેનો ઈન્ટરવ્યૂ / પર્સનાલિટી ટેસ્ટ અંતિમ તબક્કો છે. મેઈન્સ પાસ કરનારા ઉમેદવારોને આ તબક્કે બોલાવવામાં આવે છે. ૨૦૨૬માં પણ ૧૦૦ માર્ક્સ જ છે (કુલ મેરિટ Mains ૯૦૦ + Interview ૧૦૦ = ૧૦૦૦ માર્ક્સમાંથી બને છે).

### ૧. ઈન્ટરવ્યૂની મુખ્ય વિગતો

- **માર્ક્સ** : ૧૦૦ (ફાઈનલ મેરિટમાં સીધી અસર – ૧૦-૨૦ માર્ક્સનો ફેરફાર રેન્ક અને સર્વિસ બદલી શકે છે).
- **સમય** : સામાન્ય રીતે ૨૦-૩૦ મિનિટ.
- **પેનલ** : ૪-૫ સભ્યોનું બોર્ડ (ચેરપર્સન સહિત) – અનુભવી અધિકારીઓ, વિષય વિશેષજ્ઞો અને અકાદેમિક્સ.
- **સ્થળ** : GPSC ઓફિસ, અમદાવાદ (સામાન્ય રીતે).
- **ઉદ્દેશ્ય** : તમારી સામાન્ય જાગૃતિ, વ્યક્તિત્વ, અભિવ્યક્તિ, બુદ્ધિમત્તા, પાત્ર અને સર્વિસ માટેની સામાન્ય યોગ્યતાનું મૂલ્યાંકન. તે તમારી માનસિક સતર્કતા, વ્યવહારિક વિવેક અને ગુજરાત સરકારમાં અધિકારી તરીકે કામ કરવાની ક્ષમતા જુએ છે.

**સ્કોર રેન્જ (સામાન્ય અનુભવ)** :

- **સરેરાશ :** ૫૦-૭૦.
- **સારું :** ૭૦-૮૫+.

- **ઉત્તમ : ૮૫-૯૫+** (ટોપર્સમાં ૯૦+ સ્કોર જોવા મળે છે). ન્યૂનતમ સ્કોર ૩૦-૪૦ સુધી પણ જઈ શકે છે, તેથી સારું પ્રદર્શન રેન્કમાં મોટો તફાવત લાવે છે.

## ૨. પ્રશ્નોના મુખ્ય પ્રકાર

GPSC ઈન્ટરવ્યૂમાં કોઈ નક્કી સિલેબસ નથી. મોટા ભાગના પ્રશ્નો DAF (Detailed Application Form) પર આધારિત હોય છે.

- **DAF-આધારિત** : ઘર, જન્મસ્થળ, શિક્ષણ, હોબી, વર્ક એક્સપિરિયન્સ, અચીવમેન્ટ્સ, ગુજરાતી/અંગ્રેજી માધ્યમ વગેરે
- **ગુજરાત-સ્પેસિફિક** : ગુજરાતના વર્તમાન મુદ્દાઓ (કૃષિ, ઉદ્યોગ, પોર્ટ, પર્યાવરણ, આદિવાસી વિસ્તારો, શહેરીકરણ વગેરે), યોજનાઓ (Mukhyamantri schemes), ઈતિહાસ અને સંસ્કૃતિ
- **કરન્ટ અફેર્સ** : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ (ખાસ કરીને ગુજરાત સાથે જોડાયેલા)
- **સ્થિતિ-આધારિત / એથિકલ** : ‘‘આવી સ્થિતિમાં તમે શું કરશો?’’ (જનતાની ફરિયાદ, આપત્તિ વ્યવસ્થાપન વગેરે)
- **પર્સનલ / ઓપિનિયન** : તમારી તાકાત-કમજોરી, સિવિલ સર્વિસમાં જોડાવાનું કારણ, ગુજરાતના વિકાસ પર મત વગેરે

## ૩. ઈન્ટરવ્યૂના ૧૦૦ માર્ક્સ માટે તૈયારીની સ્ટ્રેટેજી (સ્ટેપ-બાય-સ્ટેપ)

**સમય** : મેઈન્સ પાસ થયા પછી તરત શરૂ કરો (૩૦-૪૫ દિવસ તીવ્ર તૈયારી પૂરતી છે).

### સ્ટેપ-૧ : DAFને પૂર્ણપણે માસ્ટર કરો (સૌથી મહત્વનું)

- DAFની દરેક લાઈન વાંચીને ૫-૮ સંભવિત પ્રશ્નો તૈયાર કરો.
- હોબી પર ઊંડા પ્રશ્નો તૈયાર રાખો (ફક્ત નામ નહીં, તેનાથી તમારા વ્યક્તિત્વનું પ્રતિબિંબ દેખાવું જોઈએ).
- જન્મસ્થળ/જિલ્લા/ગુજરાતની સ્થાનિક સમસ્યાઓ, વિકાસ અને યોજનાઓ જાણો.

**સ્ટેપ-૨ : મોક ઈન્ટરવ્યુ (સૌથી અસરકારક)**

- અઠવાડિયામાં ૨-૩ મોક આપો (Liberty, Navdeep, Praajasv Foundation, Bubna's IAS, Sankul વગેરે).
- અમદાવાદ/સુરતમાં કોચિંગમાં જાઓ અથવા ઓનલાઈન મોક લો.
- વિડિયો રેકોર્ડિંગ જુઓ અને ફીડબેક લો (બોલવાની ગતિ, સ્પષ્ટતા, બોડી લેંગ્વેજ).
- GPSC ટોપર્સના મોક ઈન્ટરવ્યુ (YouTube પર) જુઓ.

**સ્ટેપ-૩ : કરન્ટ અફેર્સ અને ગુજરાત-સ્પેસિફિક**

- દરરોજ ગુજરાત સમાચાર / દિવ્ય ભાસ્કર + The Hindu વાંચો.
- ગુજરાત સરકારની વેબસાઈટ, Yojana (ગુજરાતી), GPSC માસિક વર્તમાન વાંચો.
- ગુજરાતના મુદ્દાઓ (વિકાસ, પોર્ટ, SEZ, આબોહવા પરિવર્તન, આદિવાસી વિકાસ વગેરે) પર ફોકસ.

**સ્ટેપ-૪ : વ્યક્તિત્વ અને કોમ્યુનિકેશન**

- સ્પષ્ટ, સંતુલિત અને વિનમ્ર જવાબ આપો (હા/ના નહીં, તર્ક અને ઉદાહરણ સાથે).
- **બોડી લેંગ્વેજ :** આંખનો સંપર્ક, સીધું બેસવું, હાથનું હલનચલન નિયંત્રિત રાખો.
- ગુજરાતી માધ્યમના ઉમેદવારો માટે અંગ્રેજીમાં પણ આત્મવિશ્વાસ વધારો (પરંતુ ગુજરાતીમાં પ્રેક્ટિસ કરો).

**સ્ટેપ-૫ : ૩૦ દિવસની તીવ્ર તૈયારી રૂટિન**

- **સવારે :** DAF પ્રશ્નો + સ્વ-પ્રેક્ટિસ
- **બપોરે :** ગુજરાત + કરન્ટ અફેર્સ
- **સાંજે :** ૧ મોક અથવા એથિક્સ/સ્થિતિ આધારિત પ્રશ્નો

- રાત્રે : રિવિઝન અને બોડી લેંગ્વેજ પ્રેક્ટિસ

### ૪. અભ્યાસ સામગ્રી અને સહાયક સ્રોત

- **મુખ્ય** : તમારું DAF + ગુજરાત વર્તમાન નોટ્સ
- **બુક્સ/મટિરિયલ** : Liberty/Navdeep GPSC Interview Guide, ગુજરાત સમાચાર સારાંશ, Yojana (ગુજરાતી)
- **મોક** : Liberty, Navdeep, Praajasv Foundation, Bubna's IAS, Sankul (અમદાવાદ/સુરત)
- **યુટ્યુબ** : GPSC ટોપર મોક ઈન્ટરવ્યુ (Vishwa Pathak વગેરે), Himansu Parekh Sir ના ગાઈડન્સ વીડિયો

### ૫. મહત્વની સલાહ (ટોપર્સ અનુસાર)

- પ્રામાણિક અને સ્વાભાવિક રહો – બોર્ડ તમારી અસલિયત અને વ્યવહારિક વિવેક જુએ છે.
- જવાબમાં ગુજરાતના સંદર્ભ અને ઉદાહરણ આપો.
- ભૂલ થાય તો સ્વીકારો અને આગળ વધો.
- સકારાત્મક અને આત્મવિશ્વાસપૂર્ણ રહો, પરંતુ અહંકારી ન બનો.
- ગુજરાતના વિકાસ અને સમસ્યાઓ પર મજબૂત પકડ રાખો.

**અંતિમ ટિપ** : ૧૦૦ માર્ક્સમાં ૭૫**+** સ્કોર તમારી રેન્ક માટે સારો સ્કોર ગણાય. તૈયારીમાં DAF અને મોકને પ્રાથમિકતા આપો.

## SSC (સ્ટાફ સિલેક્શન કમિશન)

સ્ટાફ સિલેક્શન કમિશન સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકારની વિવિધ જગ્યાઓ માટે ભરતી પરીક્ષાઓનું આયોજન કરે છે.

**ઉદાહરણો :** કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં, આવકવેરા નિરીક્ષક, ઓડિટર, CGL, CHSL, JE, CAPF, Constable (GD) અને અન્ય હોદ્દાઓ માટે ભરતી.

**અભ્યાસક્રમ (Syllabus) :**

SSC પરીક્ષાઓ સામાન્ય રીતે ચાર મુખ્ય વિષયો પર આધારિત હોય છે :

**૧. જનરલ ઈન્ટેલિજન્સ અને રીઝનિંગ (General Intelligence & Reasoning) :**

**વિષયો :** એનાલોજી, કોડિંગ-ડિકોડિંગ, સિરીઝ, લોજિકલ રીઝનિંગ, નોન-વર્બલ રીઝનિંગ, પઝલ્સ, વગેરે.

**ઉદ્દેશ :** ઉમેદવારની તાર્કિક અને વિશ્લેષણાત્મક ક્ષમતા તપાસવી.

**૨. જનરલ અવેરનેસ (General Awareness) :**

**વિષયો :** ભારતીય ઈતિહાસ, ભૂગોળ, અર્થતંત્ર, રાજ્યવ્યવસ્થા, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, કરંટ અફેર્સ.

**ઉદ્દેશ :** ઉમેદવારની સામાન્ય જાગૃતિ અને વર્તમાન ઘટનાઓની જાણકારી ચકાસવી.

**૩. ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ (Quantitative Aptitude) :**

**વિષયો :** અંકગણિત (ટકાવારી, નફો-નુકસાન, સરેરાશ), આલ્જેબ્રા, ભૂમિતિ, મેન્સુરેશન, ટ્રિગ્નોમેટ્રી, ડેટા ઈન્ટરપ્રિટેશન.

**ઉદ્દેશ :** ગાણિતિક અને આંકડાકીય કૌશલ્યોનું મૂલ્યાંકન.

**૪. ઈંગ્લિશ લેંગ્વેજ (English Language) :**

**વિષયો :** ગ્રામર, વોકેબ્યુલરી, રીડિંગ કોમ્પ્રિહેન્શન, સેન્ટેન્સ કરેકશન, સિનોનિમ્સ-એન્ટોનિમ્સ.

**ઉદ્દેશ :** અંગ્રેજી ભાષાની સમજ અને ઉપયોગની ક્ષમતા તપાસવી.

**નોંધ :** કેટલીક પરીક્ષાઓ (જેમ કે SSC CGL Tier-II)માં વધારાના વિષયો જેવા કે સ્ટેટિસ્ટિક્સ અથવા ફાઈનાન્સ અને ઈકોનોમિક્સનો સમાવેશ થઈ શકે છે. ટાયર-IIIમાં ડિસ્ક્રિપ્ટિવ પેપર (નિબંધ/પત્ર લેખન) હોય છે.

**અભ્યાસ સામગ્રી (Study Material) :**

**પુસ્તકો :**

**Reasoning :** R.S. Aggarwal (A Modern Approach to Verbal & Non-Verbal Reasoning).

**ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ :** આર.એસ. અગ્રવાલ (Quantitative Aptitude for Competitive Examinations), કિરણ પ્રકાશન.

**ઈંગ્લિશ :** એસ.પી. બક્ષી (Objective General English), વ્રેન એન્ડ માર્ટિન (High School English Grammar).

**જનરલ અવેરનેસ :** લ્યુસન્ટ જનરલ નોલેજ, મનોરમા યરબુક, અખબારો (The Hindu, Indian Express).

**ઓનલાઈન સ્રોત :**

વેબસાઇટ્સ :

https://ssc.gov.in/

https://www.adda247.com/

https://testbook.com/

Gradeup, etc.

**YouTube ચેનલ્સ :** Unacademy, Study IQ, Adda247.

**મોબાઈલ એપ્સ :** Testbook, Oliveboard, BYJU's Exam Prep.

**પ્રેક્ટિસ માટે :**

SSCના અગાઉના વર્ષોના પેપર્સ (Previous Year Question Papers).

મોક ટેસ્ટ સિરીઝ (Online Mock Tests).

દૈનિક ક્વિઝ અને કરંટ અફેર્સ નોંધો.

**ટિપ્સ :**

**સમય વ્યવસ્થાપન :** દરેક વિષય માટે સમય ફાળવો અને નિયમિત પ્રેક્ટિસ કરો.

**કરંટ અફેર્સ :** દૈનિક અખબારો અને માસિક મેગેઝિન વાંચો.

**મોક ટેસ્ટ :** નિયમિત મોક ટેસ્ટ આપીને તમારી તૈયારીનું મૂલ્યાંકન કરો.

**નોંધ :** SSCની સત્તાવાર વેબસાઈટ (https://ssc.gov.in/) પરથી ચોક્કસ અભ્યાસક્રમ અને પરીક્ષા પેટર્ન ડાઉનલોડ કરો.

**સરકારી નોકરીના કેટલાક ખાસ લાભો :**

**સ્થિરતા :** સરકારી નોકરીઓ નાણાકીય અને વ્યાવસાયિક સ્થિરતા આપે છે.

**સામાજિક પ્રતિષ્ઠા :** ગુજરાતના સમાજમાં સરકારી અધિકારીઓને ઉચ્ચ સન્માન મળે છે.

**લાભો :** પેન્શન, આરોગ્ય સુવિધાઓ, અને રજાઓ જેવા લાભો.

**સામાજિક અસર :** વહીવટ, શિક્ષણ અને પોલીસ સેવાઓ દ્વારા સમાજમાં યોગદાન આપવાની તક.

**ટિપ્સ :**

**સ્થાનિક ફોકસ :** GPSC અને ગુજરાત સરકારની નોકરીઓ માટે ગુજરાતના ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કરો.

**ઓનલાઈન સંસાધનો :** OJAS પર નિયમિત નોકરીની જાહેરાતો તપાસો.

**સમુદાયનો લાભ :** ગુજરાતના સ્પર્ધાત્મક પરીક્ષા ગ્રૂપ્સ (જેમ કે Telegram, WhatsApp) માં જોડાઈને અભ્યાસ સામગ્રી અને ટિપ્સ શેર કરો.

**નિયમિત પ્રેક્ટિસ :** ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રશ્નપત્રો ઉકેલો અને મૉક ટેસ્ટ આપો.

**નોંધ :** UPSC, GPSC અને SSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે, કૃપા કરીને નીચે આપેલ લિંક/QR કોડનો ઉપયોગ કરીને આ પુસ્તકમાં ઉલ્લેખિત

પુસ્તકોની સાથે બીજા કેટલાક ઉપયોગી પુસ્તકો અને ઓનલાઈન સંસાધનોની યાદી મેળવો.

https://www.mytankaria.com/people/career-guidance

## NEET (NATIONAL ELIGIBILITY CUM ENTRANCE TEST)

**પરીક્ષાનું વિહંગાવલોકન, વ્યૂહરચના, કારકિર્દીનો અવકાશ અને અભ્યાસ સામગ્રી**

### ૧. નીટની ઝાંખી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) NEETનું આયોજન કરે છે, જે MBBS (બેચલર ઓફ મેડિસિન એન્ડ બેચલર ઓફ સર્જરી), BDS (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી), આયુષ અભ્યાસક્રમો (BAMS, BHMS, વગેરે), પશુ ચિકિત્સા વિજ્ઞાન અને અન્ય સંલગ્ન તબીબી કાર્યક્રમોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય સ્તરની એકમાત્ર પ્રવેશ પરીક્ષા છે.

**મુખ્ય લક્ષણો :**

- **મોડ :** ઓફલાઈન (પેન-અને-કાગળ-આધારિત)
- **સમયગાળો :** ૩ કલાક ૨૦ મિનિટ
- **વિષયો :** ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન (વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર)
- **કુલ પ્રશ્નો :** ૨૦૦ (જેમાંથી ૧૮૦ પ્રશ્નોના જવાબ આપવા)
- **કુલ ગુણ :** ૭૨૦
- **નેગેટિવ માર્કિંગ :** લાગુ પડે છે

સીટોની મર્યાદિત સંખ્યા અને મોટી સંખ્યામાં અરજદારોને કારણે NEET એક અત્યંત સ્પર્ધાત્મક પરીક્ષા છે.

### ૨. પરીક્ષાનું પેટર્ન

- **ફિઝિક્સ :** ૪૫ પ્રશ્નો, ૧૮૦ ગુણ

- **રસાયણશાસ્ત્ર :** ૪૫ પ્રશ્નો, ૧૮૦ ગુણ
- **જીવવિજ્ઞાન :** ૯૦ પ્રશ્નો, ૩૬૦ ગુણ
- **કુલ :** ૧૮૦ પ્રશ્નો, ૭૨૦ ગુણ

**૩. તૈયારીની વ્યૂહરચના :**

**(ક) વૈચારિક સ્પષ્ટતા (concept clarity) (સૌથી મહત્વપૂર્ણ) :**

- ધોરણ ૧૧ અને ૧૨ માટે NCERT પાઠ્યપુસ્તકો પર ધ્યાન કેન્દ્રિત કરો.
- સ્પષ્ટ સમજ વિના યાદ રાખવાને બદલે વિભાવનાઓ (Concepts) ને સમજો.
- જીવવિજ્ઞાનનો line-by-line અભ્યાસ કરો.

**(ખ) સમય વ્યવસ્થાપન :**

- અભ્યાસનો સમય સંતુલિત રીતે ફાળવો.
- **જીવવિજ્ઞાન :** ૪૦-૫૦ ટકા.
- **રસાયણશાસ્ત્ર :** ૨૫-૩૦ ટકા.
- **ફિઝિક્સ :** ૨૫-૩૦ ટકા.

**(ગ) અભ્યાસ તથા મોક ટેસ્ટ :**

- દરરોજ MCQ (બહુવિકલ્પીય પ્રશ્નો) નો અભ્યાસ કરો (૧૦૦-૧૫૦ પ્રશ્નો).
- સાપ્તાહિક પૂર્ણ-લંબાઈના મોક ટેસ્ટ લો.
- ભૂલોનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરો.

**(ઘ) પુનરાવર્તનની વ્યૂહરચના :**

- સાપ્તાહિક અને માસિક ધોરણે નોંધોનું નિયમિતપણે પુનરાવર્તન કરો.
- ભૂલો માટે અલગ નોટબુક રાખો.

- છેલ્લા મહિનામાં પુનરાવર્તન માટે ટૂંકી નોંધોનો ઉપયોગ કરો.

### (ચ) વિષય મુજબની ટીપ્સ :

**બાયોલોજી :**

- NCERT સૌથી મહત્વપૂર્ણ અને પર્યાપ્ત સંસાધન છે.
- આકૃતિઓ, કોષ્ટકો અને મુખ્ય શબ્દો યાદ રાખો.

**રસાયણશાસ્ત્ર :**

- ભૌતિક રસાયણશાસ્ત્રને સંખ્યાત્મક અભ્યાસની જરૂર છે.
- ઓર્ગેનિક રસાયણશાસ્ત્ર માટે NCERT સાથે પ્રતિક્રિયા પદ્ધતિઓની સમજણ જરૂરી છે.
- અકાર્બનિક રસાયણશાસ્ત્ર મોટાભાગે NCERT આધારિત છે અને પ્રશ્નો સીધા પૂછાય છે.

**ભૌતિકશાસ્ત્ર :**

- વૈચારિક સમજણ અને સૂત્રોના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરો.
- અગાઉના વર્ષોના પ્રશ્નોનો નિયમિતપણે અભ્યાસ કરો.

## ૪. NEET પછી કારકિર્દીનો અવકાશ

NEET તબીબી અને સંલગ્ન આરોગ્ય વિજ્ઞાનમાં કારકિર્દીની વિશાળ શ્રેણી માટે માર્ગ ખોલે છે.

### મુખ્ય તબીબી કારકિર્દીઓ :

- ડોક્ટર (MBBS)
- દંત ચિકિત્સક (BDS)
- આયુર્વેદિક ડૉક્ટર (BAMS)
- હોમ્યોપેથિક ડોક્ટર (BHMS)

**સંલગ્ન ક્ષેત્રો :**

- ફિઝિયોથેરાપી
- નર્સિંગ
- ફાર્મસી
- મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી

**ઉન્નત કારકિર્દી વિકલ્પો :**

- એમડી/એમએસ (સ્પેશ્યલાઈઝેશન)
- બાયોમેડિકલ સાયન્સમાં સંશોધન
- હોસ્પિટલનો વહીવટ
- જાહેર આરોગ્ય સેવાઓ

**અન્ય તકો :**

- ઉચ્ચ અભ્યાસ પછી શિક્ષણ
- સરકારી આરોગ્ય સેવાઓ
- આંતરરાષ્ટ્રીય તબીબી કારકિર્દી (લાયકાત લાઈસન્સિંગ પરીક્ષાઓ પછી)

**૫. ભલામણ કરેલ અભ્યાસ સામગ્રી**

**પુસ્તકો :**

**જીવવિજ્ઞાન :**

- NCERT બાયોલોજી (ધોરણ ૧૧ અને ૧૨)
- ટ્રુમેન્સ બાયોલોજી (અભ્યાસ માટે)

**રસાયણશાસ્ત્ર :**

- NCERT રસાયણશાસ્ત્ર (ધોરણ ૧૧ અને ૧૨)
- ભૌતિક રસાયણશાસ્ત્ર માટે સંખ્યાત્મક અભ્યાસ પુસ્તકો

- ઓર્ગેનિક રસાયણશાસ્ત્ર માટે પ્રમાણભૂત પ્રતિક્રિયા આધારિત માર્ગદર્શિકાઓ

**ભૌતિકશાસ્ત્ર :**

- NCERT ભૌતિકશાસ્ત્ર (મૂળભૂત સમજણ માટે)
- MCQ અભ્યાસ માટે ઓબ્જેક્ટિવ ભૌતિકશાસ્ત્રના પુસ્તકો

**૬. અભ્યાસ માટેના સંસાધનો**

- પાછલા વર્ષના પ્રશ્નપત્રો (૧૦-૧૫ વર્ષ)
- મોક ટેસ્ટ શ્રેણી (ઓનલાઈન અને ઓફલાઈન)

**૭. ઉપયોગી ઓનલાઈન સંસાધનો :**

**યુટ્યુબ ચેનલો**

- Physics Wallah
- Unacademy NEET
- Vedantu NEET
- Aakash BYJU'S NEET

આ મંચો વિભાવનાઓ અંગેના વ્યાખ્યાન, પુનરાવર્તન સત્રો અને મોક ટેસ્ટ ચર્ચાઓ પ્રદાન કરે છે.

**૮. ટાળવા માટેની સામાન્ય ભૂલો :**

- NCERT ની અવગણના કરવી, ખાસ કરીને જીવવિજ્ઞાનમાં.
- માત્ર એક જ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- પુનરાવર્તનનો અભાવ.
- મોક ટેસ્ટનું વિશ્લેષણ ન કરવું.
- યોગ્ય સમયપત્રક વિના અભ્યાસ કરવો.

**૯. અંતિમ વ્યૂહરચના (પરીક્ષાલક્ષી) :**

- NCERT અભ્યાસક્રમ પર મજબૂત નિયંત્રણ જાળવી રાખો.
- દરરોજ MCQ (બહુવિકલ્પીય પ્રશ્નો) નો અભ્યાસ કરો.
- નિયમિતપણે ટેસ્ટ આપો.
- સમય મર્યાદામાં મોક ટેસ્ટ કરવાનો પ્રયાસ કરો.
- ચોકસાઈ તથા ઝડપ બંને પર ધ્યાન કેન્દ્રિત કરો.

**૧૦. એક વાક્યમાં સારાંશ (પુનરાવર્તન માટે)**

અત્યંત સ્પર્ધાત્મક વાતાવરણમાં NEETમાં સફળ થવા માટે NCERT આધારિત મજબૂત વૈચારિક સમજણ, સતત અભ્યાસ અને શિસ્તબદ્ધ પુનરાવર્તનની જરૂર છે.

## JEE (Joint Entrance Examination)

**પરીક્ષાનું વિહંગાવલોકન, વ્યૂહરચના, કારકિર્દીનો અવકાશ અને અભ્યાસ સામગ્રી**

**૧. JEE નું વિહંગાવલોકન**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE મેઈન) નું આયોજન કરે છે જ્યારે ભારતીય તકનીકી સંસ્થાઓ JEE એડવાન્સનું આયોજન કરે છે. JEE એ B.E./B.Tech, B.Arch. (આર્કિટેક્ચર) અને B.Planning સહિતના એન્જિનિયરિંગ અભ્યાસક્રમો માટે રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષા છે. JEE મેઈન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (NITs), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી (IIITs) અને અન્ય સંસ્થાઓમાં પ્રવેશ તરફ દોરી જાય છે.

JEE એડવાન્સ ભારતીય તકનીકી સંસ્થાઓ (IITs) માં પ્રવેશ તરફ દોરી જાય છે.

**મુખ્ય લક્ષણો :**

**JEE મેઈન :**

- **મોડ :** કમ્પ્યુટર આધારિત કસોટી
- **વિષયો :** ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત
- દર વર્ષે બહુવિધ સત્રોમાં યોજાય છે
- બહુવિધ પસંદગીના પ્રશ્નો અને સંખ્યાત્મક-આધારિત પ્રશ્નો

**JEE એડવાન્સ :**

- **મોડ :** કમ્પ્યુટર આધારિત કસોટી
- અત્યંત વિશ્લેષણાત્મક અને વૈચારિક આધારિત પરીક્ષા
- બે પેપર (પેપર ૧ અને પેપર ૨) નો સમાવેશ થાય છે

JEE ભારતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક મહત્વની પરીક્ષા છે, ખાસ કરીને IIT માં પ્રવેશ માટે.

## ૨. પરીક્ષાનું પેટર્ન (સરળ)

**JEE મેઈન**

- **ફિઝિક્સ :** ૨૫ પ્રશ્નો, ૧૦૦ ગુણ
- **રસાયણશાસ્ત્ર :** ૨૫ પ્રશ્નો, ૧૦૦ ગુણ
- **ગણિત :** ૨૫ પ્રશ્નો, ૧૦૦ ગુણ
- **કુલ :** ૭૫ પ્રશ્નો, ૩૦૦ ગુણ

**JEE એડવાન્સ**

- બે ફરજિયાત પેપરોનો સમાવેશ થાય છે.
- બહુવિધ પસંદગીના પ્રશ્નો અને સંખ્યાત્મક-આધારિત પ્રશ્નો શામેલ છે.
- માર્કિંગ સ્કીમ દર વર્ષે બદલાય છે.

## ૩. તૈયારીની વ્યૂહરચના

### (ક) વૈચારિક ઊંડાણ (મુખ્ય જરૂરિયાત)

- ધોરણ ૧૧ અને ૧૨ ની વિભાવનાઓની મજબૂત સમજણ વિકસાવવી.
- રટણને બદલે એપ્લિકેશન અને સમસ્યા નિરાકરણ પર ધ્યાન કેન્દ્રિત કરો.

### (ખ) અભ્યાસની યોજના

- તમારી તૈયારીના સ્તરના આધારે દરરોજ ૬ થી ૮ કલાક અભ્યાસ કરો.
- ત્રણેય વિષયો પર સંતુલિત ધ્યાન રાખો.
- સુવ્યવસ્થિત સમયપત્રકનું પાલન કરો.

### (ગ) વ્યવહારુ વ્યૂહરચના

- ઉચ્ચ ગુણવત્તાના બહુવિધ પસંદગીના પ્રશ્નો અને સંખ્યાત્મક સમસ્યાઓ ઉકેલો.
- અગાઉના વર્ષોના પ્રશ્નોનો અભ્યાસ કરો.
- નિયમિતપણે મોક ટેસ્ટ કરવાનો પ્રયાસ કરો.

### (ઘ) પુનરાવર્તનની વ્યૂહરચના :

- દરેક અઠવાડિયે તમામ વિષયોનું પુનરાવર્તન કરો.
- ઝડપી પુનરાવર્તન માટે સૂત્રપત્રકો (ફોર્મ્યુલા શીટ્સ) જાળવો.
- ભૂલો ઓળખો અને નબળા ક્ષેત્રો પર કામ કરો.

### (ચ) વિષય મુજબની ટીપ્સ :

**ભૌતિકશાસ્ત્ર :**

- વૈચારિક સમજણ અને ઉત્પન્ન પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરો.
- વિવિધ પરિસ્થિતિઓમાં સૂત્રોનો ઉપયોગ કરો.

**રસાયણશાસ્ત્ર :**

- ભૌતિક રસાયણશાસ્ત્રને સંખ્યાત્મક અભ્યાસની જરૂર છે.
- ઓર્ગેનિક રસાયણશાસ્ત્રને પ્રતિક્રિયા પદ્ધતિઓની સમજણની જરૂર છે.
- અકાર્બનિક રસાયણશાસ્ત્ર મોટાભાગે NCERT આધારિત છે અને તે યાદ રાખવું જરૂરી બને છે.

**ગણિત :**

- નિયમિત અભ્યાસ જરૂરી છે.
- ઝડપ અને ચોકસાઈ બંને પર ધ્યાન કેન્દ્રિત કરો.
- વિવિધ સમસ્યાઓ ઉકેલો.

## ૪. JEE પછી કારકિર્દીનો અવકાશ

JEE એ એન્જિનિયરિંગ, ટેકનોલોજી અને સંબંધિત ક્ષેત્રોમાં વિવિધ કારકિર્દી માટે માર્ગ ખોલે છે.

**મુખ્ય ઈજનેરી ક્ષેત્રો :**

- કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ
- મિકેનિકલ એન્જિનિયરિંગ
- સિવિલ એન્જિનિયરિંગ
- ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
- ઈલેક્ટ્રોનિક્સ અને કમ્યુનિકેશન એન્જિનિયરિંગ

**ઉભરતા ક્ષેત્રો :**

- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ
- ડેટા સાયન્સ
- રોબોટિક્સ
- સાયબર સુરક્ષા

**ઉચ્ચ શિક્ષણ અને સંશોધન :**

- M.Tech અથવા M.S. (ભારત અથવા વિદેશમાં)
- સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી)
- શૈક્ષણિક કારકિર્દી

**અન્ય કારકિર્દી વિકલ્પો :**

- જાહેર ક્ષેત્રની નોકરીઓ (PSU)
- ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સ
- મેનેજમેન્ટ (એમબીએ)
- નાગરિક સેવાઓ

**૫. ભલામણ કરેલ અભ્યાસ સામગ્રી**

**પુસ્તકો**

**ભૌતિકશાસ્ત્ર**

- NCERT ભૌતિકશાસ્ત્ર (મૂળભૂત ખ્યાલો માટે)
- એચ.સી. વર્મા, કન્સેપ્ટ્સ ઓફ ફિઝિક્સ
- પ્રેક્ટિસ માટે ઓબ્જેક્ટિવ ફિઝિક્સ પુસ્તકો

**રસાયણશાસ્ત્ર :**

- NCERT રસાયણશાસ્ત્ર (ધોરણ ૧૧ અને ૧૨)
- ઓર્ગેનિક અને ભૌતિક રસાયણશાસ્ત્ર માટે પ્રમાણભૂત પુસ્તકો

**ગણિત**

- NCERT ગણિત
- પ્રમાણભૂત સમસ્યા-નિરાકરણનાં પુસ્તકો

**પ્રેક્ટિસ સંસાધનો :**

- પાછલા વર્ષોના પ્રશ્નપત્રો (છેલ્લા ૨૦ વર્ષ)
- ઓનલાઈન મોક ટેસ્ટ શ્રેણી

**૬. ઉપયોગી ઓનલાઈન સંસાધનો :**

Physics Wallah, Unacademy JEE, Vedantu JEE, Aakash BYJU'S JEE જેવા શૈક્ષણિક પ્લેટફોર્મ અસરકારક શિક્ષણ અને પ્રેક્ટિસ માટે વૈચારિક વ્યાખ્યાન, પુનરાવર્તન સત્રો અને મોક ટેસ્ટ ચર્ચાઓ પ્રદાન કરે છે.

**૭. ટાળવા માટેની સામાન્ય ભૂલો :**

- NCERT ની મૂળભૂત બાબતોને અવગણવી.
- સતત અભ્યાસનો અભાવ.
- નિયમિતપણે પુનરાવર્તન ન કરવું.
- સ્વ-અભ્યાસ વિના કોચિંગ પર વધુ પડતી નિર્ભરતા.
- માત્ર એક જ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- મોક ટેસ્ટનું વિશ્લેષણ ન કરવું.
- યોગ્ય સમયપત્રક વિના અભ્યાસ કરવો.

**૮. અંતિમ વ્યૂહરચના (પરીક્ષાલક્ષી)**

- મજબૂત ફંડામેન્ટલ્સનું નિર્માણ કરો.
- વિવિધ પ્રકારની સમસ્યાઓનો અભ્યાસ કરો.
- નિયમિત મોક ટેસ્ટ લો.
- અસરકારક સમય વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરો.
- ચોકસાઈમાં સુધારો કરો અને નકારાત્મક માર્કિંગ ઘટાડો.

## ૯. એક વાક્યમાં સારાંશ (પુનરાવર્તન માટે)

અત્યંત સ્પર્ધાત્મક વાતાવરણમાં સફળ થવા માટે JEE માં સફળતા માટે મજબૂત વૈચારિક સમજણ, સખત પ્રેક્ટિસ અને સતત પુનરાવર્તન જરૂરી છે.

## CUET (કોમન યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા)

### પરીક્ષાની ઝાંખી, વ્યૂહરચના, કારકિર્દીનો અવકાશ અને અભ્યાસ સામગ્રી

### ૧. CUET ની ઝાંખી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સમગ્ર ભારતમાં કેન્દ્રીય, રાજ્ય, ડીમ્ડ અને ભાગ લેનારી યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા (CUET)નું આયોજન કરે છે. CUET વિદ્યાર્થીઓને એક જ પરીક્ષા દ્વારા બહુવિધ યુનિવર્સિટીઓમાં અરજી કરવાની સિંગલ વિન્ડો સુવિધા પૂરી પાડે છે, જે પ્રવેશ પ્રક્રિયામાં માનકીકરણ અને ન્યાયસંગતતા સુનિશ્ચિત કરે છે.

**મુખ્ય વિશેષતાઓ :**

- **મોડ :** કમ્પ્યુટર આધારિત કસોટી
- **માધ્યમ :** અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ સહિત બહુવિધ ભાષાઓ
- **વિભાગો :** ભાષા કસોટી, ડોમેન-વિશિષ્ટ વિષયો અને સામાન્ય કસોટી
- **પ્રશ્ન પ્રકાર :** વસ્તુનિષ્ઠ (બહુવિધ પસંદગીના પ્રશ્નો)
- **માર્કિંગ સ્કીમ :** દરેક સાચા જવાબ માટે ચાર ગુણ આપવામાં આવે છે અને દરેક ખોટા જવાબ માટે એક ગુણ કાપવામાં આવે છે

### ૨. પરીક્ષાનું પેટર્ન (સરળ)

પરીક્ષામાં ત્રણ વિભાગો હોય છે :

- **વિભાગ I :** ભાષા – વાંચન સમજણ, વ્યાકરણ અને શબ્દભંડોળનો સમાવેશ થાય છે.

- **વિભાગ II :** ડોમેન વિષયો – ભૌતિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ વગેરે જેવા વિષયોનો સમાવેશ થાય છે.
- **વિભાગ III :** સામાન્ય કસોટી – સામાન્ય જ્ઞાન, તર્કશક્તિ અને માત્રાત્મક યોગ્યતાનો સમાવેશ થાય છે.

ઉમેદવારો તેમના ઇચ્છિત અભ્યાસક્રમ અને સંબંધિત યુનિવર્સિટીઓની જરૂરિયાતોના આધારે વિષયો પસંદ કરી શકે છે.

## ૩. તૈયારીની વ્યૂહરચના

### (ક) અભ્યાસક્રમ સમજવો

- અભ્યાસક્રમ મુખ્યત્વે ધોરણ ૧૨ના NCERT અભ્યાસક્રમ પર આધારિત છે.
- ઉમેદવારોએ યુનિવર્સિટી-વિશિષ્ટ વિષય આવશ્યકતાઓ કાળજીપૂર્વક તપાસવી જોઈએ.

### (ખ) વિભાગવાર તૈયારી

**ભાષા વિભાગ :**

- નિયમિતપણે વાંચન સમજણનો અભ્યાસ કરો.
- શબ્દભંડોળ અને વ્યાકરણમાં સુધારો કરો.
- પાછલા વર્ષોના પ્રશ્નપત્રો ઉકેલો.

**ડોમેન વિષયો :**

- ધોરણ ૧૨ માટેના NCERT પાઠ્યપુસ્તકો પર ધ્યાન કેન્દ્રિત કરો.
- મુખ્ય ખ્યાલો અને મહત્વપૂર્ણ વિષયોનું પુનરાવર્તન કરો.
- બહુવિધ પસંદગીના પ્રશ્નો ઉકેલો.

**સામાન્ય કસોટી :**

- સામાન્ય જ્ઞાન, વર્તમાન બાબતો, તર્કશક્તિ અને મૂળભૂત ગણિતની તૈયારી કરો.

- નિયમિતપણે અખબારો અને માસિક સામયિકો વાંચો.
- યોગ્યતા આધારિત પ્રશ્નો ઉકેલો.

**(ગ) સમય વ્યવસ્થાપન :**

- સંતુલિત સમયપત્રક બનાવો.
- શક્તિઓ અને નબળાઈઓ અનુસાર સમય ફાળવો.
- નિયમિતપણે વિભાગીય પરીક્ષણોનો અભ્યાસ કરો.

**(ઘ) મોક ટેસ્ટ અને વિશ્લેષણ**

- નિયમિતપણે મોક ટેસ્ટ આપો.
- પ્રદર્શનનું વિશ્લેષણ કરો અને નબળા ક્ષેત્રોને ઓળખો.
- નકારાત્મક માર્કિંગ ઘટાડવા માટે ચોકસાઈ પર ધ્યાન કેન્દ્રિત કરો.

## ૪. CUET પછી કારકિર્દીનો અવકાશ

CUET વિવિધ પ્રકારના અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશની તક પ્રદાન કરે છે, જે વિવિધ કારકિર્દીની તકો તરફ દોરી જાય છે.

**શૈક્ષણિક પ્રવાહો :**

- કલા સ્નાતક (માનવતા અને સામાજિક વિજ્ઞાન)
- વિજ્ઞાન સ્નાતક (B.Sc.)
- વાણિજ્ય સ્નાતક (B.Com.)

**વ્યાવસાયિક અભ્યાસક્રમો :**

- મેનેજમેન્ટ (BBA)
- માસ કમ્યુનિકેશન અને પત્રકારત્વ
- કાયદાના કાર્યક્રમો (પસંદગીકૃત યુનિવર્સિટીઓમાં)

**કારકિર્દીની તકો :**

- સ્નાતક થયા પછી નાગરિક સેવાઓ
- કોર્પોરેટ ક્ષેત્રની ભૂમિકાઓ (નાણા, માર્કેટિંગ, માનવ સંસાધન વિભાગ)
- સંશોધન અને શિક્ષણ
- મીડિયા અને સંચાર
- જાહેર નીતિ અને વહીવટ

**૫. ભલામણ કરેલ અભ્યાસ સામગ્રી :**

**પુસ્તકો :**

**ભાષા :**

- માનક વ્યાકરણ પુસ્તકો
- વાંચન સમજણ માટેની પ્રેક્ટિસ સામગ્રી

**ડોમેન વિષયો :**

- ધોરણ ૧૨ માટેના NCERT પાઠ્યપુસ્તકો
- સંદર્ભ પુસ્તકો (જરૂર મુજબ)

**સામાન્ય કસોટી :**

- માત્રાત્મક યોગ્યતાનાં પુસ્તકો
- તર્કશક્તિ પ્રેક્ટિસ પુસ્તકો
- વર્તમાન પ્રસંગોના સામયિકો

**૬. પ્રેક્ટિસ સંસાધનો**

- પાછલા વર્ષોના પ્રશ્નપત્રો
- ઓનલાઈન મોક ટેસ્ટ શ્રેણી

## ૭. ઉપયોગી ઓનલાઈન સંસાધનો

Unacademy, Physics Wallah, Adda247 અને BYJU'S જેવા શૈક્ષણિક પ્લેટફોર્મ પરીક્ષાની તૈયારી માટે વૈચારિક વ્યાખ્યાન, પુનરાવર્તન સત્રો અને અભ્યાસ ચર્ચાઓ પ્રદાન કરે છે.

## ૮. ટાળવા માટેની સામાન્ય ભૂલો

- યુનિવર્સિટી-વિશિષ્ટ આવશ્યકતાઓ તપાસવામાં બેદરકારી રાખવી.
- NCERT ની મૂળભૂત બાબતોને અવગણવી.
- મોક ટેસ્ટ પ્રેક્ટિસનો અભાવ.
- અયોગ્ય સમય વ્યવસ્થાપન.
- સામાન્ય કસોટી વિભાગની અવગણના.

## ૯. અંતિમ વ્યૂહરચના (પરીક્ષાલક્ષી)

- NCERT અભ્યાસક્રમ પર મજબૂત નિયંત્રણ જાળવી રાખો.
- નિયમિતપણે બહુવિધ પસંદગીના પ્રશ્નોનોની તૈયારી કરો.
- વિભાગવાર તૈયારી કરો.
- સતત સુધારો કરતા રહો.
- ચોકસાઈ અને અસરકારક સમય વ્યવસ્થાપન બંને પર ધ્યાન કેન્દ્રિત કરો.

## ૧૦. એક વાક્યમાં સારાંશ (પુનરાવર્તન માટે)

અગ્રણી યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે CUET માટે NCERT આધારિત તૈયારી, કાળજીપૂર્વક વિષય પસંદગી અને સતત અભ્યાસ જરૂરી છે.

## GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ)

**પરીક્ષાનું વિહંગાવલોકન, વ્યૂહરચના, કારકિર્દીનો અવકાશ અને અભ્યાસ સામગ્રી**

### ૧. GCAS ની ઝાંખી

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. GCAS એ ગુજરાતની વિવિધ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ, સંલગ્ન અને ભાગ લેનારી યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ (UG) અને પોસ્ટગ્રેજ્યુએટ (PG) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનું એક કેન્દ્રીય ઓનલાઈન પ્લેટફોર્મ છે.

GCAS વિદ્યાર્થીઓને એક જ પોર્ટલ દ્વારા વિવિધ કોલેજો અને અભ્યાસક્રમોમાં અરજી કરવાની સુવિધા આપે છે, જેના કારણે પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા, સરળતા અને એકરૂપતા જળવાઈ રહે છે.

**મુખ્ય વિશેષતાઓ :**

- **મોડ :** સંપૂર્ણ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા
- **માધ્યમ :** ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી
- **પ્રવેશ પ્રકાર :** મેરિટ આધારિત તથા કેટલીક યુનિવર્સિટીઓમાં પ્રવેશ પરીક્ષા આધારિત
- **ઉપયોગ :** UG, PG, B.Ed., LLB, LLM વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે
- **સુવિધા :** એક જ પોર્ટલ દ્વારા બહુવિધ કોલેજો અને કોર્સ માટે અરજી કરી શકાય છે
- **પ્રવેશ પ્રક્રિયા :** રજીસ્ટ્રેશન, દસ્તાવેજ ચકાસણી, પસંદગી અને પ્રવેશ પુષ્ટિ

### ૨. પ્રવેશ પ્રક્રિયાનું પેટર્ન (સરળ)

- GCAS ની પ્રવેશ પ્રક્રિયા સામાન્ય રીતે નીચે મુજબ હોય છે :

- ઓનલાઈન રજીસ્ટ્રેશન
- વ્યક્તિગત માહિતી અને શૈક્ષણિક વિગતો ભરવી
- જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા
- પસંદગી મુજબ કોલેજ અને કોર્સ પસંદ કરવા
- મેરિટના આધારે સીટ ફાળવણી
- પ્રવેશની પુષ્ટિ અને ફી ભરપાઈ

કેટલાક વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીઓ અલગ પ્રવેશ પરીક્ષા અથવા ઈન્ટરવ્યૂ પણ લઈ શકે છે.

**૩. તૈયારીની વ્યૂહરચના**

**(ક) પ્રવેશ પ્રક્રિયા સમજવી**

- GCAS પોર્ટલની સત્તાવાર માર્ગદર્શિકા ધ્યાનથી વાંચો.
- સંબંધિત યુનિવર્સિટી અને કોર્સની પાત્રતા તપાસો.
- જરૂરી દસ્તાવેજો અગાઉથી તૈયાર રાખો.

**(ખ) દસ્તાવેજોની તૈયારી**

સામાન્ય રીતે નીચેના દસ્તાવેજોની જરૂર પડે છે :

- ધોરણ ૧૦ અને ૧૨ ની માર્કશીટ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- આધાર કાર્ડ
- જાતિ પ્રમાણપત્ર (જરૂર મુજબ)
- આવક પ્રમાણપત્ર (જરૂર મુજબ)
- પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
- સહી (Signature)

### (ગ) કોર્સ અને કોલેજ પસંદગી

- પોતાનો રસ અને કારકિર્દી મુજબ કોર્સ પસંદ કરો.
- કોલેજની પ્રતિષ્ઠા, સ્થાન તથા સુવિધાઓ વિશે માહિતી મેળવો.
- અગાઉના વર્ષોની મેરિટ તપાસો.

### (ઘ) સમય વ્યવસ્થાપન :

- રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ પહેલાં અરજી પૂર્ણ કરી દો.
- દસ્તાવેજ ચકાસણીમાં વિલંબ ન કરો.
- પ્રવેશ રાઉન્ડ્સ અને સૂચનાઓ નિયમિતપણે તપાસો.

## ૪. GCAS પછી કારકિર્દીનો અવકાશ

GCAS દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે છે.

**મુખ્ય શૈક્ષણિક પ્રવાહો :**

- કલા પ્રવાહ (Arts)
- વિજ્ઞાન પ્રવાહ (Science)
- વાણિજ્ય પ્રવાહ (Commerce)
- મેનેજમેન્ટ અભ્યાસક્રમો
- કાયદાના અભ્યાસક્રમો
- શિક્ષણ અભ્યાસક્રમો

**કારકિર્દીની તકો :**

- સરકારી નોકરીઓ
- ખાનગી ક્ષેત્રની નોકરીઓ
- બેન્કિંગ અને નાણાકીય ક્ષેત્ર

- શિક્ષણ અને સંશોધન
- મીડિયા અને સંચાર
- મેનેજમેન્ટ અને ઉદ્યોગસાહસિકતા

**૫. ભલામણ કરેલ અભ્યાસ સામગ્રી :**

**પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી સામગ્રી :**

- સત્તાવાર GCAS માર્ગદર્શિકા
- સંબંધિત યુનિવર્સિટીની પ્રવેશ માહિતી પુસ્તિકા
- અગાઉના વર્ષોની મેરિટ યાદી

**અભ્યાસક્રમ આધારિત સામગ્રી :**

- NCERT પાઠ્યપુસ્તકો
- વિષયવાર સંદર્ભ પુસ્તકો
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પ્રેક્ટિસ પુસ્તકો

**૬. પ્રેક્ટિસ અને ઉપયોગી સંસાધનો**

- સત્તાવાર GCAS પોર્ટલ પર ઉપલબ્ધ માર્ગદર્શિકા
- ઓનલાઈન મોક ટેસ્ટ (જો લાગુ પડે તો)
- યુનિવર્સિટીની પ્રવેશ સૂચનાઓ
- અગાઉના વર્ષોના પ્રવેશના આંકડા

**૭. ઉપયોગી ઓનલાઈન સંસાધનો**

- સત્તાવાર GCAS પોર્ટલ
- GCAS Gujarat Portal
- વિદ્યાર્થી માર્ગદર્શિકા વિડિયો :
- GCAS Student Application Process Guide

શૈક્ષણિક પ્લેટફોર્મ અને યુનિવર્સિટીઓના સત્તાવાર પોર્ટલ પ્રવેશ પ્રક્રિયા, દસ્તાવેજ ચકાસણી અને કોર્સ પસંદગી માટે ઉપયોગી માહિતી પ્રદાન કરે છે.

## ૮. ટાળવા જેવી સામાન્ય ભૂલો

- ખોટી માહિતી દાખલ કરવી.
- જરૂરી દસ્તાવેજો સમયસર અપલોડ ન કરવા.
- અંતિમ તારીખ પછી અરજી કરવાનો પ્રયાસ કરવો.
- કોર્સ અને કોલેજની પસંદગીમાં ઉતાવળ કરવી.
- પ્રવેશ રાઉન્ડ્સની સૂચનાઓ નિયમિતપણે ન તપાસવી.

## ૯. અંતિમ વ્યૂહરચના (પ્રવેશલક્ષી)

- સત્તાવાર સૂચનાઓ નિયમિતપણે વાંચો.
- તમામ દસ્તાવેજો તૈયાર રાખો.
- યોગ્ય કોર્સ અને કોલેજ પસંદ કરો.
- સમયસર અરજી અને ફી ભરપાઈ કરો.
- મેરિટ અને પ્રવેશ રાઉન્ડ્સ પર નિયમિત નજર રાખો.

## ૧૦. એક વાક્યમાં સારાંશ (પુનરાવર્તન માટે)

GCAS ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેનું એક કેન્દ્રીય ઓનલાઈન પ્લેટફોર્મ છે, જેમાં સમયસર અરજી, યોગ્ય દસ્તાવેજો અને સમજદારીપૂર્વકની કોર્સ પસંદગી સફળ પ્રવેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

## TET/TAT (Teacher Eligibility Test) / (Teacher Aptitude Test)

## પરીક્ષાનું વિહંગાવલોકન, વ્યૂહરચના, કારકિર્દીનો વ્યાપ અને અભ્યાસ સામગ્રી

### ૧. TET/TAT ની ઝાંખી

ગુજરાત રાજ્યમાં સરકારી અને અનુદાનિત શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે TET (Teacher Eligibility Test) અને TAT (Teacher Aptitude Test) મહત્વપૂર્ણ પરીક્ષાઓ છે. આ પરીક્ષાઓ રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવે છે.

TET અને TAT બંને શિક્ષક બનવા માટે જરૂરી લાયકાત અને ક્ષમતા ચકાસવા માટે લેવામાં આવે છે.

**TET શું છે?**

TET એટલે Teacher Eligibility Test.

આ પરીક્ષા મુખ્યત્વે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે લેવામાં આવે છે.

**TET ના પ્રકાર**

**TET-૧**

- ધોરણ ૧ થી ૫ માટે શિક્ષક લાયકાત
- મુખ્યત્વે પ્રાથમિક શિક્ષક માટે

**TET-૨**

- ધોરણ ૬ થી ૮ માટે શિક્ષક લાયકાત
- ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે

**TAT શું છે?**

TAT એટલે Teacher Aptitude Test.

આ પરીક્ષા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી માટે લેવામાં આવે છે.

**TAT ના પ્રકાર**

**સેકન્ડરી TAT**

- ધોરણ ૯ અને ૧૦ માટે

**હાયર સેકન્ડરી TAT**

- ધોરણ ૧૧ અને ૧૨ માટે

## ૨. પરીક્ષાની મુખ્ય વિશેષતાઓ

**TET પરીક્ષા**

- **મોડ :** ઓફલાઈન (OMR આધારિત)
- **પ્રશ્ન પ્રકાર :** બહુવિધ પસંદગીના પ્રશ્નો (MCQ)
- **નેગેટિવ માર્કિંગ :** સામાન્ય રીતે નથી
- **ભાષા :** ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી

**મુખ્ય વિષયો**

- બાળ વિકાસ અને શિક્ષણશાસ્ત્ર
- ભાષા-૧
- ભાષા-૨
- ગણિત
- પર્યાવરણ અભ્યાસ / સામાજિક વિજ્ઞાન / વિજ્ઞાન

**TAT પરીક્ષા**

- **મોડ :** ઓફલાઈન / OMR આધારિત
- **પ્રશ્ન પ્રકાર :** MCQ
- **નેગેટિવ માર્કિંગ :** ભરતીના નિયમો મુજબ લાગુ પડી શકે છે
- વિષય આધારિત પ્રશ્નોનું પ્રમાણ વધારે હોય છે

**મુખ્ય વિભાગો**

- સામાન્ય જ્ઞાન
- શિક્ષણશાસ્ત્ર અને માનસશાસ્ત્ર
- ભાષા અને સંવાદક્ષમતા
- વિષય આધારિત પ્રશ્નો

## ૩. પરીક્ષાનું પેટર્ન (સરળ)

**TET-૧**

| **ક્રમ** | **વિષય** | **પ્રશ્નો** | **ગુણ** |
|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ અને શિક્ષણશાસ્ત્ર | ૩૦ | ૩૦ |
| ૨ | ભાષા-૧ | ૩૦ | ૩૦ |
| ૩ | ભાષા-૨ | ૩૦ | ૩૦ |
| ૪ | ગણિત | ૩૦ | ૩૦ |
| ૫ | પર્યાવરણ અભ્યાસ | ૩૦ | ૩૦ |
| | **કુલ** | **૧૫૦** | **૧૫૦** |

**TET-૨**

| **ક્રમ** | **વિષય** | **પ્રશ્નો** | **ગુણ** |
|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ અને શિક્ષણશાસ્ત્ર | ૩૦ | ૩૦ |
| ૨ | ભાષા-૧ | ૩૦ | ૩૦ |
| ૩ | ભાષા-૨ | ૩૦ | ૩૦ |
| ૪ | ગણિત અને વિજ્ઞાન / સામાજિક વિજ્ઞાન | ૬૦ | ૬૦ |
| | **કુલ** | **૧૫૦** | **૧૫૦** |

**TAT પરીક્ષા**

પરીક્ષાનું પેટર્ન ભરતીની સૂચના અનુસાર બદલાઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે નીચેના વિભાગો શામેલ હોય છે :

- સામાન્ય જ્ઞાન
- શિક્ષણશાસ્ત્ર
- વિષય આધારિત પ્રશ્નો
- ભાષા અને અભિવ્યક્તિ

## ૪. તૈયારીની વ્યૂહરચના

### (ક) અભ્યાસક્રમ સમજો

- સત્તાવાર અભ્યાસક્રમ સંપૂર્ણ વાંચો.
- વિષયવાર ટોપિક્સની યાદી બનાવો.
- જૂના પ્રશ્નપત્રોનું વિશ્લેષણ કરો.

### (ખ) સમય વ્યવસ્થાપન

- દૈનિક અભ્યાસ માટે નિશ્ચિત સમય નક્કી કરો.
- નબળા વિષયોને વધુ સમય આપો.
- દર અઠવાડિયે પુનરાવર્તન માટે સમય રાખો.

### (ગ) વિષયવાર તૈયારી

**બાળ વિકાસ અને શિક્ષણશાસ્ત્ર**

- શિક્ષણ પદ્ધતિઓ સમજો.
- બાળ માનસશાસ્ત્ર પર ધ્યાન આપો.
- શૈક્ષણિક સિદ્ધાંતો યાદ રાખો.

**ભાષા વિભાગ**

- વ્યાકરણનો નિયમિત અભ્યાસ કરો.
- વાંચન અને લેખન કૌશલ્ય વિકસાવો.
- શબ્દભંડોળમાં વધારો કરો.

**ગણિત**

- મૂળભૂત ખ્યાલો મજબૂત બનાવો.
- ઝડપ અને ચોકસાઈ પર ધ્યાન આપો.
- નિયમિત MCQ ની પ્રેક્ટિસ કરો.

**વિજ્ઞાન / સામાજિક વિજ્ઞાન**

- NCERT અને રાજ્ય પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરો.
- ચાર્ટ, નકશા અને આકૃતિઓનો ઉપયોગ કરો.
- મુખ્ય મુદ્દાઓની ટૂંકી નોંધો બનાવો.

**TAT વિષય આધારિત તૈયારી**

- ગ્રેજ્યુએશન અને પોસ્ટગ્રેજ્યુએશનના વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરો.
- વિષયવાર MCQ અને વર્ણનાત્મક પ્રશ્નોનો અભ્યાસ કરો.
- શિક્ષણ પદ્ધતિઓ અને વર્તમાન શિક્ષણ નીતિ સમજો.

**૫. મોક ટેસ્ટ અને પ્રેક્ટિસ**

- દરરોજ MCQ ઉકેલો.
- સમયમર્યાદામાં મોક ટેસ્ટ આપો.
- ભૂલોનું વિશ્લેષણ કરો.
- અગાઉના વર્ષોના પ્રશ્નપત્રો ઉકેલો.

**૬. કારકિર્દીનો અવકાશ**

TET/TAT પાસ કર્યા પછી શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ તકો ઉપલબ્ધ બને છે.

**સરકારી ક્ષેત્ર**

- પ્રાથમિક શિક્ષક
- ઉચ્ચ પ્રાથમિક શિક્ષક

- માધ્યમિક શિક્ષક
- ઉચ્ચતર માધ્યમિક શિક્ષક

**ખાનગી ક્ષેત્ર**

- ખાનગી શાળાઓમાં શિક્ષક
- કોચિંગ સંસ્થાઓમાં ફેકલ્ટી
- ઓનલાઈન શિક્ષણ પ્લેટફોર્મ પર શિક્ષક

**અન્ય તકો**

- શિક્ષણ સંશોધન
- શૈક્ષણિક સામગ્રી નિર્માણ
- સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક
- શિક્ષણ વહીવટ

## ૭. ભલામણ કરેલ અભ્યાસ સામગ્રી

### મુખ્ય પુસ્તકો

**TET માટે**

- GCERT પાઠ્યપુસ્તકો
- NCERT પાઠ્યપુસ્તકો
- બાળ વિકાસ અને શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો
- ગુજરાતી વ્યાકરણનાં પુસ્તકો

**TAT માટે**

- વિષય આધારિત સંદર્ભ પુસ્તકો
- શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો
- સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો
- અગાઉના વર્ષોના પ્રશ્નપત્રો

## ૮. ઉપયોગી ઓનલાઈન સંસાધનો

યુટ્યુબ ચેનલો

**વેબસાઈટ્સ**

- OJAS Gujarat
- Gujarat Education Department
- GCERT Portal

## ૯. ટાળવા જેવી સામાન્ય ભૂલો

- અભ્યાસક્રમ સંપૂર્ણ ન વાંચવો.
- માત્ર વાંચન પર આધાર રાખવો.
- નિયમિત પ્રેક્ટિસ ન કરવી.
- મોક ટેસ્ટ ન આપવી.
- સમય વ્યવસ્થાપનની અવગણના કરવી.
- નબળા વિષયોને ટાળવા.

## ૧૦. અંતિમ વ્યૂહરચના (પરીક્ષાલક્ષી)

- મૂળભૂત ખ્યાલો મજબૂત બનાવો.
- નિયમિત પુનરાવર્તન કરો.
- સમયમર્યાદામાં પ્રશ્નો ઉકેલવાની પ્રેક્ટિસ કરો.
- મોક ટેસ્ટ દ્વારા ચોકસાઈ વધારો.
- સત્તાવાર સૂચનાઓ અને અભ્યાસક્રમ પર ધ્યાન રાખો.

## ૧૧. એક વાક્યમાં સારાંશ (પુનરાવર્તન માટે)

TET/TAT પરીક્ષામાં સફળતા મેળવવા માટે મજબૂત વિષયજ્ઞાન, નિયમિત પ્રેક્ટિસ, યોગ્ય સમય વ્યવસ્થાપન અને સતત પુનરાવર્તન અત્યંત જરૂરી છે.

## ૨.૫

# વિદેશમાં અભ્યાસ : આંતરરાષ્ટ્રીય તકો

MyTankaria વેબસાઈટ પર વિદેશમાં અભ્યાસ અને જોબ સંબંધિત યુવાનો માટે વૈશ્વિક તકો અંગે વિગતવાર માહિતી અપડેટ કરવામાં આવે છે, જેમાં કેનેડા, અમેરિકા, યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં શૈક્ષણિક કાર્યક્રમો, શિષ્યવૃત્તિ અને ઈમિગ્રેશનનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં IELTS પરીક્ષાની તૈયારીની વ્યવહારુ રણનીતિઓ, ટંકારીઆ/ભરૂચના લોકોની સફળતાની વાતો અને ઈમિગ્રેશન સંબંધિત નાના મોટા અનુભવના આધારે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

**અભ્યાસની તકો :**

કેટલાક ઉદાહરણ.

**કેનેડા :** યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો (ડેટા સાયન્સ, $૨૦૦૦૦/વર્ષ), બ્રિટિશ કોલંબિયા (એન્જિનિયરિંગ).

**યુકે :** ઓક્સફોર્ડ (મેનેજમેન્ટ), લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ (લૉ, £૧૫૦૦૦/વર્ષ).

**ઓસ્ટ્રેલિયા :** મેલબોર્ન યુનિવર્સિટી (નર્સિંગ, $૨૫૦૦૦/વર્ષ).

**ઉદાહરણ :** અહમદે ટોરોન્ટોમાં ડેટા સાયન્સ કોર્સ પૂરો કર્યો અને $૫૦૦૦૦/વર્ષની નોકરી મેળવી.

**ઉદાહરણ :** સફિયા, જેણે યુકેમાં મેનેજમેન્ટ કોર્સ માટે અરજી કરી અને Chevening Scholarship મેળવવા IELTS ૭.૫ સ્કોર કર્યો.

**ઈમિગ્રેશન :**

**કેનેડા એક્સપ્રેસ એન્ટ્રી :** ૬૭ પોઈન્ટ્સ (શિક્ષણ, અનુભવ, IELTS સ્કોર ૬.૫+).

**યુકે :** Tier 4 વિઝા (અભ્યાસ પછી ૦૨ વર્ષનો વર્ક વિઝા).

**ઉદાહરણ :** ઈમરાને ૨૦૨૩માં Express Entry દ્વારા કેનેડા PR મેળવ્યું.

**શિષ્યવૃત્તિ :**

**Chevening Scholarship (UK) :** ૧૫૦૦ વિદ્યાર્થીઓ/વર્ષ, ફુલ ફંડિંગ.

**Vanier Scholarship (કેનેડા) :** PhD માટે $૫૦૦૦૦/વર્ષ.

**Australia Awards :** ઓસ્ટ્રેલિયામાં ફંડિંગ માટે.

**IELTS પરીક્ષાનું માળખું અને તૈયારી :**

IELTS એ વિદેશમાં અભ્યાસનો પાયો છે, જે ચાર કૌશલ્યો (લિસનિંગ, રીડિંગ, રાઈટિંગ, સ્પીકિંગ) નું મૂલ્યાંકન કરે છે અને ઓછામાં ઓછો ૬.૫-૭.૦ નો સ્કોર જરૂરી છે.

**લિસનિંગ :** ૪ વિભાગ, ૪૦ પ્રશ્નો, ૩૦ મિનિટ (દા.ત., ટેલિફોન વાતચીત).

**રીડિંગ :** 3 પેસેજ, ૬૦ મિનિટ (દા.ત., અખબારના લેખ).

**રાઈટિંગ :** ટાસ્ક ૧ (ગ્રાફ, ૧૫૦ શબ્દો), ટાસ્ક ૨ (નિબંધ, ૨૫૦ શબ્દો).

**સ્પીકિંગ :** ૧૧-૧૪ મિનિટ (દા.ત., “Your hometown” પર ચર્ચા).

**સમય વ્યવસ્થાપન :**

**દરરોજ ૨-૩ કલાક :** લિસનિંગ (૩૦ મિનિટ), રીડિંગ (૪૫ મિનિટ), રાઈટિંગ (૧ કલાક), સ્પીકિંગ (૩૦ મિનિટ).

**ઉદાહરણ :** ઈમરાને 3 મહિના સુધી દરરોજ BBC Learning English પોડકાસ્ટ સાંભળ્યા અને ૭.૫ સ્કોર મેળવ્યો.

**લિસનિંગ :**

TED Talks, IELTS Liz (YouTube) સાંભળો, નોંધ લો (દા.ત. આંકડા, મુખ્ય શબ્દો).

**રીડિંગ :**

The Guardian, National Geographic વાંચો; Skimming/Scanning ની પ્રેક્ટિસ કરો.

**ઉદાહરણ :** ફાતિમાએ Cambridge IELTS ૧૬ વાંચી અને ૭.૦ સ્કોર મેળવ્યો.

**રાઈટિંગ :**

**ટાસ્ક ૧ :** શબ્દભંડોળ (દા.ત., “rise", “decline”).

**ટાસ્ક ૨ :** નિબંધ ટેમ્પલેટ (પરિચય, ૨-૩ મુદ્દા, ઉપસંહાર).

**ઉદાહરણ :** યુનુસે IELTS Liz ના ટેમ્પલેટનો ઉપયોગ કરી રાઈટિંગમાં ૭.૦ સ્કોર મેળવ્યો.

**સ્પીકિંગ :**

Cambly/Italki પર નેટિવ સ્પીકર્સ સાથે ૧૫ મિનિટ/દિવસ પ્રેક્ટિસ.

**ઉદાહરણ :** શફીકે Cambly પર ૧૦ સેશન લીધા અને સ્પીકિંગમાં ૭.૦ સ્કોર મેળવ્યો.

**સંસાધનો :**

British Council (https://www.britishcouncil.in/),

IDP Education (https://www.idp.com/india/).

Cambridge IELTS 15-18, Barron's IELTS.

ભરૂચમાં British Council કોચિંગ (રૂ.૧૦૦૦૦-૪૦૦૦૦).

**ઉદાહરણ :** દીપીકાએ British Council ના ફ્રી ટેસ્ટ વાંચ્યા અને ૭.૦ સ્કોર મેળવ્યો.

**કેસ સ્ટડી :**

અશરફે 3 મહિના સુધી IELTS Liz અને British Council વેબસાઈટનો ઉપયોગ કરીને રાઈટિંગ ટેમ્પલેટ શીખીને નર્સિંગ કોર્સ માટે ૭.૫ સ્કોર મેળવ્યો.

ઈમરાને Cambly પર સ્પીકિંગ, BBC પોડકાસ્ટ અને ૭.૫ સ્કોર સાથે કેનેડાનો PR મેળવ્યો.

સફિયાએ, IELTS ૭.૫ સ્કોર સાથે, Chevening Scholarship મેળવી, યુકેમાં મેનેજમેન્ટ કોર્સમાં પ્રવેશ મેળવ્યો.

**ટિપ્સ :**

IELTS.org પરથી ફ્રી સેમ્પલ ટેસ્ટ ડાઉનલોડ કરો.

દર અઠવાડિયે ૦૨ નિબંધ લખો અને શિક્ષક પાસે તપાસ કરાવો.

**ચેકલિસ્ટ :**

[ ] શું તમે IELTS નું માળખું સમજી લીધું છે?

[ ] શું તમે દરરોજ ૨-૩ કલાક પ્રેક્ટિસનું આયોજન કર્યું છે?

[ ] શું તમે British Council/IDP ના ફ્રી ટેસ્ટ ડાઉનલોડ કર્યા છે?

[ ] શું તમે Cambly/Italki પર સ્પીકિંગ પ્રેક્ટિસ શરૂ કરી છે?

# 3

# રોજગાર શોધનારાઓ માટે માર્ગદર્શન

આજના સ્પર્ધાત્મક યુગમાં નોકરી શોધવી એ એક પડકારજનક કાર્ય હોઈ શકે છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને આયોજનથી આ પ્રક્રિયા સરળ અને સફળ બની શકે છે. રોજગાર શોધનારાઓએ સૌથી પહેલાં પોતાની રુચિ, કૌશલ્યો અને લક્ષ્યોને ઓળખવા જોઈએ. એક આકર્ષક અને વ્યવસાયિક રિઝ્યુમે (CV) તૈયાર કરવું જરૂરી છે, જેમાં તમારી શૈક્ષણિક લાયકાત, કાર્યનો અનુભવ અને વિશેષ કૌશલ્યોનો સમાવેશ થાય. આ ઉપરાંત, લિંક્ડઇન જેવા પ્લેટફોર્મ પર વ્યાવસાયિક પ્રોફાઇલ બનાવવી અને તેને અદ્યતન રાખવી એ આજના સમયમાં અનિવાર્ય છે. નેટવર્કિંગ પણ નોકરી શોધવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, તેથી ઉદ્યોગના વ્યાવસાયિકો, ભૂતપૂર્વ સહકર્મચારીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંપર્ક જાળવો.

નોકરીની શોધ દરમિયાન ધીરજ અને સકારાત્મક વલણ જાળવવું જરૂરી છે. જોબ પોર્ટલ્સ, કંપનીની વેબસાઇટ્સ અને રોજગાર મેળાઓ દ્વારા નોકરીની તકો શોધો. ઈન્ટરવ્યૂની તૈયારી માટે, સામાન્ય પ્રશ્નોની પ્રેક્ટિસ કરો અને તમારા કૌશલ્યોને રજૂ કરવાની રીત શીખો. ઈન્ટરવ્યૂ દરમિયાન આત્મવિશ્વાસ, સ્પષ્ટ વાતચીત અને કંપની વિશેનું પૂર્વજ્ઞાન તમને અલગ તારવે છે. નિષ્ફળતા કે અસ્વીકારથી નિરાશ ન થાઓ; તેને શીખવાની તક તરીકે સ્વીકારો. સતત પ્રયાસ, સ્વ-સુધારણા અને યોગ્ય તકની શોધથી તમે તમારી ઈચ્છિત નોકરી હાંસલ કરી શકશો.

## ૩.૧

## CV અને LinkedIn પ્રોફાઈલ : તમારી ઓળખ બનાવો

LinkedIn પ્રોફાઈલ અને સામાન્ય CV ઘણી સામ્યતા ધરાવે છે. જો કે, તે બંનેના મુખ્ય પાસાઓ અને ફોર્મેટ અલગ હોવાથી તેમની અસરો પણ અલગ છે. એક સારી CV અને LinkedIn પ્રોફાઈલ એમ્પ્લોયર્સને તમારી ક્ષમતાઓ દર્શાવે છે. આ પ્રકરણમાં વ્યવહારુ ટિપ્સ સાથે અધૂરી/નબળી પ્રોફાઈલની નકારાત્મક અસરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**CV/LinkedIn પ્રોફાઈલ બનાવવી :**

કોઈ પણ જોબ માટે તમારી કેટલી કાબેલિયત છે એની કોઈ જાણકારી નોકરીદાતા (employer) પાસે હોતી નથી, તેથી તમારી કાબેલિયત નોકરીદાતા સામે પુરવાર કરવાની સંપૂર્ણ જવાબદારી તમારી પોતાની છે. નોકરીદાતા પાસે ઘણી મોટી સંખ્યામાં અરજીઓ આવતી હોય છે. બધા અરજદારો કરતાં તમારી કાબેલિયત વધુ છે એ નોકરીદાતા સામે પુરવાર કરવા માટેની બે તકો પૈકી પહેલી તક તમારી CV/LinkedIn પ્રોફાઈલ છે અને બીજી તક ફક્ત ૧૦ થી ૩૦ મિનિટનું મૌખિક ઈન્ટરવ્યૂ છે. નોકરીદાતાએ તમારી પસંદગી શા માટે કરવી જોઈએ એ પુરવાર કરવાની આ બંને તકો માટે તમારી તૈયારી અને આત્મવિશ્વાસ ખૂબ જ મહત્વના છે. પ્રથમ તો તમારી કાબેલિયત પુરવાર કરવા માટે તમારી જાતને બરાબર તૈયાર કરો. તમને જે પણ આવડે છે, તમારી જે વિશિષ્ટતા અને ખાસ અનુભવ છે એ વિગતવાર જણાવી બીજા ઉમેદવારો કરતાં તમે કેમ વધુ યોગ્ય ઉમેદવાર છો એ એમ્પ્લોયરની સામે શરમાયા વગર પુરવાર કરો. જોબ માર્કેટનું હાલનું વલણ જોતાં મોટા ભાગની કંપનીઓ અને એજન્સીઓ CV અને LinkedIn પ્રોફાઈલ બંનેને મહત્વ આપી રહી છે.

તમારી CV અને LinkedIn પ્રોફાઈલને પૂરતો સમય ફાળવી ખૂબ કાળજીપૂર્વક અપડેટ કરો. તમારી LinkedIn પ્રોફાઈલમાં સંપૂર્ણ માહિતી આપો, કોઈપણ વિભાગ છોડશો નહીં. CV/LinkedIn પ્રોફાઈલ બનાવતાં પહેલાં જરૂરી રિસર્ચ કરો, જરૂર જણાય તો કોઈ તજજ્ઞ સાથે મુલાકાત કરી સલાહ સૂચનો મેળવો.

LinkedIn પ્રોફાઈલ્સના કેટલાક નમૂનાઓની લિંક્સ માર્ગદર્શન અને પ્રેરણાના સારા ઉદ્દેશ સાથે જે તે વ્યક્તિઓની આગોતરી પરવાનગી મેળવી અહીં નીચે આપેલ છે. આ પ્રોફાઈલ્સના નમૂનાઓ જેવી રૂપરેખાઓનું અન્વેષણ કરો અને આજે જ તમારી વ્યાવસાયિક LinkedIn પ્રોફાઈલ બનાવવાનું શરૂ કરો. આશા છે આપેલી લિંક્સ નવોદિતોના મનની અકળામણ/ઉદ્વેગ/ઉચાટ દૂર કરી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડશે.

૧. https://www.linkedin.com/in/nasirhusenlotiya/

૨. https://www.linkedin.com/in/mohmedmatin-manman-25120612/

૩. https://www.linkedin.com/in/amin-g-ipli-0a474173/

૪. https://www.linkedin.com/in/safvan-chati-207257124/

**CV ફોર્મેટ :** ૩-૫ પેજ, નામ, સંપર્ક, શિક્ષણ, અનુભવ, કૌશલ્યો.

**ઉદાહરણ :** શનાએ CVમાં Python અને Excel ઉમેર્યા, જેના પરિણામે IT ફર્મમાં ઇન્ટરવ્યૂ મળ્યું અને જોબ પણ મળી.

**LinkedIn પ્રોફાઈલ :**

પ્રોફેશનલ ફોટો, હેડલાઇન (દા.ત., ''Data Analyst | Python Expert'').

**સમરી :** ૮-૧૦ વાક્યમાં તમારો અનુભવ અને લક્ષ્ય.

**અધૂરી પ્રોફાઈલની અસર :** વિષય સંબંધિત તજજ્ઞો સાથેની ચર્ચા મુજબ, ૭૦% રિક્રૂટર્સ અધૂરી પ્રોફાઇલ નકારે છે.

**કેસ સ્ટડી :** મોહસીન અને ફરીદાએ LinkedIn પર પ્રોફાઈલ ઑપ્ટિમાઇઝ કરી અને દુબઈની કંપનીમાં HR જોબ મેળવી.

**ટિપ્સ**

CVમાં નવીનતમ પ્રોજેક્ટ્સ ઉમેરો.

LinkedIn પર દર અઠવાડિયે ૨-૩ રિક્રૂટર્સ સાથે જોડાઓ.

**ચેકલિસ્ટ**

[ ] શું CVમાં નવીનતમ અનુભવ ઉમેર્યો છે?

[ ] શું LinkedIn પર પ્રોફેશનલ ફોટો/સમરી ઉમેરી છે?

[ ] શું તમે રિક્રૂટર્સ સાથે જોડાયા છો?

નોંધ : CV/Resume અંગે વધુ વિગતવાર માહિતી માટે આ પુસ્તકના English version માં 3.1 Crafting a Standout CV and LinkedIn Profile—Your Gateway to Career Success જુઓ.

## ૩.૨

# નોકરીની શોધ : તકો શોધવાની રીત

નોકરીની શોધ એ ભરતી એજન્સીઓ અને જોબ પોર્ટલનો સમાવેશ કરતી એક વ્યવસ્થિત પ્રક્રિયા છે. આ પ્રકરણમાં ભારત, કેનેડા, યુએસએ, ગલ્ફના દેશો અને આફ્રિકા સહિત વિશ્વમાં તકોની વિગતો આપવામાં આવી છે.

### ભારતમાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

https://www.naukri.com/

https://in.indeed.com/

https://www.linkedin.com/

https://www.foundit.in/

https://www.glassdoor.co.in/

https://www.timesjobs.com/

https://www.shine.com/

https://www.herkey.com/

https://cutshort.io/

https://freshersworld.com

https://www.quikr.com/jobs

https://jobsora.com/

https://www.instahyre.com/

## કેનેડામાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

https://ca.indeed.com/

https://www.linkedin.com/

https://www.jobbank.gc.ca/

https://www.monster.ca/

https://www.glassdoor.co.in/Job/canada-canada-jobs

https://www.workopolis.com/

https://www.eluta.ca/

https://www.jobboom.com//fr

https://careerbuilder.ca

https://talentegg.ca

https://simplyhired.ca

https://www.careerjet.ca/

https://itjobs.ca

## અમેરિકામાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

(ગુગલમાં સર્ચ કરો)

Indeed

LinkedIn

Glassdoor

ZipRecruiter

FlexJobs—Best for remote, freelance, and flexible job seekers.

https://www.usajobs.gov/

Monster

Dice

SimplyHired

CareerBuilder

## યુકેમાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

(ગુગલમાં સર્ચ કરો)

Indeed

UK LinkedIn

Glassdoor

Totaljobs

https://www.reed.co.uk/

Adzuna

Monster UK

CV-Library

Jobsora

FlexJobs

## ગલ્ફના દેશોમાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

(ગુગલમાં સર્ચ કરો)

Bayt.com

GulfTalent

LinkedIn

Indeed

NaukriGulf

GulfCareers

Laimoon

Monster Gulf (Foundit Gulf)

Dubizzle

## આફ્રિકામાં ટોચના ૧૦ જોબ સર્ચ એન્જિન

http://www.linkedin.com/

http://www.jobberman.com/

http://www.careerjunction.co.za/

https://jobsearch.africa

http://www.africaonjobs.com/

http://www.careersinafrica.com/

http://www.caglobalint.com/

https://eastworka.com

http://www.workinafrica.com/

http://www.jobnetafrica.com/

૩.૩

# ઈન્ટરવ્યૂની તૈયારી : સફળતાનો પાયો

નોકરી મેળવવી એ એક કળા છે, જેમાં ઈન્ટરવ્યૂમાં સફળતા અને પગારની વાટાઘાટો મુખ્ય ભૂમિકા ભજવે છે. આ પ્રકરણમાં ઈન્ટરવ્યૂની તૈયારી, સામાન્ય પ્રશ્નોના જવાબો, પગારની વાટાઘાટોની રણનીતિ અને પ્રેરણાદાયી કેસ સ્ટડીઝ વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ બધું એક મહત્વના સંદેશ સાથે જોડાયેલું છે :"**There is no substitute for hard work**" (સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી). આ વાતને ધ્યાનમાં રાખીને, ચાલો આપણે ઈન્ટરવ્યૂ અને પગારની વાટાઘાટોની દુનિયામાં ઝંપલાવીએ.

### ઈન્ટરવ્યૂની તૈયારી :

ઈન્ટરવ્યૂમાં સફળતા મેળવવા માટે તૈયારી એ સૌથી મહત્વનું પગલું છે. સારી રીતે તૈયારી કરેલ ઉમેદવાર હંમેશા ઈન્ટરવ્યૂઅર પર સકારાત્મક છાપ ઊભી કરે છે. નીચે ઈન્ટરવ્યૂની તૈયારી માટેના મુખ્ય પાસાઓની ચર્ચા કરવામાં આવી છે :

### કંપની અને રોલનું સંશોધન

ઈન્ટરવ્યૂ પહેલાં, તમે જે કંપનીમાં અરજી કરી રહ્યા છો તેના વિષે ઊંડાણપૂર્વક માહિતી મેળવો. કંપનીના મિશન, વિઝન, ઉત્પાદનો, સેવાઓ અને તાજેતરના સમાચારોનો અભ્યાસ કરો. આ ઉપરાંત, જે રોલ માટે તમે ઈન્ટરવ્યૂ આપવા જઈ રહ્યા છો, તેની જવાબદારીઓ અને જરૂરી કૌશલ્યોને સમજો. આનાથી તમે ઈન્ટરવ્યૂમાં કંપનીની જરૂરિયાતો સાથે તમારી ક્ષમતાઓને જોડી શકશો.

**ઉદાહરણ** : ઘનશ્યામ પટેલે એક રિફાઇનરીમાં ઇન્ટરવ્યૂની તૈયારી માટે કંપનીની વેબસાઇટ, ઉદ્યોગના સમાચારો અને LinkedIn પર કંપનીના કર્મચારીઓની પ્રોફાઇલ્સનો અભ્યાસ કર્યો. આનાથી તેમણે ઇન્ટરવ્યૂમાં કંપનીની પ્રક્રિયાઓ અને તેમની કુશળતા વચ્ચે સંબંધ દર્શાવીને નોકરી મેળવી.

## સામાન્ય પ્રશ્નોની તૈયારી

ઇન્ટરવ્યૂમાં કેટલાક સામાન્ય પ્રશ્નો હંમેશા પૂછવામાં આવે છે. આ પ્રશ્નોના જવાબો અગાઉથી તૈયાર કરવાથી તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. નીચે કેટલાક સામાન્ય પ્રશ્નો અને તેના જવાબો આપવાની રીતો આપેલી છે :

"તમારી શક્તિઓ શું છે?"

જવાબમાં, તમારી એવી કુશળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો જે નોકરીની જરૂરિયાતો સાથે સુસંગત હોય. ઉદાહરણ : "હું ટીમ વર્કમાં નિષ્ણાત છું અને ડેડલાઇનનું ચુસ્તપણે પાલન કરું છું, જે મને ઝડપથી પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં મદદ કરે છે."

"તમારી નબળાઈઓ શું છે?"

નબળાઈ એવી બતાવો જે તમે સુધારી રહ્યા છો, અને તેનો નોકરી પર નકારાત્મક પ્રભાવ ન પડે. ઉદાહરણ : "પહેલાં હું નાની નાની બાબતો માટે ખૂબ વધારે સમય આપતો હતો, પરંતુ હવે હું સમય વ્યવસ્થાપન દ્વારા આ નબળાઈને સંતુલિત કરું છું."

આ રીતે, તમે નોકરી માટેના યોગ્ય ઉમેદવાર તરીકે પોતાની ઓળખ બનાવી શકો છો.

"આ જોબ શા માટે?"

કંપનીના મૂલ્યો અને તમારા કરિયર લક્ષ્યોને જોડીને જવાબ આપો. ઉદાહરણ : "આ કંપનીની નવીનતા અને ટેકનોલોજી પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ મારી કુશળતા અને લક્ષ્યો સાથે મેળ ખાય છે."

### મોક ઈન્ટરવ્યૂ

મોક ઈન્ટરવ્યૂ એ ઈન્ટરવ્યૂની પ્રેક્ટિસ કરવાનો શ્રેષ્ઠ રસ્તો છે. મિત્રો, સહકર્મીઓ અથવા કોચની મદદથી મોક ઈન્ટરવ્યૂનું આયોજન કરો. આનાથી તમને વાસ્તવિક ઈન્ટરવ્યૂની સ્થિતિનો અનુભવ થશે, અને તમે તમારા જવાબોને વધુ રીફાઇન કરી શકશો.

**કેસ સ્ટડી :** ઘનશ્યામ પટેલે તેમના મિત્રો સાથે મોક ઈન્ટરવ્યૂની પ્રેક્ટિસ કરી, જેનાથી તેમને ઈન્ટરવ્યૂમાં આત્મવિશ્વાસ સાથે જવાબ આપવામાં મદદ મળી. આના પરિણામે તેમણે રિફાઇનરીમાં એક પ્રતિષ્ઠિત નોકરી મેળવી.

### બોડી લેંગ્વેજ અને વાતચીતની શૈલી

ઈન્ટરવ્યૂમાં તમારી બોડી લેંગ્વેજ અને વાતચીતની શૈલી પણ ખૂબ મહત્વની છે. આંખનો સંપર્ક, સ્પષ્ટ ઉચ્ચારણ અને હકારાત્મક અભિગમ ઈન્ટરવ્યૂઅર પર સારી છાપ ઊભી કરે છે. ખાસ કરીને, તમારા જવાબો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ. અન્ય મહત્વપૂર્ણ પાસું એ છે કે તમારે આત્મવિશ્વાસ સાથે જવાબ આપવા જોઈએ, જેથી ઈન્ટરવ્યૂઅર તમારી જાણકારી અને કુશળતા સમજી શકે. આ રીતે, તમે ન માત્ર પોતાને, પરંતુ તમારી ક્ષમતાઓને પણ વધુ અસરકારક રીતે રજૂ કરી શકશો.

### પગારની વાટાઘાટો :

**સંશોધન :** બજાર દર (Market Rate) જાણો.

વાટાઘાટો શરૂ કરતા પહેલાં, તમે જે ઉદ્યોગ અને રોલ માટે અરજી કરી રહ્યા છો, તેના પગારના ધોરણોનું સંશોધન કરો. Glassdoor.com, PayScale.com, અને LinkedIn Salary જેવા પ્લેટફોર્મ્સ આ માટે ઉપયોગી છે. આ ઉપરાંત, અનુભવી મિત્રો અથવા સહકર્મીઓ સાથે ચર્ચા કરીને પગારના ધોરણોની માહિતી મેળવો.

**ઉદાહરણ :** ફરીદાએ Glassdoor.com પર દુબઈમાં માર્કેટિંગ મેનેજરના પગારનું સંશોધન કર્યું અને જાણ્યું કે બજાર દર $3000-$4000/મહિનો છે. આનાથી તેણે આત્મવિશ્વાસ સાથે $3500/મહિનાની ઓફર માટે વાટાઘાટો કરી.

## વાટાઘાટોની રણનીતિ

**પ્રથમ ઑફરનો તુરંત સ્વીકાર ન કરો :** કંપની દ્વારા આપવામાં આવેલી પ્રથમ ઑફર સામાન્ય રીતે નીચા દરે હોય છે. તેથી, હંમેશા અનુભવી લોકો સાથે ચર્ચાવિચારણા કરી 10-15% વધુ પગાર મેળવવા વાટાઘાટો કરો; કંપની તમારી ક્ષમતાને ધ્યાનમાં રાખી તમારી રજૂઆત ઉપર જરૂરથી વિચાર કરશે.

**કુશળતા અને અનુભવ પર ભાર મૂકો :** તમારી ખાસ કુશળતાઓ, અનુભવ અને ઉદ્યોગમાં તમે કંઈક નવું કરી શકો એવું પુરવાર કરવા પ્રયત્ન કરો.

**લવચીક બનો :** જો કંપની પગારમાં વધારો ન કરી શકે, તો અન્ય લાભો જેવા કે બોનસ, રજાઓ, અથવા વર્ક-ફ્રોમ-હોમની શક્યતાઓ પર ચર્ચા કરો. આ બધું ધ્યાનમાં રાખીને, તમારા ઈન્ટરવ્યૂ દરમિયાન સંવાદિતા અને સમજદારીનું મહત્વ ન ભૂલો. આ રીતે, તમે ન માત્ર જવાબો આપી શકો છો, પરંતુ ઈન્ટરવ્યૂઅર સાથે એક સકારાત્મક સંબંધ પણ સ્થાપિત કરી શકો છો, જે આખી પ્રક્રિયાને વધુ સુખદ બનાવશે.

## આત્મવિશ્વાસ દર્શાવો.

વાટાઘાટો દરમિયાન આત્મવિશ્વાસ ખૂબ જરૂરી છે. તમારી માગણીઓ હકીકતના ધોરણે રાખો, અને તેને યોગ્ય રીતે રજૂ કરો. ઉદાહરણ તરીકે, ''મારા અનુભવ અને કુશળતાને ધ્યાનમાં રાખીને, હું આશા રાખું છું કે આપણે $X ની આસપાસના પગાર પર સહમત થઈ શકીએ.''

**કેસ સ્ટડી :** ફરીદાએ LinkedIn પર ઈન્ટરવ્યૂ ટિપ્સનો અભ્યાસ કર્યો અને દુબઈમાં એક માર્કેટિંગ મેનેજરની નોકરી માટે ઈન્ટરવ્યૂ આપ્યો. તેણે આત્મવિશ્વાસ સાથે પોતાની કુશળતાઓ રજૂ કરી અને $3500/મહિનાની ઓફર મેળવી.

## ટિપ્સ : સફળતા માટેના સૂચનો

**મોક ઈન્ટરવ્યૂની પ્રેક્ટિસ :** મિત્રો, કુટુંબીજનો અથવા પ્રોફેશનલ કોચની મદદથી મોક ઈન્ટરવ્યૂનું આયોજન કરો. આનાથી તમે વાસ્તવિક ઈન્ટરવ્યૂમાં વધુ આરામદાયક અનુભવ કરશો.

**ઓનલાઈન સંસાધનોનો ઉપયોગ :** Glassdoor.com, LinkedIn અને Indeed જેવા પ્લેટફોર્મ્સ પર પગાર, ઇન્ટરવ્યૂ ટિપ્સ અને કંપનીની સમીક્ષાઓનું સંશોધન કરો.

**પ્રશ્નો તૈયાર કરો :** ઇન્ટરવ્યૂઅરને પૂછવા માટે ૨ - ૩ પ્રશ્નો તૈયાર રાખો, જેમ કે "આ રોલની લાંબા ગાળાની જવાબદારીઓ શું છે?" અથવા "કંપનીમાં ટીમ કલ્ચર કેવું છે?"

**ફોલો-અપ :** ઇન્ટરવ્યૂ પછી, ઇન્ટરવ્યૂઅરને આભારનો ઇમેઇલ મોકલો. આનાથી તમારી વ્યાવસાયિકતા દર્શાવાશે.

**ચેકલિસ્ટ :** ઇન્ટરવ્યૂની તૈયારી

[ ] શું તમે ઇન્ટરવ્યૂના સામાન્ય પ્રશ્નોની પ્રેક્ટિસ કરી છે?

[ ] શું તમે કંપની અને રોલનું સંશોધન કર્યું છે?

[ ] શું તમે પગારના બજાર દરનું સંશોધન કર્યું છે?

[ ] શું તમે મોક ઇન્ટરવ્યૂનું આયોજન કર્યું છે?

[ ] શું તમે ઇન્ટરવ્યૂઅરને પૂછવા માટે પ્રશ્નો તૈયાર કર્યા છે?

[ ] શું તમે ઇન્ટરવ્યૂ પછી ફોલો-અપ ઇમેઇલનું ફોર્મેટ તૈયાર કર્યું છે?

## નિષ્કર્ષ

ઇન્ટરવ્યૂ અને પગારની વાટાઘાટો એ નોકરી મેળવવાની પ્રક્રિયાના મુખ્ય ઘટકો છે. યોગ્ય તૈયારી, આત્મવિશ્વાસ અને વ્યૂહાત્મક અભિગમથી તમે ઇન્ટરવ્યૂમાં સફળતા મેળવી શકો છો અને તમારી કુશળતાને અનુરૂપ પગારની ઑફર મેળવી શકો છો. યાદ રાખો, "There is no substitute for hard work." તમારી મહેનત અને સમર્પણ તમને તમારી કારકિર્દીના લક્ષ્યો સુધી પહોંચાડશે.

# ૪

## સફળતા માટેના આવશ્યક જીવન કૌશલ્યો

સફળ કારકિર્દી બનાવવા માટે માત્ર શૈક્ષણિક લાયકાત અથવા ડિગ્રી પૂરતી નથી. આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિએ પોતાને સર્વાંગી રીતે વિકસાવવો જરૂરી છે. સાચી માનસિકતા, સમયનું યોગ્ય આયોજન, નવી ટેકનોલોજી સાથે આગળ વધવાની ક્ષમતા, લોકો સાથે જોડાવાની કળા અને જીવનમાં સંતુલન જાળવવાની સમજ – આ બધું મળીને જ સાચી સફળતા તરફ દોરી જાય છે.

આ પ્રકરણમાં આપણે એવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો વિશે જાણીશું, જે વિદ્યાર્થી અને નોકરી શોધનાર બંને માટે ઉપયોગી છે. આ કૌશલ્યો તમને માત્ર કારકિર્દીમાં જ નહીં, પણ જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવામાં મદદ કરશે.

### માનસિકતા અને પ્રેરણા

સફળતા મેળવવાની શરૂઆત મનથી થાય છે. જો તમારી માનસિકતા સકારાત્મક છે, તો તમે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ માર્ગ શોધી શકો છો. ઘણી વાર નિષ્ફળતા આવે ત્યારે લોકો નિરાશ થઈ જાય છે, પરંતુ સાચા અર્થમાં નિષ્ફળતા એક શીખવાનો અવસર છે.

પ્રેરણા હંમેશા બહારથી નથી મળતી; ઘણી વાર તે અંદરથી જ ઊભી કરવી પડે છે. તમારા લક્ષ્યો સ્પષ્ટ રાખો અને રોજ થોડું આગળ વધવાનો પ્રયત્ન કરો.

Self — discipline એ એવી શક્તિ છે, જે તમને સતત પ્રયત્નશીલ રાખે છે – જ્યારે મન ન હોય ત્યારે પણ.

### સમય વ્યવસ્થાપન અને પ્રોડક્ટિવિટી

સમય એ સૌથી કિંમતી સંપત્તિ છે. જે વ્યક્તિ સમયનો યોગ્ય ઉપયોગ કરે છે, તે જ સફળ બને છે. એક સારી યોજના (planning) તમને તમારા લક્ષ્ય સુધી ઝડપથી પહોંચવામાં મદદ કરે છે.

તમારા દિવસની શરૂઆત To — do list થી કરો. મહત્વના કામોને પ્રાથમિકતા આપો. Pomodoro Technique જેવી સરળ પદ્ધતિઓ એકાગ્રતા (concentration) વધારવામાં મદદ કરે છે.

વિલંબ (Procrastination), એટલે કામ ટાળવાની આદત, સફળતામાં સૌથી મોટો અવરોધ છે. નાના પગથિયાંથી શરૂઆત કરો — એક વાર શરૂઆત થઈ જાય, પછી આગળ વધવું સરળ બની જાય છે.

### ડિજિટલ સ્કિલ્સ અને ફ્રીલાન્સિંગ તકો

આજના સમયમાં digital skills વગર કારકિર્દી અધૂરી છે. Basic computer knowledge થી લઈને AI tools સુધી, નવી ટેકનોલોજી શીખવી સમયની જરૂરિયાત બની ગઈ છે.

ફ્રીલાન્સિંગ એ એક એવો વિકલ્પ છે જ્યાં તમે તમારા કૌશલ્યનો ઉપયોગ કરીને ઘરે બેઠા કમાણી કરી શકો છો. વિદ્યાર્થીઓ માટે આ એક ઉત્તમ તક છે – જેમાં તેઓ અભ્યાસ સાથે અનુભવ અને આવક બંને મેળવી શકે છે.

YouTube, Coursera અને Udemy જેવા platforms તમને નવી skills શીખવામાં મદદ કરે છે.

### Networking અને Personal Branding

"તમને શું આવડે છે" એટલું જ મહત્વનું નથી, પણ "તમને કોણ ઓળખે છે" એ પણ એટલું જ મહત્વનું છે. Networking દ્વારા, તમે નવી તકો મેળવી શકો છો.

LinkedIn જેવા professional platforms પર તમારી ઓળખ બનાવો. તમારું પ્રોફાઈલ અપડેટ રાખો અને નિયમિત રીતે પ્રવૃત્તિમાં જોડાયેલા રહો.

Personal branding એટલે તમારી એક અલગ ઓળખ બનાવવી – લોકો તમને તમારા કૌશલ્ય અને વર્તન માટે યાદ રાખે છે.

### કામ અને જીવનનું સંતુલન (Work – Life Balance)

સફળતા માટે સતત કામ કરવું જરૂરી છે, પરંતુ જીવનમાં સંતુલન જાળવવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. વધુ કામના દબાણથી burnout થઈ શકે છે, જે તમારા આરોગ્ય અને પ્રદર્શન બંનેને અસર કરે છે.

શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય બંનેનું ધ્યાન રાખવું જરૂરી છે. આરામ, હળવાશની પળો અને પરિવાર સાથેનો સમય પણ એટલો જ મહત્વનો છે જેટલું કામ મહત્વનું છે.

## કારકિર્દીમાં સામાન્ય ભૂલો અને તેનાથી શીખવા જેવી બાબતો

ઘણા લોકો કારકિર્દીમાં કેટલીક સામાન્ય ભૂલો કરે છે – જેમ કે બીજાને જોઈને નિર્ણય લેવો, માત્ર marks પર આધાર રાખવો અથવા shortcuts શોધવા.

સાચી સફળતા માટે જરૂરી છે કે તમે તમારા રસ અને ક્ષમતા મુજબ પસંદગી કરો. કૌશલ્ય વિકાસ (Skill development) પર ધ્યાન આપો અને સતત શીખતા રહો.

### પ્રેરણાદાયી વાર્તાઓ (Inspirational Stories)

### નિષ્ફળતા છતાં હાર ન માનનાર વિદ્યાર્થી

યાકુબ એક સામાન્ય વિદ્યાર્થી હતો. તે બે વખત સ્પર્ધાત્મક પરીક્ષામાં નિષ્ફળ ગયો. આસપાસના લોકો કહેતા કે "આ તારા માટે નથી." થોડા સમય માટે તે નિરાશ થયો, પરંતુ તેણે પોતાની ભૂલો સમજવી શરૂ કરી.

તેને સમજાયું કે તે માત્ર વાંચતો હતો, પણ યોગ્ય યોજના વગર. ત્યાર પછી તેણે સમયનું આયોજન કર્યું, મોક ટેસ્ટ આપ્યા અને પોતાની કમજોરીઓ પર કામ કર્યું.

ત્રીજી વખત તેણે પરીક્ષા આપી – અને આ વખતે તે સફળ થયો.

**સંદેશ :** નિષ્ફળતા અંત નથી, સુધારાની શરૂઆત છે.

### નાના ગામથી Digital સફળતા સુધી

અઝીઝ એક નાના ગામનો સામાન્ય વિદ્યાર્થી હતો. તેની પાસે મોટા શહેર જેવી સુવિધાઓ ન હતી; પરંતુ તેની પાસે શીખવાની ઇચ્છા હતી.

તે YouTube પરથી graphic design શીખ્યો. શરૂઆતમાં કોઈ કામ મળતું ન હતું, પરંતુ તેણે હાર માની નહીં. થોડા સમય પછી તેને Fiverr પર તેનો પહેલો project મળ્યો.

આજે અઝીઝ ઘરે બેઠા freelancing કરીને સારી આવક કમાઈ રહ્યો છે.

**સંદેશ :** સંજોગો નહીં, તમારી મહેનત તમારી ઓળખ બનાવે છે.

### સમયનો સાચો ઉપયોગ કરનાર વિદ્યાર્થી

હીના હંમેશા કહેતી કે "મારી પાસે સમય નથી." તેના પરિણામો પણ સામાન્ય જ આવતાં. એક દિવસ તેણે નક્કી કર્યું કે હવે સમયનો યોગ્ય ઉપયોગ કરવો છે.

તે દૈનિક સમયપત્રક બનાવવા લાગી, મોબાઈલનો ઉપયોગ ઓછો કર્યો અને Pomodoro technique અપનાવી.

થોડા જ મહિનામાં તેના ગુણ અને આત્મવિશ્વાસ બંનેમાં મોટો ફેરફાર જોવા મળ્યો.

**સંદેશ :** સમય બધાને સરખો મળે છે, ઉપયોગ જુદો હોય છે.

### આત્મવિશ્વાસ (Self – Confidence) થી સફળતા

અબ્દુલ ખૂબ હોશિયાર હતો, પણ તેને પોતાની જાત પર વિશ્વાસ ન હતો. હંમેશાં તે ઈન્ટરવ્યૂમાં જતાં પહેલાં ગભરાઈ જતો અને નાપાસ થતો.

પછી તેણે તૈયારી શરૂ કરી – અરીસા સામે બોલવાનું, મોક ઈન્ટરવ્યૂ આપવાનું. ધીમે ધીમે તેનો આત્મવિશ્વાસ વધ્યો.

એક દિવસ તેને એક સારી કંપનીમાં નોકરી મળી ગઈ.

**સંદેશ :** પોતાની જાત ઉપર વિશ્વાસ રાખશો તો જ દુનિયા તમને માનશે.

### સાચી દિશા પસંદ કરનાર વિદ્યાર્થી

આયસા પર પરિવારનું દબાણ હતું કે તે વિજ્ઞાન શાખામાં અભ્યાસ કરે, પરંતુ તેની પસંદગી વાણિજ્ય શાખા હતી. થોડું વિચાર્યા પછી તેણે પોતાની રીતે વાણિજ્ય શાખા પસંદગી કરી.

તેને વાણિજ્ય ક્ષેત્રમાં આગળ વધવું ગમતું હતું. આજે તે એક સફળ એકાઉન્ટન્ટ છે.

**સંદેશ :** બીજાને નહીં, પોતાને સાંભળો – તમારો માર્ગ તમે જ પસંદ કરો.

આ બધાં ઉદાહરણો આપણને એક જ વાત શીખવે છે – સફળતા માટે કોઈ ટૂંકો રસ્તો (shortcut) નથી. સતત મહેનત, યોગ્ય દિશા અને સકારાત્મક માનસિકતા જ તમને તમારા લક્ષ્ય સુધી પહોંચાડે છે.

આ બધા જીવન કૌશલ્યો તમને એક સારો વિદ્યાર્થી કે નોકરી શોધનાર જ નહીં, પણ એક સક્ષમ અને આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિ બનાવે છે.

યાદ રાખો — સફળતા એક મુસાફરી છે, એક ગંતવ્ય નહીં. દરરોજ થોડું સુધારો, નવી વસ્તુ શીખો અને તમારા લક્ષ્ય તરફ આગળ વધતા રહો.

**સારાંશ :**

- સકારાત્મક માનસિકતા રાખો.
- સમયનો યોગ્ય ઉપયોગ કરો.
- નવી skills શીખતા રહો.
- લોકો સાથે જોડાયેલા રહો.
- જીવનમાં સંતુલન જાળવો.

# ૫

# વ્યવહારિક જીવનની તૈયારી (Real-Life Readiness) : અભ્યાસથી કારકિર્દી સુધીનો બ્રિજ

આજના સમયમાં વિદ્યાર્થીઓ પાસે ડિગ્રી હોય છે, જ્ઞાન હોય છે – પણ જ્યારે તેઓ વાસ્તવિક જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે તેઓ ઘણીવાર ગૂંચવણ, અસુરક્ષા અને આત્મવિશ્વાસની કમી અનુભવે છે.

તેનું મુખ્ય કારણ એ છે કે અભ્યાસ અને વાસ્તવિક જીવન વચ્ચે મોટું અંતર છે.

આ પ્રકરણમાં આપણે તે કૌશલ્યો અને સમજ વિશે જાણીશું, જે તમને ''વાસ્તવિક જીવન માટે તૈયાર'' કરશે.

**૧. અભ્યાસથી કારકિર્દી સુધીનું પરિવર્તન**

**વિદ્યાર્થી જીવનમાં :**

- તમને માર્ગદર્શન મળે છે.
- બધું સુવ્યવસ્થિત હોય છે.

**પરંતુ કારકિર્દીમાં :**

- નિર્ણયો તમારે લેવા પડે છે.
- સ્પર્ધા વાસ્તવિક હોય છે.
- જવાબદારી તમારી હોય છે.

આ બદલાવને સમજવો ખૂબ જરૂરી છે.

''અભ્યાસ તમને પરીક્ષા માટે તૈયાર કરે છે, પરંતુ જીવન તમને વાસ્તવિકતા માટે પરખે છે.''

**૨. આરામદાયક પરિસ્થિતિમાંથી બહાર આવવું**

**ઘણા વિદ્યાર્થીઓ :**

- નવા કામોથી ડરે છે.
- જોખમ લેવા તૈયાર નથી.

પણ સાચી પ્રગતિ ત્યારે જ થાય છે જ્યારે તમે તમારી આરામદાયક પરિસ્થિતિ છોડો છો.

**નાના પગલાંથી શરૂઆત કરો :**

- નવા લોકો સાથે વાત કરો.
- નવી કુશળતા શીખો.
- જાહેરમાં ભાષણ આપવાનો પ્રયાસ કરો.

"તમારો વિકાસ ત્યારે શરૂ થાય છે, જ્યારે તમે તમારી આરામદાયક પરિસ્થિતિ છોડો છો."

**૩. નિષ્ફળતાના સમયે વ્યવહાર**

**નિષ્ફળતા મળે ત્યારે :**

- પોતાને દોષ ન આપો.
- કારણ શોધો.
- ફરી પ્રયત્ન કરો.

**યાદ રાખો :**

Fail = First Attempt In Learning

"નિષ્ફળતા જીવનનો એક ભાગ છે – પણ તેનું સંચાલન જ સફળતા નક્કી કરે છે."

**૪. બદલાવ સાથે ચાલવાની ક્ષમતા**

**આજના સમયમાં :**

- નોકરીઓ બદલાય છે.
- કુશળતાઓ જૂની થઈ જાય છે.

એટલે બદલાવ સાથે ચાલવાની ક્ષમતા ખૂબ જરૂરી છે.

**ઉદાહરણ :**

- ઑફલાઈનથી ઑનલાઈન કાર્ય
- AI સાધનોનો ઉપયોગ

"સમય સાથે બદલાવ સ્વીકારનાર જ આગળ વધી શકે છે."

**૫. નાણાકીય જાગૃતિ**

ઘણા વિદ્યાર્થીઓ કમાણી શરૂ કર્યા પછી પણ પૈસાનું આયોજન સારી રીતે કરી શકતા નથી.

**જરૂરી બાબતો :**

- બચત
- ખર્ચ નિયંત્રણ
- મૂળભૂત રોકાણની સમજ

**૫૦-૩૦-૨૦ નિયમ :**

- ૫૦% જરૂરિયાત
- ૩૦% ઈચ્છાઓ
- ૨૦% બચત

"શક્ય તેટલી બચત કર્યા પછી જ ખર્ચ કરો."

**૬. વ્યવસાયિક શિસ્ત અને વર્તન**

કારકિર્દીમાં તમારા વર્તનનો ખૂબ મોટો પ્રભાવ પડે છે.

**ધ્યાન રાખવાની બાબતો :**

- સમયપાલન
- યોગ્ય વેશભૂષા
- ઈમેઈલ શિસ્ત
- સન્માનપૂર્ણ સંવાદ

"તમારું વર્તન અને વલણ જ તમારી ઓળખ બનાવે છે."

**૭. કાર્યસ્થળની હકીકતો**

**કામની દુનિયામાં :**

- દરેક વ્યક્તિ મિત્ર નહીં હોય.

- ટીકા મળશે.
- દબાણ આવશે.

**સફળ લોકો :**

- ભાવનાત્મક રીતે મજબૂત હોય છે.
- વ્યવસાયિકતા જાળવે છે.

"વાસ્તવિક દુનિયામાં વચનો નહીં, પરંતુ પરિણામો મહત્વના હોય છે."

## ૮. વાસ્તવિક જીવનમાં સંબંધ નિર્માણ

ફક્ત ઑનલાઈન સંબંધ પૂરતા નથી.

**વાસ્તવિક સંબંધો :**

- સેમિનાર
- વર્કશોપ
- ઈન્ટર્નશિપ

લોકો સાથે સાચા સંબંધો બનાવો.

"તમારા સંબંધો જ તમારી સાચી સંપત્તિ છે."

## ૯. ઈન્ટર્નશિપ અને અનુભવનું મહત્વ

**ઈન્ટર્નશિપના ફાયદા :**

- પ્રાયોગિક જ્ઞાન
- ઉદ્યોગનો અનુભવ
- આત્મવિશ્વાસ

**અનુભવ :**

- સારી નોકરી મેળવવા માટે અનુભવ જરૂરી છે.

"અનુભવ એ જ્ઞાન અને નોકરી વચ્ચેનો સેતુ છે."

## ૧૦. નિર્ણય અને ધ્યાન વિચલન વચ્ચેનો તફાવત

**(Decision vs Distraction)**

**આજના યુગમાં :**

- ધ્યાન વિચલિત કરે એવા ઘણા પરિબળો છે. (મોબાઈલ, સામાજિક માધ્યમો)

**સફળ લોકો :**

- ધ્યાન કેન્દ્રિત રાખે છે.
- પ્રાથમિકતાઓ સ્પષ્ટ રાખે છે.

"સફળ લોકો ધ્યાન કેન્દ્રિત રાખે છે, જેઓ ધ્યાન કેન્દ્રિત રાખતા નથી તેઓ ભટકતા રહે છે."

## ૧૧. સ્વ-વ્યવસ્થાપન

**તેમાં સામેલ છે :**

- સમય
- ભાવનાઓ
- ઊર્જા

દૈનિક આયોજન બનાવો.

"જે વ્યક્તિ પોતાને સંભાળી શકે છે, તે બધું સંભાળી શકે છે."

## ૧૨. વિકાસશીલ વિચારસરણી

**સ્થિર વિચારસરણી :**

"હું આ કરી શકતો નથી."

**વિકાસશીલ વિચારસરણી :**

"હું શીખી શકું છું."

સફળતા માટે વિકાસશીલ વિચારસરણી જરૂરી છે.

"હું શીખી શકું છું – આ વિચાર જ તમને આગળ લઈ જાય છે."

## ૧૩. શિસ્ત અને પ્રેરણા

પ્રેરણા થોડા સમય માટે હોય છે.

શિસ્ત લાંબા સમય સુધી રહે છે.

**રોજના નાના નિયમો :**

- સમયસર ઊઠવું.
- રોજનું કામ રોજ પૂર્ણ કરવું.

"શિસ્ત તમને સતત આગળ લઈ જાય છે."

## ૧૪. ડિજિટલ જવાબદારી

**ડિજિટલ યુગમાં :**

- તમારું ઑનલાઇન વર્તન પણ મહત્વનું છે.

**ધ્યાન રાખો :**

- સામાજિક માધ્યમોનો ઉપયોગ
- ઑનલાઇન પ્રતિષ્ઠા

"તમારી ઑનલાઇન ઓળખ જ તમારી નવી ઓળખ છે – તેને સાચવો. "

## ૧૫. વાસ્તવિક જીવનના ઉદાહરણો

**કેસ ૧ :** નોકરી માટે તૈયાર વિદ્યાર્થી

રિઝવાન પાસે ડિગ્રી હતી અને કૌશલ્ય પણ. તેણે ઇન્ટર્નશિપ કરી અને ૦૬ મહિનામાં નોકરી મેળવી.

**પાઠ :** ડિગ્રી **+** કૌશલ્ય = સફળતા

**કેસ ૨ :** ઓવર કોન્ફિડન્ટ ગ્રેજ્યુએટ

"એક વિદ્યાર્થીએ તૈયારી કર્યા વગર ઇન્ટરવ્યુમાં હાજરી આપી અને નિષ્ફળ રહ્યો."

**પાઠ :** આત્મવિશ્વાસ **+** તૈયારી જરૂરી છે

**કેસ ૩ :** સ્માર્ટ લર્નર

એક વિદ્યાર્થીએ કૉલેજ સાથે ફ્રીલાન્સિંગ શરૂ કર્યું અને ગ્રેજ્યુએશન સુધીની આવક મેળવી.

**પાઠ :** પ્રારંભિક ક્રિયા મહત્વપૂર્ણ છે.

## ૧૬. પ્રાયોગિક ચેકલિસ્ટ

[ ] CV તૈયાર છે?

[ ] LinkedIn પ્રોફાઈલ સુધારેલી છે?

[ ] મૂળભૂત કુશળતાઓ છે?

[ ] સંવાદ કૌશલ્ય છે?

[ ] નાણાકીય સમજ છે?

## ૧૭. કામોનું આયોજન

**આજથી શરૂ કરો :**

- એક કુશળતા શીખો.
- એક પુસ્તક વાંચો.
- એક માર્ગદર્શક શોધો.

## ૧૮. અંતિમ સંદેશ

જીવનમાં સફળ થવા માટે માત્ર ડિગ્રી પૂરતી નથી – તમારે "વાસ્તવિક જીવન માટે તૈયાર" રહેવું પડશે.

"ફક્ત ડિગ્રી ધારક નહીં, પરંતુ મૂલ્ય સર્જનાર બનો."

## વિસ્તૃત સારાંશ

- આરામદાયક પરિસ્થિતિમાંથી બહાર આવો.
- નિષ્ફળતાથી શીખો.
- બદલાવ સ્વીકારો.
- નાણાકીય સમજ વિકસાવો.

- વ્યવસાયિક વર્તન રાખો.
- વાસ્તવિક અનુભવ મેળવો.

# ૯

# ઉપસંહાર : તમારી સફળતાની શરૂઆત

આ પુસ્તક તમને તમારી કારકિર્દીનું આયોજન કરવા અને તમારા લક્ષ્યોને હાંસલ કરવા માટે વ્યવહારુ, સરળ અને અસરકારક માર્ગદર્શન પૂરું પાડે છે. આ પુસ્તકનો મુખ્ય સંદેશ છે : ''It's not enough to do your best; you've got to know what's best for you and then do your best.'' આ વિચારધારા તમને તમારી ક્ષમતાઓને ઓળખવા, તમારા લક્ષ્યોને સ્પષ્ટ કરવા અને તેને હાંસલ કરવા માટે યોગ્ય દિશામાં આગળ વધવા પ્રેરણા આપે છે. આપણે આપણા જીવનમાં સફળતા મેળવવા માટે પ્રેરણા અને માર્ગદર્શન બંનેની જરૂર હોય છે. આ પુસ્તકમાં પ્રસ્તુત વ્યૂહરચનાઓને અનુસરવાથી, તમે તમારી કારકિર્દીમાં મહત્વપૂર્ણ પગલાં ઉઠાવી શકો છો, જે તમારા લક્ષ્યોને હકીકતમાં બદલવામાં મદદ કરશે.

આ પુસ્તક તમને વિવિધ સાધનો, વ્યૂહરચનાઓ અને પ્રેરક વિચારો પ્રદાન કરે છે જે તમારી કારકિર્દીને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે. જોકે, આ ફક્ત શરૂઆત છે. સફળતાનો માર્ગ એક સતત પ્રક્રિયા છે જેમાં નવી વસ્તુઓ શીખવાની, નવી તકો સાથે પોતાને જોડવાની અને આધુનિક સંસાધનોનો ઉપયોગ કરવાની જરૂર છે. નીચે જણાવેલ સંસાધનોનો ઉપયોગ કરી આગળ વધો અને સફળતા મેળવો.

### વધુ માહિતી માટેના સંસાધનો

**LinkedIn :** આ વૈશ્વિક પ્લેટફોર્મ તમને વ્યાવસાયિક નેટવર્કિંગ, નોકરીની તકો અને ઉદ્યોગના નવીનતમ વલણો વિશે માહિતી પ્રદાન કરે છે. LinkedIn નો ઉપયોગ કરીને તમે તમારું વ્યાવસાયિક પ્રોફાઇલ બનાવી શકો છો, નવા સંપર્કો બનાવી શકો છો અને તમારી કારકિર્દીને નવો આયામ આપી શકો છો.

**MyTankaria વેબસાઈટ :** આ વેબસાઇટ યુવાનો અને યુવતીઓ માટે કારકિર્દીના આયોજન અને વ્યક્તિગત વિકાસ માટેનું એક અમૂલ્ય સાધન છે. અહીં તમને કારકિર્દી સલાહ, નોકરીની તકો, નેટવર્કિંગની ટિપ્સ અને વ્યવહારુ માર્ગદર્શન મળશે. આ વેબસાઇટની મુલાકાત લઈને તમે તમારી કુશળતાઓને વધુ નિખારી શકો છો અને તમારા લક્ષ્યોને હાંસલ કરવા માટેની નવી રીતો શોધી શકો છો.

## મુખ્ય મુદ્દા

**પ્રેરણા અને આત્મવિશ્વાસ** : સફળતાનો પાયો સતત પ્રયાસ અને આત્મવિશ્વાસ પર નિર્મિત છે. જ્યારે તમે તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો છો અને સતત પ્રયત્નો કરો છો, ત્યારે કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી. આ પુસ્તકે તમને બતાવ્યું છે કે કેવી રીતે પડકારોને પાર કરીને તમે તમારી કારકિર્દીમાં આગળ વધી શકો છો.

**વાસ્તવિક સફળતાની વાત** : ભરૂચના મુસ્તાકનું ઉદાહરણ આપણને બતાવે છે કે યોગ્ય સંસાધનો અને સમર્પણ સાથે કેવી રીતે મોટી સફળતા મેળવી શકાય છે. મુસ્તાકે LinkedIn નો ઉપયોગ કરીને કેનેડાની એક અગ્રણી ટેક કંપનીમાં રિમોટ જોબ મેળવી, જે દર્શાવે છે કે નેટવર્કિંગ અને સતત પ્રયાસો કેવી રીતે તમારા સપનાઓને વાસ્તવિકતામાં બદલી શકે છે.

## આગળનું પગલું

આ પુસ્તકનું સમાપન એ તમારી સફળતાની શરૂઆત છે. હવે તમારે આ બધી શીખેલી બાબતોને તમારા જીવનમાં લાગુ કરવાનો સમય છે. LinkedIn પર તમારું પ્રોફાઇલ બનાવો અથવા અપડેટ કરો, અને ઓડિયો ક્લિપ્સ દ્વારા નવી પ્રેરણા મેળવો. તમારી કારકિર્દીની સફર હવે શરૂ થાય છે, અને તેની દરેક ક્ષણમાં તમે તમારા લક્ષ્યોની નજીક જઈ રહ્યા છો. સતત આગળ વધો, શીખતા રહો, અને તમારી સફળતાને આકાર આપો.

# ૭

# QR Code

Career Guidance page : https://www.mytankaria.com/people/career-guidance

**રોજગાર શોધનારાઓ માટે માર્ગદર્શન**

ડીગ્રી મેળવ્યા પછી નોકરી મેળવવામાં નિષ્ફળતાનું સૌથી મોટું કારણ ઈન્ટરવ્યૂના મહત્વનું ઓછું આંકલન અને જરૂરી તૈયારીનો અભાવ છે. આજના ઝડપી અને તીવ્ર સ્પર્ધાત્મક યુગમાં, ઈન્ટરવ્યૂ માત્ર તમારા જ્ઞાન અને કૌશલ્યની પરીક્ષા જ નથી, પરંતુ તમારી યોગ્ય તૈયારી, અડગ આત્મવિશ્વાસ અને અસરકારક પ્રસ્તુતિનું પણ તેજસ્વી મૂલ્યાંકન છે. અસંખ્ય ઉમેદવારો વચ્ચે તમારી પસંદગી થાય એ માટે, તમારી દાવેદારીને શક્તિશાળી અને અનોખી રીતે રજૂ કરવા માટે સંશોધનાત્મક અને વ્યૂહાત્મક તૈયારી અનિવાર્ય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને બીજું એક પુસ્તક 'ઈન્ટર્વ્યુની તૈયારી : પ્રશ્નો, જવાબો અને સફળતાની ચાવી' ટૂંક સમયમાં પ્રકાશિત થશે. ૪૦૦થી વધુ પેજના એ પુસ્તકનો હેતુ નવા અને અનુભવી ઉમેદવારોને ઈન્ટરવ્યૂમાં સફળતા મેળવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપવાનો છે. પુસ્તકના પ્રથમ ભાગમાં સમાવિષ્ટ સામાન્ય ઈન્ટરવ્યૂ પ્રશ્નો અને તેના સચોટ જવાબો બધા વ્યવસાય માટે ઉપયોગી છે. બીજા ભાગમાં ૩૦થી વધુ વ્યવસાયોના ખાસ ઈન્ટરવ્યૂ પ્રશ્નો અને તેના સચોટ જવાબોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સિવિલ, મિકેનિકલ, QA-QC, કોમ્પ્યુટર સાયન્સ જેવા એન્જિનિયરિંગ ક્ષેત્રો, આઈ.ટી. આઈ. પાસ ઉમેદવારો ઉપરાંત શિક્ષક, એકાઉન્ટન્ટ, બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, કલાર્ક જેવા નોન-એન્જિનિયરિંગ વ્યવસાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તક, કાર, ફ્રીઝ, એ.સી. અને કોમ્પ્યુટર જેવા રોજિંદા વપરાશના સાધનો વિશે જરૂરી અને વ્યવહારુ માહિતી મેળવવા ઈચ્છતા લોકો તથા પોતાના સ્વપ્નનું ઘર બનાવવા માંગતા વ્યક્તિઓના જ્ઞાનને પણ નવી ઊંચાઈઓ પર લઈ જશે.

# : CONTACT INFO :

**HEAD OFFICE:**
**WBVF Head Quarter, Arzoo Society, Service Road,**
**Jambusar-Bypass, Bharuch, Gujarat 392001**

**Phone : +91 87580 38623**
**Email : bharuchvf@gmail.com**
**Web : www.thewbvf.com**

**Follow us :**

# કલમથી ક્લિક સુધી: લેખકના પુસ્તકો, ડિજિટલ મીડિયામાં યોગદાન અને એવોર્ડ

## ગુજરાતી પુસ્તકો :

૧. કારકિર્દીની નવી ક્ષિતિજો: પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, મેટ્રો, સ્ટેડિયમ, એરપોર્ટ અને અન્ય ઉદ્યોગો (2026)

૨. કારકિર્દી માર્ગદર્શન: તમારી સફળતાનો પાયો (2026)

૩. ઈન્ટરવ્યૂની કળા: પ્રશ્નો, જવાબો અને સફળતાની ચાવી (2026) – ૩૦થી વધુ વ્યવસાયો માટે વિશેષ માર્ગદર્શિકા

૪. ચાલો ગઝલ શીખીએ: ગઝલની મધુર દુનિયામાં પગ મૂકો (2024)

૫. ટંકારીઆ: ઈતિહાસની રોશનીમાં – ટંકારીઆના ઈતિહાસનાં સુવર્ણ પૃષ્ઠો (2023)

## English-Language Books :

1. Career Guidance: Building Your Path to Success (2026)
2. Tankaria: The Village of Four Brothers – A Timeless Legacy (2007). Updated Online Edition (2025)

## Technical Books (English):

1. Ultrasonic Testing (UT): Principles & Professional Applications (2026)
2. Magnetic Particle Testing (MT): A Complete Guide for Excellence (2026)
3. જિદ્દાહના કિંગ અબ્દુલઅઝીઝ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં QA/QC Manager અને દોહાના હમદ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં Lead Structural QA/QC Engineer તરીકેની જવાબદારીઓ દરમિયાન તેમણે તકનીકી જ્ઞાનના દસ્તાવેજીકરણ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું. તેમના કરાર હેઠળની મહત્વપૂર્ણ ફરજોના ભાગરૂપે તેમણે કુલ ૨૨ ટેક્નિકલ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું.

## એવોર્ડ્સ :

1. 'Six Sigma Professional Award' (Hamad International Airport – Doha, Qatar) (2012)
2. 'Author Excellence Award' (World Bharuchi Vahora Federation) (2026)

## YouTube Channel :

Tankaria Channel : 🌐 https://www.youtube.com/@TankariaChannel

## વેબસાઈટ્સ (સર્જક/એડમિન) :

1. www.tankaria.wetpaint.com (Creator) (2007) – ટંકારીઆ ગામની પ્રથમ વેબસાઈટ; ૨૦૧૫માં MyTankaria વેબસાઈટ સાથે મર્જ કરવામાં આવી હતી.
2. www.gujarattoday.wetpaint.com (Creator) (2008) – સમાચારપત્ર
3. www.tankariahighschool.wetpaint.com (Creator) (2009)
4. www.mytankaria.com (Admin) – ટંકારીઆના ઈતિહાસ, લોકો અને સમાજનું જીવંત ડિજિટલ આર્કાઈવ